Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૮૯
તા.૦૨-૦૫-૨૦૧૮, બુધવાર
સંવત ૨૦૭૪ વૈશાખ વદ - ૦૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૭ સૂર્યાસ્ત : ૦૭:૦૬

તાપમાન
ડીસા ૪૨.૯ | વડોદરા ૪૧.૦
અમદાવાદ ૪૨.૭ | સુરત ૩૩.૮
ગાંધીનગર ૪૨.૮ | નલિયા ૩૫.૪

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૧,૮૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

સરહદી બનાસકાંઠાનું ૫૦ વર્ષ જૂનું સપનું સાકાર...

બનાસ મેડિકલ કોલેજને એમસીઆઈની મંજૂરી

વિરોધના વંટોળ વચ્ચે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના પ્રયાસો ફળ્યા : સ્વ.ગલબાભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સૂચિત બનાસ મેડિકલ કોલેજને એમબીબીએસની ૧૫૦ બેઠકોની મંજૂરી અપાઈ....

ગાંધીનગર

ગુજરાત સરકારના સંનિષ્ઠ પ્રયાસો થકી તબીબી શિક્ષણ ક્ષેત્રે રાજ્યમાં નવી ૩૭૦ બેઠકો મંજુર કરાઈ છે જેમાં ગુજરાતના જામનગર, સુરત અને વડોદરા ખાતેની સરકારી ઉપરાંત બનાસકાંઠાના મુખ્યમથક પાલનપુર ખાતે નવી સ્થપાનાર બનાસ મેડિકલ કોલેજ માટે પણ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ ૧૫૦ બેઠકોની મંજુરી આપી દીધી છે.આ સાથે ગુજરાતમાં મેડિકલ કોલેજોમાં ૩૭૦ બેઠકોનો વધારો થતાં હવે રાજ્યમાં એમ.બી.બી.એસ.ની ૪૨૦૦ બેઠકો ઉપલબ્ધ થશે. અલ્પવિકસીત અને સરહદી બનાસકાંઠા જિલ્લાના તેજસ્વી અને હોનહાર વિદ્યાર્થીઓને ઘર આંગણે જ તબીબી અભ્યાસની સવલત મળે તેવું સપનું બનાસવાસીઓ છેલ્લા ૫૦ વર્ષથી જોઈ રહ્યા હતા ત્યારે બનાસ ડેરીના વર્તમાન ચેરમેન શંકરભાઇ ચૌધરીએ બનાસ વાસીઓના આ સપનાને પાંખો આપી પાલનપુર ખાતે બનાસ ડેરીના સ્થાપક એવા ગલબાભાઈ પટેલના નામે ચાલતા ચેરીટેબલ ટ્રસ્ટના બેનર હેઠળ પાલનપુર ખાતે જ સ્વનિર્ભર મેડિકલ કોલેજ શરૂ કરવાની હામ ભીડતા રાજ્ય સરકારે પણ બનાસકાંઠામાં મેડિકલ કોલેજનું સપનું સાકાર કરવામાં દરેક તબક્કે પૂરતો સહયોગ આપ્યો હતો. રાજ્ય સરકારે પાલનપુરની મેડિકલ કોલેજ માટે સિવિલ હોસ્પિટલનું સંચાલન પણ આ સંસ્થાને સોંપવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી હતી.જોકે બનાસકાંઠાના વિકાસને વધુ વેગ આપે તેવા આ કાર્યમાં શંકરભાઇ ચૌધરીને સહયોગ ઓછો પણ અપયશ આપવાના ભરપૂર પ્રયાસો થયા હતા. સિવિલ બચાવ સમિતિના નેજા હેઠળ પાલનપુરની સિવિલ હોસ્પિટલના ખાનગી કરણના વિરોધના નામે મેડિકલ કોલેજના આડકતરા વિરોધ માટે મેદાનમાં ઉતરેલા વિરોધીઓએ એમસીઆઈની ટીમના આગમન વખતે પણ વિરોધ કરવામાં કાઈ બાકી રાખ્યું નહોતું. જોકે છેવટે બનાસવાસીઓની લાગણી અને શંકરભાઇ ચૌધરીના સંનિષ્ઠ પ્રયાસો ફળીભૂત થયા છે અને બનાસકાંઠામાં મેડિકલ કોલેજના ૫૦ વર્ષ જુના સપનાને મૂર્ત રૂપ મળી ગયું છે. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ સ્થિતિના તલસ્પર્શી અભ્યાસ કર્યા બાદ સૂચિત બનાસ મેડિકલ કોલેજને મંજૂરી આપી દેતાં બનાસવાસીઓનો ઉત્સાહ સ્વાભાવિક રીતે

અનુસંધાન પાના નં.૬

નામદાર રાહુલ પાસે કોઇ અપેક્ષાઓ રાખી શકાય નહી : મોદી

કર્ણાટકમાં ચૂંટણી પ્રચારમાં રાહુલ કોઇપણ કાગળો હાથમાં લીધા વગર ૧૫ મિનિટ કોઇપણ ભાષામાં સરકારની સિદ્ધિઓ ગણાવી આપે : મોદી

ચામરાજનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કર્ણાટકમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી. આની સાથે જ કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી માટે રાજકીય ગરમી ચરમસીમા ઉપર પહોંચી ગઈ છે. મોદીએ આજે મૈસુરુ, ઉડુપ્પી અને બેલગામીમાં ચૂંટણી સભા સંબોધી હતી અને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીના ૧૫ મિનિટના પડકારને સ્વિકારતા તેમને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. કર્ણાટકના ચામરાજનગરના સંધામારાહલ્લીની ચૂંટણી સભામાં મોદીએ રાહુલ ગાંધી પર એક પછી એક પ્રહારો કર્યા હતા. છેલ્લા કેટલાક સમયથી રાહુલ દ્વારા આપવામાં આવેલા નિવેદનોના એક પછી એક જવાબ મોદીએ આપ્યા હતા. મોદીએ ૧૫ મિનિટના પડકારને સ્વિકારતા કહ્યું હતું કે, તેમને પણ કર્ણાટકના ચૂંટણી અભિયાનમાં કોઈપણ કાગળ જોયા વગર ૧૫ મિનિટ રાજ્ય સરકારની સિદ્ધિઓ ગણાવી દેવા મોદીએ પડકાર ફેંક્યો હતો. મોદીએ પોતાના અંદાજમાં કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખે હાલમાં જ તેમને પડકાર ફેંક્યો હતો જેમાં તેમને કહ્યું હતું કે, જો તેઓ સંસદમાં ૧૫ મિનિટ બોલશે તો મોદી બેસી પણ શકશે નહીં. આ સાંભળીને તેમને યાદ આવે છે કે, વાહ ક્યા સીન હૈ. કોંગ્રેસના પ્રમુખ બિલકુલ યોગ્ય વાત કરી રહ્યા છે. અમે તેમની સામે બેસવાની સ્થિતિમાં નથી. તમે નામદાર છો. જ્યારે અમે કામદાર છીએ. નામદારની સામે કામદાર બેસી શકવાની સ્થિતિમાં હોઈ શકે નહીં. આપની સામે બેસવાના અધિકાર અમારી પાસે નથી.

દેત્રોજાને સોલા ભાગવત પાસેથી પકડી પડાયા

ભ્રષ્ટાચાર કેસમાં જમીન વિકાસ નિગમના એમડીની ધરપકડ

અમદાવાદ

ગાંધીનગરમાં આવેલી ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમની કચેરીમાં એસીબીના દરોડામાં લાખો રૂપિયાના ભ્રષ્ટાચારના રાજયભરમાં ખળભળાટ મચાવનારા કેસમાં આજે મુખ્ય સૂત્રધાર એવા નિગમના એમડી કે.એસ.દેત્રોજાની ધરપકડ થતાં ચકચાર મચી ગઈ હતી. જમીન વિકાસ નિગમની કચેરી સહિતના સ્થળોએ એસીબીના દરોડાના દિવસથી આરોપી ઉચ્ચ અધિકારી કે.એસ.દેત્રોજા નાસતા ફરતાં હતા, જેમને આજે શહેર ક્રાઈમબ્રાંચે ચોકક્સ બાતમીના આધારે શહેરના સોલા ભાગવત વિદ્યાપીઠ રોડ પાસેથી રંગેહાથ ઝડપી લીધા હતા. ભ્રષ્ટાચારના ચકચાર ભર્યા કેસમાં હજુ બે આરોપીઓ ફરાર છે, જેઓને પકડવા પણ પોલીસે તપાસ જારી રાખી છે. તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા ચકચારભર્યા આ કૌભાંડમાં શિક્ષાત્મક કાર્યવાહીનો સપાટો બોલાવવામાં આવ્યો હતો અને ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમના જોઈન્ટ ડાયરેકટર આરોપી કે.સી.પરમારનો એક વર્ષનો સરકાર સાથેનો કરાર તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યો હતો. સાથે સાથે આ સમગ્ર ભ્રષ્ટાચાર કૌભાંડમાં સંડોવાયેલા મેનેજીંગ ડિરેકટર કે.એસ.દેત્રોજા, મદદનીશ નિયામક એમ.કે. દેસાઈ અને ફિલ્ડ સુપરવાઈઝર એસ.એમ. વાઘેલાને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. હવે આજે મુખ્ય સૂત્રધાર એવા કે.એસ.દેત્રોજાની ધરપકડ થતાં અને સરકારની શિક્ષાત્મક કાર્યવાહીને પગલે સરકારી અધિકારીઓ અને કર્મચારી ઓમાં ફફડાટની લાગણી ફેલાઇ ગઇ છે. ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમના ભ્રષ્ટાચારના કૌભાંડમાં તપાસ દરમ્યાન અગાઉ એવો ચોંકાવનારો ઘટસ્ફોટ સામે આવ્યો હતો કે, ગુજરાત રાજયમાં આવેલી જમીન સંપાદનની કચેરી ઓના ઓફિસરો સરકારી ગ્રાન્ટના પૈસા મંજૂર કરવા માટે લોકો પાસેથી પૈસા લેતા હતા.

ગુજરાતના સ્થાપના દિવસની ભવ્ય અને શાનદારરીતે ઉજવણી

જળસંચય અભિયાન : શ્રમદાનથી જોડાવવા મુખ્યમંત્રીનું આહવાન

ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી નહેરુબ્રિજ પાસે ઇન્દુલાલની પ્રતિભાને પુષ્પાંજલિ અર્પણ કરવા પહોંચ્યા હતા.

અમદાવાદ

ગુજરાતના ૫૮માં સ્થાપના દિવસની આજે પરંપરાગતરીતે ઉજવણી કરવામાં આવી હતી. જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. ગુજરાતના ગૌરવને યાદ કરી સિદ્ધિઓની પણ વાત કરવામાં આવી હતી. જુદા જુદા કાર્યક્રમોમાં પ્રધાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાન્ય લોકો જોડાયા હતા. સ્વતંત્રતા સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૫૮માં ગુજરાત ગૌરવ દિવસે અંકલેશ્વરના કોસમડી તળાવથી રાજયવ્યાપી સુજલામ સુફલામ જળસંચય અભિયાનનો શુભારંભ કરાવતા કહ્યું હતું કે, સુજલામ સુફલામ જળસંચય અભિયાનથી ગુજરાત પાણીના દુકાળને ભૂતકાળ બનાવશે. જન-જનને વરસાદી પાણીના સંગ્રહ સાથે પાણીના એક એક બૂંદને પરમેશ્વરનો પ્રસાદ માની ઉપયોગ કરવાનું આહવાન કરતા મુખ્યમંત્રીએ આ જળ અભિયાનમાં ગુજરાતનો પ્રત્યેક નાગરિક શ્રમદાન, સમયદાનથી જોડાઈને યોગદાન આપે તેવો સંકલ્પ કરવા પ્રેરણા આપી હતી. પાણી જ વિકાસનો આધાર છે, જો પાણી નહીં હોય તો વિકાસ અસંભવ છે, એવો સ્પષ્ટ મત વ્યક્ત કરતા મુખ્યમંત્રીએ ગુજરાતનું આ જળ અભિયાન દેશને નવો રાહત બતાવશે તેમ જણાવ્યું હતું.

જળસંચય ક્ષેત્રે ગુજરાત નવો જ રાહ ચિંધશે :નીતિન પટેલ

અમદાવાદ

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, પાણીના સ્ત્રોતોની જાળવણી અને યોગ્ય વ્યવસ્થાપન થથી જળ સંચય ક્ષેત્રે ગુજરાત દેશને નવો રાહ ચિંધશે. જયસંચય માટે રાજ્ય સરકાર અને જનભાગીદારી થકી આયોજિત સુજલામ સુફલામ જળસંચય અભિયાનના માધ્યમ દ્વારા જળસંચય ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી થશે જેનો રાજ્યના લાખો નાગરિકો અને ખેડૂતોને લાભ થશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે મહેસાણા જિલ્લાના લાંઘણજ, કુકરવાડા અને રંગાકુઈ ખાતે શ્રમદાન કરીને સુજલામ સુફલામ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્થાપના દિન પહેલી મે ૨૦૧૮થી શરૂ કરીને સમગ્ર માસ દરમિયાન સુજલામ સુફલામ જળસંગ્રહ અભિયાન યોજવાનું નક્કી કરાયું છે.

વિચાર વૈભવ...

ખાલી ખુરશી

એક ખૂબ જ બીમાર અને ઘરડા માણસની દીકરીએ ચર્ચના પાદરીને ફોન કરીને પોતાના ઘરે બોલાવ્યા. જિંદગીના છેલ્લા દિવસોમાં પોતાના પિતાને બાઈબલનું થોડુંક પઠન સાંભળવા મળે એવી તેની ઈચ્છા હતી.

પાદરી આવ્યા ત્યારે એ બહેન કયાંક બહાર ગઈ હતી. પાદરી અંદરના રૂમમાં એ બીમાર માણસ પાસે પહોંચ્યા. ખોળામાં બે ઓશીકાં રાખીને એના પર માથું ઢાળી એ માણસ બેઠો હતો. એના શ્વાસ ધમણની માફક ચાલતો હતો. શ્વાસની બીમારીના કારણે લાંબા થઈને સૂવું એના માટે શકય જ નહીં હોય એવું લાગતું હતું. એના ખાટલાની બાજુમાં એક ખાલી ખુરશી પડી હતી. કદાચ એ માણસની દીકરીએ પોતાના આવવાની એને જાણ કરી દીધી હશે એવું ધારીને પાદરી બોલ્યા, 'શું મારી જ રાહ જોતા હતા?'

'નહી તો ! તમે કોણ છો? પાદરી છો? એ માણસે હાંફતા હાંફતા કહ્યું.

'હા!' પોતાની ઓળખાણ આપતા પાદરીએ જવાબ આપ્યો. પછી બાજુની ખાલી ખુરશી તરફ આંગળી ચીંધતા એ બોલ્યા, 'આ તો ખાલી ખુરશી અહીં મૂકેલી જોઈ એટલે મને એમ કે મારા આવવાની તમને જાણ થઈ ગઈ હશે!'

'કઈ ખુરશી? આ? અરે આ ખુરશી તો...!' એ માણસ બોલતા બોલતા અટકી ગયો. થોડી વાર સુધી પાદરી સામે જોયા પછી એણે કહ્યું, 'ફાધર! તમે મારા રૂમનો દરવાજો બંધ કરી દેશો ખરા? માફ કરજો, પણ હું અહીંથી ઊભો જ નથી થઈ શકતો એટલે તમને આ કામ સોંપું છું.'

ફાધરને નવાઈ લાગી. રૂમનું બારણું બંધ કરીને એ પેલી ખુરશીમાં બેસવા ગયા. પેલા માણસે તરત જ એમને ત્યાં બેસવાની ના પાડી અને પોતાની બાજુમાં ખાટલા પર બેસાડ્યા. પછી ધીમેથી બોલ્યો, 'ફાધર! મારે તમને એક વાત કહેવી છે. આજ સુધી મેં કોઈને એની જાણ કરી નથી. મૂળ હકીકત એમ છે કે ચારેક વરસ પહેલાં મને દમની આ બીમારી લાગુ પડી. એ વખતે ખાટલાવશ થઈ જવાને કારણે હું ખૂબ જ હતાશ થઈ ગયો હતો. ખાટલા પરથી ઊઠીને બે ડગલાં ચાલી પણ ન શકાય એવી મારી પરિસ્થિતિ થઈ ગઈ હતી. રાતદિવસ મને મરવાના વિચારો જ આવતા. એ સમયે મારા એક મિત્રે મને કહેલું કે ભગવાન સાથે વાતો કરવાથી હતાશા જતી રહેશે!'

'ભગવાન સાથે?' પાદરીથી વચ્ચે પુછાઈ ગયું.

'હા, ભગવાન સાથે! મારા મિત્રે કહેલું કે આપણી સામે એક ખાલી ખુરશી રાખવાની અને પછી ભગવાન ત્યાં બેઠાં છે એમ ધારીને એની સાથે વાત કરવાની! મારી દીકરી મને ગાંડો ન માની બેસે એટલે એ ઘરમાં ન હોય ત્યારે કલાકો સુધી હું એ ખુરશી સાથે વાતો કરતો રહું છું અને ફાધર! તમે કદાચ નહીં માનો.' એકાદ ક્ષણ અટકી એ માણસે ખાલી ખુરશી સામે જોયું. તેની આંખ ભરાઈ આવી. થોડીવાર એમ જ ચૂપ રહ્યા પછી એણે કહ્યું, 'તમે કદાચ નહીં માનો ફાધર, પણ છેલ્લા કેટલાક દિવસથી હું ખાલી ખુરશી સાથે વાત નથી કરતો.'

'તો?' પાદરીએ પૂછ્યું.

'ભગવાન સાથે વાત કરૂં છું.' ગળગળા અવાજે એ બોલ્યો, 'ખુદ ભગવાન ત્યાં આવીને બેસે છે, મારી વાતો સાંભળે છે અને મારી સાથે વાતો પણ કરે છે. આ તો તમે આવ્યા છો એટલે એ બોલતા નથી, ચૂપચાપ બેઠા છે!'

પાદરીએ ખુરશી સામે જોયું. એમને તો ત્યાં ખાલી ખુરશી સિવાય બીજું કાંઈ દેખાયું નહીં, પરંતુ પેલા માણસની અદ્‌ભુત શ્રદ્ધા એમને હચમચાવી ગઈ. ભગવાનની આટલા નજીક પહોંચી ગયેલા માણસને પોતે હવે શું વધારે ધાર્મિક જ્ઞાન આપી શકશે? એવો વિચાર પણ એમને આવી ગયો. છતાં પોતાની ફરજના ભાગરૂપે બાઈબલમાંથી પઠન કરી એ પાછા ફર્યા.

બે દિવસ પછી સાંજની પ્રાર્થના વખતે પાદરી પર પેલા માણસની દીકરીનો ફોન આવ્યો. એણે સમાચાર આપ્યા કે એના પિતા એ સાંજે મૃત્યુ પામ્યા હતા.

'ભગવાનની ઈચ્છા' પાદરી બોલ્યા, 'હું આશા રાખું છું કે એ શાંતિનું મૃત્યુ હશે.'

'હા ફાધર! મારા પિતાજીએ આજે બપોરે બે વાગ્યે મને બોલાવીને ખૂબ વહાલથી વાતો કરી. મારી ક્ષમા માગી. પછી ચારેક વાગ્યે હું બાજુના સ્ટોરમાં થોડી વસ્તુ ખરીદવા ગઈ હતી. પાછી આવી ત્યારે એ મૃત્યુ પામ્યા હતા, પરંતુ ફાધર, મેં એક ખૂબ જ વિચિત્ર વસ્તુ જોઈ!' એ બહેને નવાઈના ભાવ સાથે કહ્યું.

'શું? ફાધરે પુછ્યું.

'આટલાં વરસથી ખાટલા પરથી નીચે ડગલું ન મૂકી શકતા મારા પિતાજી, ગુજરી ગયા ત્યારે નીચે જમીન પર બેઠા હતા અને એમનું માથું એમના ખાટલાની બાજુમાં પડેલી ખાલી ખુરશી પર હતું!'

પાદરી અવાચક બની ગયાં. એમની આંખોમાંથી આંસુની ધાર વહી નીકળી. ફોન મૂકતાં એ એટલું જ બોલી શકયા. 'હું ઈચ્છું છું બહેન! કે મારૂં મોત પણ આવું જ થાય!'

ડૉ.આઈ.કે.વીજળીવાળા

ડીસા મુકામે જુની સરદાર પટેલ હાઈસ્કુલ નીચે, ગોરધનજી ગીગાજી માળીની ઓફીસની બાજુમાં, ખોડીયાર માતાજીના મંદિર પાસે આવેલ ધી ડીસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., ડીસાની દુકાન નં.૧૨ ની જાહેર હરાજી

આથી વેપાર કરવામાં રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે, ડીસા મુકામે ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા સંચાલિત વિ.જે.પટેલ શાકમાર્કેટ યાર્ડ સામે જુની સરદાર પટેલ હાઈસ્કૂલ શોપીંગ સેન્ટરમાં ગોરધનજી ગીગાજી માળીની ઓફીસની બાજુમાં, ખોડીયાર માતાજીના મંદિર પાસે ધી ડીસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., ડીસાની દુકાન નં.૧૨ ની જાહેર હરાજી તારીખ ૭/૫/૨૦૧૮ ને સોમવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ધી ડીસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., ડીસાની મુખ્ય ઓફીસ મુકામે રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ નિયત અરજી ફોર્મ સાથે દુકાન માટેની ડીપોઝીટ રૂા.૨૫૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) ચેક / ડ્રાફ્ટ/ રોકડા હરાજીની તારીખ ૭/૫/૨૦૧૮ ને સોમવારના રોજ સવારે ૧૦:૦૦ કલાક સુધીમાં ધી ડીસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., ડીસાની ઓફીસમાં ભરપાઈ કરવાના રહેશે. દુકાન નં.૧૨ ની જાહેર હરાજીમાં ભાગ લેવા માટેનું અરજી ફોર્મ રૂા.૧૦૦/- રોકડા ભર્યેથી જાહેર રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન ધી ડીસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., ડીસાની કચેરીએથી મળી શકશે.

હરાજી અંગેની શરતો રૂબરૂ સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

ઉપરોક્ત હરાજીમાં આવેલ બોલી મંજુર કરવી કે નહી તેનો સંપૂર્ણ હક્ક ધી ડીસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., ડીસાને અબાધિત રહેશે. જે તમામને બંધનકર્તા રહેશે.

શ્રી ઈશ્વરભાઈ એલ.દેસાઈ શ્રી દશરથભાઈ કાળુભાઈ ખટાણા
મેનેજર ચેરમેન

ધી ડીસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.,ડીસા
ડીસા મુ.ડીસા તાલુકો. ડીસા જિ.બનાસકાંઠા
ઠે.વિ.જે.પટેલ શાક માર્કેટયાર્ડ, મેડા ઉપર ડીસા
ટેલિફોન નંબર : (૦૨૭૪૪) -૨૨૦૩૦૨, ૨૨૧૬૩૯
મો.નં.૯૪૨૬૮૯૮૪૮૭

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
- માથાનો દુ:ખાવો
- ખેંચ-વાઇ
- લકવો-પક્ષાઘાત
- મગજનો ટીબી
- ચક્કર
- યાદશકતી ઓછી થવી
- હાથપગની ધ્રુજારી
- નસોની નબળાઇ
- હાથપગમાં ઝણઝણાટી
- સાયેટીકા
- ગરદન અને કમરના મણકાની તકલીફો

ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફીઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

સૂર્યોદય - ૬.૦૭ સૂર્યાસ્ત - ૭.૨૮

તિથિદર્શન

વૈશાખ વદ-૨ બુધવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ વદ :બીજ બુધવાર વિંછુડો નક્ષત્રઃ અનુરાધા સાંજે ૫.૩૮ પછી જ્યેષ્ઠા યોગ :વરીયાન કરણઃ વણીજ આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

વિપદિ ધૈર્યમ્ અથ અભ્યુદયે ક્ષમા

'વિપત્તિ- દુઃખમાં હિંમત- ધીરજ ધરવી જોઈએ. ધીરજ રાખીને જ દુઃખને વેઠવા જોઈએ. વિકાસને ઉન્નતિ થતાં માણસે ગર્વ- અભિમાનથી ફુલાઈ કે છકી ન જવું જોઈએ પણ સંપર્કમાં આવતા કોઈ પણ જાણ્યા-અજાણ્યા સાથે માનવતાભર્યું વર્તન રાખવું જોઈએ. આપણા અપરિચિત કે અણગમતા માણસ તરફ પણ ઉદાર દૃષ્ટિ રાખવી જોઈએ, એટલું જ નહીં, વિરોધીઓ કે નુકસાનકર્તાને પણ ક્ષમા આપીને ઔદાર્ય દાખવી મદદ કરવી જોઈએ.' ગુજરાતીમાં જાણીતી કહેવત જેવી એક કાવ્ય પંક્તિ છેઃ- 'સુખ સમયમાં છકી ન જવું દુઃખમાં ન હિંમત હારવી.' આ પંક્તિ પણ આપણને આ બોધ આપે છે કે સુખ કે દુઃખ કંઈ કાયમ રહેતાં કે ટકતાં નથી, એટલે મનથી સમત્વ રાખી ન ભોગવવા કે સહન કરવા જોઈએ. સમતા કેળવવાનું કઠિન તો છે પણ આપણા શીલ- સદાચાર માટે એ ખૂબ જ જરૂરી અને મહત્વનું છે. એવી જ રીતે સંપત્તિ કે સત્તા મળ્યા પછી પણ માણસને અભિમાન આવી જાય છે. અને સામાન્ય કે અપરિચિત સાથે તોછડાઈ ભર્યું વર્તન કે વાત કરે છે. આવું વર્તન વ્યક્તિના પદને ગરિમા માટે શોભાસ્પદ નથી. હકીકતમાં માણસે સામાજિક, આર્થિક કે રાજકીય કોઈ પણ ક્ષેત્રમાં ઉન્નત થાય ત્યારે નમ્રતા આવવી જોઈએ અને વિવેક ન ચૂકવો જોઈએ.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) મનની મુરાદ બર ન આવે. ગૃહ વિવાદ થાય, સાંચવીને કામ કરવું.
વૃષભ : (બ.વ.ઉ.) અણધારી આફતના ભોગ બનવું પડે. કાર્યક્ષેત્રની નુક્શાની.
મિથુન : (ક.છ.ઘ.) આરોગ્યની બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. ગૃહવિવાદ.
કર્ક : (ડ.હ.) કાર્યક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી શકશો. નવા શુભ સમાચાર મળે.
સિંહ : (મ.ટ.) આર્થિક સમસ્યા દૂર થાય. કૌટુંબિક વાતાવરણ આનંદ-મંગલમય રહે.
કન્યા : (પ.ઠ.ણ.) પ્રવાસમાં લાભ થાય. કર્મક્ષેત્રે વિશેષ લાભ મેળવી શકશો.
તુલા : (ર.ત.) નવિન સમાચાર મળે. જીવનસાથીથી મદદ મળે.
વૃશ્ચિક : (ન.ય.) આર્થિક નુકશાની ભોગવવી પડે. ખોટા સાહસોથી દૂર રહેવું.
ધન : (ભ.ફ.ધ.) વ્યર્થ ચિંતાના ભોગ બનવું પડે. વ્યવહારોમાં અંતરાયથી દૂર રહેવું.
મકર : (ખ.જ.) વાણીસંયમ જાળવવો હિતાવહ. કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ મળે.
કુંભ : (ગ.શ.સ.) મનમાં પ્રસન્નતા રહે. કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય.
મીન : (દ.ચ.જ.થ.) પ્રવાસમાં સફળતા મળે. અણધાર્યો લાભ મેળવી શકશો.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

વૈજ્ઞાનિક શોધખોળોના જનક લિયોનાર્ડ દ વિન્ચીની પુણ્યતિથિ છે.

પંદરમી સદીની મહાન વિભૂતિ લિયોનાર્ડનો જન્મ ૧૫ મી એપ્રિલ ૧૪૫૨ માં ઈટાલીના શ્યોબોરેન્સ શહેરની બાજુમાં આવેલા પીચી નામના નાનકડા ગામમાં થયો હતો.

લિયોનાર્ડની પ્રતિભા માત્ર એક વૈજ્ઞાનિક તરીકે જ નથી એક ચિત્રકાર તરીકે પણ તેટલા જપ્રભાવશાળી છે. મોનાલીસાને ઘી લાસ્ટ સમર જેવા વિશ્વ વિખ્યાત અને કરોડો રૂપિયાની કિંમતના અનુપમ ચિત્રો એ એમનું મહત્વનું પ્રદાન છે.

આ મહાન વિજ્ઞાની અને ચિત્રકાર લિયોનાર્ડ દ વિન્ચીનું તા.૨-૫-૧૫૧૯ ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા સબૂત.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા. ૦૨.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

નિફ્ટી ફ્યુચર ૧૦૮૧૮ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!

તા. ૩૦.૦૪.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૭૮૩ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૧૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૮૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૭૫૭ પોઈન્ટ થી ૧૦૭૪૦ પોઈન્ટ, ૧૦૭૩૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૧૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!! તા. ૩૦.૦૪.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૬૪૪ પોઈન્ટ :-

આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૨૫૮૮૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૫૬૦૬ પોઈન્ટ થી ૨૫૫૭૦ પોઈન્ટ, ૨૫૫૦૫ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૮૮૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

HDFC લિમિટેડ (૧૮૯૫) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૮૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૮૭૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૦૯ થી રૂ.૧૯૧૯ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૯૨૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

સેન્ચુરી ટેક્ષટાઈલ (૧૨૬૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૪૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૩૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૭૭ થી રૂ.૧૨૮૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

મહિન્દ્રા & મહિન્દ્રા (૮૭૬) :- રૂ.૮૬૦ નો પ્રથમ તેમજ રૂ.૮૪૮ ના બીજા સપોર્ટથી ઓટો સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૮૮૯ થી રૂ.૮૯૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

લ્યુપિન લિમિટેડ (૮૧૭) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૮૨૪ થી રૂ.૮૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૮૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

બાટા ઈન્ડિયા (૮૦૭) :- રૂ.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૮૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફૂટવેર સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૮૧૮ થી રૂ.૮૨૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

લાર્સેન લિમિટેડ (૧૪૧૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ કન્સ્ટ્રક્શન સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૪૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૯૬ થી રૂ.૧૩૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૪૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

અજંતા ફાર્મા (૧૩૫૬) :- રૂ.૧૩૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૩૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૩૪૨ થી રૂ.૧૩૩૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૩૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

બાયોકોન લિમિટેડ (૬૭૦) :- ફાર્મા સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૮૮ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૬૬૩ થી રૂ.૬૫૭ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

ઓરબિન્દો ફાર્મા (૬૪૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૬૧ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૩૦ થી રૂ.૬૨૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૬૬૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

એકસિસ બેન્ક (૫૨૧) :- રૂ.૫૩૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૪૪ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૧૩ થી રૂ.૫૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૫૫૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

સાંઈબાબા સ્પોર્ટસ ક્લબ દ્વારા

સમર વેકેશન ક્રિકેટ અને ટેબલ ટેનીસ કોચીંગ કેમ્પ

ડીસા

દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪ વર્ષથી નાના- વિદ્યાર્થીઓ માટે ક્રિકેટ અને ટેબલ ટેનીસનો કોચિંગ- કેમ્પ યોજવામાં આવ્યો છે.

જેમાં ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને કોચિંગ આપવામાં આવશે. ક્રિકેટ માટે ચિરાગ ખત્રી આકાશ ધૈરાવ, મિત્ત ગોહિલ અને ગોપીનાથ નાયકનો સંપર્ક કરવો તથા ટેબલ ટેનીસ માટે કલ્પેશભાઈ પઢિયાર અને ડૉ. યશપાલ ચૌધરીનો સંપર્ક કરવો. કેમ્પ સાંઈબાબા સ્પોર્ટસ ક્લબ ડીસા ખાતે યોજાશે.

ધાનેરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેડિકલ કેમ્પ યોજાયો

એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત આયુષ્યમાન ભારત દિવસ ના ભાગ રૂપે ધાનેરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેડિકલ કેમ્પ નું આયોજન કરવામો આવ્યું હતું. આ કેમ્પમાં વિના મુલ્યે સગર્ભા માતાઓની તપાસ, બાળકોની તપાસ, કિશોરીઓની તપાસ, ડાયાબીટીસ તેમજ હાઈપર ટેન્શન તપાસવાળા દર્દીઓની તપાસ, વૃધ્ધાવસ્થામાં આવતી બિમારીઓની તપાસ, દાંતના દર્દીની તપાસ તેમ વિવિધ તપાસ કરવામાં આવી હતી. જેમાં ૬૦ જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. તેમજ રોજીંદી ૧૫૦ જેટલી ઓપીડી મળી ૨૦૦ થી પણ વધારે દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં સ્ત્રી રોગના નિષ્ણાત ડૉ. વિશાલભાઈ પટેલ, નાના બાળકોના સ્પેસ્યાલિસ્ટ ડૉ. દેવાભાઈ પટેલ, સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડૉ. એમ.એમ. ડાભી, મેડિકલ ઓફીસર ડૉ. શેલેન્દ્રસિંહ પરમાર, મેડિકલ ઓફીસર ડૉ. અરવિંદ ચૌધરી તેમજ ડેન્ટલ ડૉ. કિરણ ગુર્જર તેમજ હોસ્પિટલ ના નર્સિંગ સ્ટાફ દ્વારા આ કેમ્પમાં લોકોની સેવા કરવામાં આવી હતી. જયારે આ આવનાર દર્દીઓ માટે ઠંડા પાણી નગરપાલિકા દ્વારા વ્યવસ્થા કરવામાં આવતા આ ઉનાળાની ગરમીમાં દર્દીઓને રાહત મળી હતી.

ડીસા રઘુવંશી દેશી લોહાણા મહાજનના નવા હોદ્દેદારો વરાયા

ડીસા

છેલ્લા ત્રણ વર્ષથી ફરજ બજાવતા ડીસા રઘુવંશી દેશી લોહાણા મહાજન અને લોહાણા પ્રગતિ યુવક મંડળ ડીસાના હોદ્દેદારોની મુદત પૂર્ણ થતાં તા. ૩૦/૪/૨૦૧૮ ને સોમવારે જલારામ સેવા સંકુલ ખાતે સમાજની જનરલ મીટીંગ બોલાવવામાં આવી હતી. જેમાં અંદાજે ૧૨૫ (એકસો પચીસ) જેટલા પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

રઘુવંશી દેશી લોહાણા મહાજન ડીસાના પ્રમુખ ભગવાનભાઈ બંધુ, ઉપપ્રમુખ જયંતિભાઈ ઓઢાવાળા, મંત્રી હરિભાઈ બી.ઠક્કર, ખજાનચી અમૃતલાલ એન. ઠક્કર તેમજ લોહાણા પ્રગતિ યુવક મંડળ ડીસાના પ્રમુખ અતુલભાઈ એસ.ઠક્કર, મંત્રી રજનીભાઈ માંડવીવાળા, ઉપપ્રમુખ આનંદભાઈ પી.ઠક્કર, ખજાનચી ભાવેશભાઈ બી.ઠક્કરની મુદત પૂર્ણ થતાં સમાજના વડીલ અગ્રણી વ્રજલાલભાઈ મનસુખરામ ઠક્કર (ઉંમર વર્ષ ૮૮) ના અધ્યક્ષસ્થાને એક અગત્યની બેઠક મળી હતી.

આ બેઠકમાં ડીસા ખાતે ૨૦૧૭ માં યોજાયેલા સમુહલગ્નના હિસાબો સર્વાનુમતે મંજૂર કરાયા બાદ બંને સંસ્થાઓનાં ૧/૪/૨૦૧૭ થી ૩૧/૩/૨૦૧૮ અંતિમ વાર્ષિક સરવૈયાં રજૂ કરવામાં આવ્યા હતા.

અનુસંધાન પાના નં.૬

થરાદની ખોડા ચેક પોસ્ટ થી રૂપીયા ૩૨૬૪૦૦ની કિંમતનો દારૂનો જથ્થો

પાલનપુર

પોલીસ મથકના કર્મચારીઓ સુરેશકુમાર સાંમત ભાઇ, પરબતભાઈ રાયમલ ભાઈ, મોબતસિંહ ઉદયસિંહ તગજીભાઈ માધા ભાઈ તથા ભાવાભાઇ લાલ ાભાઇ મંગળવારની સવારના સુમારે થરાદના ખોડા ચેકપોસ્ટ પર વાહન ચેકિંગની કામગીરી કરતા હતા.

આ વખતે રાજસ્થાન તરફથી આર.જે ૪૬ ૨૯૮ નંબરનું એક જીપડાલું આવતાં તેને ચેક કરવા માટે રોકાવા ઈશારો કરતાં બોરીઓ ભરેલ ચાલકે જીપડાલું ખોડા તરફ ભગાડતાં પોલીસે તેનો પીછો કરવાનું કરતા તેનો ચાલક ચેકપોસ્ટ ૫૦ મીટર દૂર જીપડાલુ મુકી ઉતરીને નજીકના ખેતરમાં ભાગી છુટયો હતો જેને પકડવા પોલીસ પાસે દોડી હતી પરંતુ પકડાયો ન હતો. પોલીસે જીપડાલામાં તપાસ કરતા ૧૦ જેટલા કોથળામાં વરિયાળીનું ભુંસુ ભરેલું હતું. તથા તેની નીચે ૬૯ પેટીમાંથી રૂપીયા ૩૨૬૪૦૦ની કિંમતનો ૩૨૬૪ બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે રૂપીયા અઢી લાખની કિંમતના જીપડાલા સહિત તમામ મુદ્દામાલ કબજે લઈ તેના ચાલક સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

થરાદી મેમન કાઉન્સીલ આયોજીત

અગિયારમો ઈજતેમાઈ નિકાહ સમારંભ મેત્રાણા ખાતે યોજાયો

૩૧ દુલ્હા- દુલ્હનો નિકાહના બંધનમાં જોડાયા

થરાદી મેમન કાઉન
ઈજતેમાઈ નિકાહ સમારંભ
જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

થરાદી મેમન કાઉન્સીલ આયોજીત અગિયારમો ઈજતેમાઈ નિકાહ સમારંભ મેત્રાણા મુકામે યોજવામાં આવ્યો હતો. જેમાં ૩૧ દુલ્હા- દુલ્હનો નિકાહના બંધનમાં જોડાયા હતા. આ પ્રસંગે પધારેલ મહેમાનોમાં મુફ્તી અ.રહેમાન સાહેબ (રતનપુર), બશીરભાઈ વકીલ(મહેસાણા), અ. કય્યુમભાઈ (વિસનગર), ઈકબાલભાઈ (પાટણ), ગફફારભાઈ (મહેસાણા), હાજી મહંમદભાઈ (જુનાડીસા), મુફ્તી અય્યુબ સાહેબ સિધ્ધપુરી (રાંદેર), વગેરે પધાર્યા હતા. આ પ્રસંગે મુફ્તી અ.રહેમાન સાહેબે જણાવ્યું કે સમાજમાંથી ખોટા રીવાજો દૂર કરી દરેક જમાતે સમુહલગ્ન કરવા જોઈએ. સાદગીવાળા નિકાહ કરી હજરત મહંમદ પયંગબર સાહેબે બતાવેલા ગુણો જીવનમાં ઉતારવા અપીલ કરી હતી. આ પ્રસંગે ડીસા, રાજપુર તથા જુનાડીસા મેમણ જમાત તરફથી ૩૧ દુલ્હનોને આઠ લાખથી વધુની ભેટ સોગાદો આપવામાં આવી હતી. જયારે જમણવાર જુનાડીસા મેમણ જમાત તરફથી રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ.સાદીક પાલનપુરવાળાએ કર્યુ હતું. આ પ્રસંગને સફળ બનાવવા મો.હીનફભાઈ તથા કાસમભાઈ (કોમાવાળા), તથા જાબીરહુસેન (દાસજવાળા) સહિત સમુહલગ્ન કમીટીએ ભારે જહેમત ઉઠાવી હતી.

ભરત સુંદેશા

મૂળ રાજસ્થાન અને હાલ ડીસામાં રહેતાં ગલબાજી દયારામજી સુંદેશા ને સુંધા માતાજી માળી સમાજ ટ્રસ્ટનાં પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. દર વર્ષની જેમ ચાલુ સાલે ગતરોજ માળી સમાજનો કાર્યક્રમ જેમા ભજન સંધ્યા અને સત્કાર સમારોહનું આયોજન કરાયું હતુ જેમા નવિન પ્રમુખ તરીકે ગલબાજી સુંદેશાની વરણી કરવામાં આવી છે જોકે આ વરણીને લઈને સમાજ માં ખુબજ ઉત્સાહ જોવા મળ્યો હતો.

પાલનપુર ખાતે ટ્રાફીક સપ્તાહ ઉજવણીનું સમાપન કરાયું

પાલનપુર

બનાસકાંઠામાં ટ્રાફીક સપ્તાહની ઉજવણીનું સમાપન કરાયું છે. પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ટ્રાફીક સપ્તાહની ઉજવણીનો સમાપન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ટ્રાફીક જાગૃતી માટે પરિણામલક્ષી કામગીરી કરનાર વ્યક્તિઓ તેમજ સંગઠનોનું ખાસ સન્માન પણ કરાયું હતુ.બનાસકાંઠા જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક સપ્તાહની ઉજવણી કરાય હતી.જેની પૂર્ણાહૂતી પ્રસંગે પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ટ્રાફીક જાગૃતિના કાર્યક્રમો તેમજ સેવાકીય કાર્યો કરતા વ્યક્તિઓનું જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરના હસ્તે સન્માન કરાયું હતુ.તેમજ ટ્રાફિકની કામગીરી માટે યુવાનોની ટીમ તૈયાર કરાઇ હતી.આ ટીમોનો મુસીબતના સમયે ઉપયોગ કરવામાં આવશે.

ડીસાવળ નાઈ સમાજના આગેવાનનું નિધન

ડીસા

ડીસાવળ નાઈ સમાજના અગ્રણી નાઈ જોરાભાઈ ગોવાભાઈનું જૈફ વયે નિધન થયું છે, સદ્ગતનું જીવન નીર્વેસની, પ્રખર હિન્દુત્વવાદી સમાજને સાચા માર્ગે દોરના રઅને નાઈ સમાજની વાડી - ડીસા ખાતે સારૂં એવું યોગદાન આપેલ, સદગતના નિધનથી ડીસાવળ નાઈ સમાજને એક આગેવાનની ખોટ પડી છે. અને તેમના નિધનથી ખેટવા અને આસપાસના વિસ્તારમાં શોકની લાગણી પ્રવર્તી છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે...

એજન્ટ મિત્રો અને ગ્રાહકોની માંગણીને ધ્યાને લઇને વાર્ષિક લવાજમ યોજના ૧૦ મે સુધી લંબાવી છે...
વરસોની પરંપરા... રખેવાળ વાર્ષિક લવાજમ યોજના... લાભ અધિક લાભ...
૧ વાર્ષિક લવાજમ રૂ.~~૭૨૦/-~~ ના બદલે ચૂકવો રૂ.૬૫૦/- લવાજમ ભરતાની સાથે જ રૂ.૭૦/- નું રોકડ ફાયદો
એક નહિં... બે...બે... વિકલ્પો સાથે...
તેમજ વાર્ષિક લવાજમ ભરનારને ડ્રો દ્વારા લાખો રૂપીયાના ઇનામો જીતવાની તક
૨ વાર્ષિક લવાજમ રૂ.૭૨૦/- ભરો અને મેળવો એક આકર્ષક પાણીની બોટલ (સેલો કંપનીની ૪ બોટલનો સેટ)
હવે માત્ર... ૧૧ દિવસ જ બાકી
વધુ વિગતો માટે આપના નજીકના વિતરક અથવા રખેવાળ કાર્યાલય, ડીસા.
ફોન : (૦૨૭૪૪) ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ઉપર સંપર્ક કરો.

લાખણી તાલુકાના ધ્રોબા ગામે તળાવ ઊંડું કરવાનું મુહૂર્ત કરાયું

(નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ લાખણી

ચોમાસામાં વરસાદી પાણીનો સંગ્રહ થાય એના માટે કેન્દ્ર સરકાર દ્વારા મનરેગા યોજના અંતર્ગત ગામડાઓમાં પાણીનો સંગ્રહ કરવા ગામના તળાવો ઊંડા કરવાની કામગીરી કરવામાં આવે છે જે અંતર્ગત લાખણી તાલુકાના ધ્રોબા ગામે મનરેગા યોજના અંતર્ગત તળાવ ઊંડું કરીને વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવે તો ગામમાં પાણીના તળ ઊંચા આવે તેમજ પશુ-પક્ષીઓ માટે પણ પાણી ની કોઈ સમસ્યા ઉભી ના થાય તેવા ઉમદા હેતુ થી ગામના તળાવ ને લાખણી તાલુકા પંચાયતના પ્રમુખ મહેશભાઈ દવે ના હસ્તે ઊંડું કરવાનું મુહૂર્ત કરવામાં આવ્યું અને ગામ લોકોએ પણ ખુશી વ્યક્ત કરી હતી આ પ્રસંગે દિયોદરવિધાનસભા ના ધારાસભ્ય શિવાભાઈ ભુરીયા લાખણી તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ધુડાભાઈ પટેલ જિલ્લા પંચાયતના સદસ્ય ભલજીભાઈ રાજપૂત તાલુકા ટેલિગેટ ગણેશભાઈ પ્રજાપતિ ગામના સરપંચ જોરાભાઈ રબારી પૂર્વ તાલુકા ડેલીકેટ બાળકાભાઈ રબારી સહિત વિવિધ અગ્રણીઓ તેમજ ગામલોકો હાજર રહ્યા હતા

ધ્રોબા ગામમાં તળાવ ઊંડું કરવાની કામગીરીને લઈને એક ભાજપનો એક જવાબદાર હોદ્દેદાર ગામમાં આ તળાવ હું ઊંડું નહિ થવા દુ એવું બોલી રહ્યો હોવાનું ધ્રોબા ગામમાં તેમજ તાલુકામાં ચર્ચાઈ રહ્યું છે ત્યારે સવાલ એ થાય છે કે ભાજપની સરકાર વરસાદી પાણીનો સંગ્રહ કરવા કરોડો રૂપિયા નો ખર્ચ કરી રહી છે અને એજ ભાજપનો હોદ્દેદાર પોતાના અંગત સ્વાર્થ ખાતર તળાવ ઊંડું કરવાનો વિરોધ કરીને ભાજપને બદનામ કરી રહ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

> **ભાજપની સરકાર પાણીનો સંગ્રહ થાય તેના માટે પ્રયત્ન કરે છે ત્યારે લાખણી તાલુકા ભાજપનો આગેવાન તળાવ ઊંડું કરવાની કામગીરીનો વિરોધ કરતો હોવાનું તાલુકામાં ચર્ચાઈ રહ્યું છે.**

થરાદમાં એટીએમ તો 'કેશલેશ' પણ રાષ્ટ્રીયકૃત બેંકોનેય નાણાંભીડ


ગ્રાહક મિત્રો એ નોંધ
લેવી બેંકો માં નાણા
ની અછત ને કારણે
અમારી પાસે શક્ય
હશે તે પ્રમાણે નાણાં
ચુકવવા માં આવશે
જેની નોંધ લેવી

(પ્રતિ.) થરાદ

લગ્નસરાની જામેલી સીઝન વચ્ચે બનાસકાંઠાના સરહદી થરાદ વાવ તાલુકાના પ્રજાજનોમાં પોતાના જ બેંકના ખાતામાં રહેલા રૂપિયા ઉપાડવા માટે ભારે મુશ્કેલીઓ અનુભવતા જોવા મળી રહ્યા છે. થરાદ શહેરના તમામ ક્ંદ્ર લગભગ બંધ હાલતમાં જોવા મળે છે. એટીએમમાં કેસના અભાવે તે બંધ હોય કે તેનાં શટર પાડેલાં હોય એ સ્વભાવિક છે. પરંતુ ત્યાર પછીના એક માત્ર વિકલ્પ બેંકમાં જ કેસ ન હોય તો કેવી મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે તેનો અનુભવ સરહદી પંથકના લોકો કરી રહ્યા છે.

થરાદની દેનાબેંક પાસે પણ નાણાં ખુટી પડ્યાં છે. આથી ગ્રાહક મિત્રોનું ધ્યાન દોરતાં બેંકોમાં નાણાંની અછત છે.જેને કારણે અમારી પાસે શક્ય હશે તે પ્રમાણે નાણાં ચુકવવામાં આવશે ની નોંધ બારી આગળ ચિપકાવવામાં આવી છે. આથી ગ્રાહકો પણ બેંક જ કેશલેશ હોઈ પોતાના ખાતામાં નહીં પરંતુ બેંકના ખાતામાં હશે તેટલી જ રોકડ મળશેનો વ્યંગ કરતા જોવા મળી રહ્યા છે. તેમાંય એટીએમમાં નાણાંની આશા શુ રાખવી કૂવામાં હોય તો હવાડા (atm) માં આવેને તેવો તર્ક પણ વ્યક્ત કરતા જોવા મળી રહ્યા છે. બેંકના સુત્રો એ પણ ગ્રાહકો વધારે પૈસાની માગણી કરે તો બેંકમાં જેટલી કેસ છે તેમાંથી દરેક ગ્રાહકોને સંતોષ આપી શકાય તથા દરેક ગ્રાહક જોડે રકઝક કરવી ન પડે તે માટે ના છુટકે લખાણનો આશરો લેવો પડતો હોવાનો વસવસો વ્યક્ત કર્યો હતો.

વિવિધ યોજનાઓની વિકાસની ગ્રાન્ટ દ્વારા વાવને રળીયામણું બનાવાશે : કાંનજીભાઈ રાજપુત

વિષ્ણુ પરમાર

મનરેગા યોજના હેઠળ તળાવના કામો કરી કાર્નિવલની સુવિધા ઉપલબ્ધ કરાશે

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવ તાલુકા પંચાયતના પ્રમુખ કાંનજીભાઈ રાજપુતે મીડીયા સમક્ષ જણાવ્યા અનુસાર તા.વિ.અધિકારી અને પ્રમુખના સહીયારો પ્રયાસથી વાવ તાલુકાની વિવિધ યોજના હેઠળ આવતી વિકાસની ગ્રાન્ટ મારફત વાવને હરિયાળું અને રમણીય બનાવાઈ દેવાશે. જેમાં સૌપ્રથમ તા.પંચાયતમાં સુંદર મિટીંગ હોલ, શૌચાલયો, પુસ્તકાલય, ગ્રાઉન્ડમાં વનીકરણ તેમજ વાવમાં આવેલા ત્રણ નામાંકિત તળાવોની પ્રોટેક્શન દિવાલ બનાવી, રસ્તાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી બગીચો, બેઠક- વ્યવસ્થા માટે બાંકડાઓનું આયોજન કરાવી વાવનો પર્યટન સ્થળ તરીકે વિકાસ કરાશે. તાલુકા પંચાયતમાં ચાલતી મનરેગા યોજના હેઠળ તળાવોના કામોને વિશેષ પ્રાધાન્ય અપાશે.

તળાવોની આજુબાજુ પ્રોટેક્શન દિવાલો બનાવી તળાવોમાં શુદ્ધ પાણીનો જળસંગ્રહ કરવામાં આવશે. જેથી ગામમાં એક સૌંદર્યનું મોરપીંછુ ઉમેરાશે. તદઉપરાંત તાલુકાની વિકાસની ગ્રાન્ટોમાંથી ગામમાં રસ્તાઓ, વીજળીકરણ, પાર્કિંગ વ્યવસ્થા, બગીચો, રમતગમતનું મેદાન જેવી તમામ સુવિધાઓને આવરી લેવાશે. જો કે તાલુકા પંચાયતના પ્રમુખ પદે કાંનજીભાઈ રાજપુતની વરણી થયા બાદ વાવ ગામ અને તાલુકાનો વહીવટ અને વિકાસે હરણફાળ ભરી છે.

ધાનેરાના પ્રાંત અધિકારી સહિત ૬ અધિકારીની બદલી

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરા પ્રાંત કચેરી તેમજ મામલતદાર કચેરી ખાતેના પ્રાંત અધિકારી તેમજ ૬ નાયબ મામલતદારોની બદલી કરવામાં આવી છે. પ્રાંત અધિકારી બી.એસ.પટેલને બઢતી સાથે ડે.કમિશ્નર ડેવલોપમેન્ટ કમિશ્નરની કચેરી ગાંધીનગર ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે પ્રાંત કચેરી ધાનેરાના સિરીસ્તેદાર નિગમભાઈ જોશીની ના.મા. પુરવઠા મામલતદાર કચેરી દાંતીવાડા ખાતે મુકાયા, પ્રાંત કચેરી ધાનેરાના ના. મામલતદારની જગ્યાએથી અંકુરભાઈ મહીવાલની ઈ.ધરા ના.મામલતદાર ધાનેરામાં મુકાયા, ના.મા પુરવઠા મોડસિહ રાજપુતને પ્રાંત કચેરી ધાનેરામાં સિરીસ્તેદાર માં મુકાયા, ના.મા.ચુંટણી કાનજી ભાઈ દેસાઈ ને પ્રાંત કચેરી ધાનેરામાં ના. મામલતદારમાં મુકાયા, ના.મા. ઈ-ધરા ધીરુભા પંચાલને સર્કલ ઓફિસર ધાનેરામાં મુકાયા, ના.મા. મહેસુલ અનિલ ગઢવીને મા.મામલતદાર ભાભર ખાતે મુકાયા, જ્યારે કાંકરેજ ના. મામલતદાર વિ.જે. પટેલને ધાનેરા ના.મા. પુરવઠામાં મુકવામાં આવ્યા છે.

દીઓદર ખાતે ગૌશાળા ફેડરેશનની મીટીંગ યોજાઈ

(અશોક શેઠ)

ગૌશાળા-પાંજરાપોળ ખાતર ઉત્પાદન કરતી ફેક્ટરીઓ છે : ગીરીશભાઈ શાહ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા ગૌશાળા ફેડરેશનની સાધારણ સભા આજરોજ દીઓદર જી.આઈ.ડી.સી. મધ્યે યોજાયેલ. જેમાં એનિમલ વેલ્ફરબોર્ડ ઓફ ઈન્ડીયાના ડીરેક્ટર અને સમસ્ત મહાજનના મંત્રીશ્રી ગીરીશભાઈ શાહ ઉપસ્થિત રહી ઉપયોગી માર્ગદર્શન આપેલ. તેમજ ઉપસ્થિત ગૌશાળા પાંજરાપોળના પ્રતિનિધિઓ પૈકી ૨૨ જેટલી સંસ્થાઓને રૂા.૪૦ લાખના ચેકોનું વિતરણ કરેલ. તેમણે ઉપસ્થિત સંસ્થાઓ પાસેથી કેટલા પશુઓ છે તેની જાણકારી મેળવી સમસ્ત મહાજન દ્વારા પશુદીઠ ૧૦ કીલો ઘાસ આપવાની જાહેરાત કરેલ. અને તેમને આ કામગીરી માટે ડીસાના જીવદયા પ્રેમી ભરતભાઈ શાહને જવાબદારી સોંપેલ. પ્રારંભમાં ગૌશાળા પાંજરાપોળ સંઘના મેનેજીંગ ટ્રસ્ટી અને મીટીંગના આયોજક જયંતિભાઈ બી.દોશી એ સૌને આવકારેલ. અને આપંથકમાં ગૌશાળા પાંજરાપોળના વહીવટકર્તાઓન. પડતી મુશ્કેલીનો ચિતાર રજુ કરેલ.

પધારેલા સૌ મહાનુભાવોનું કંકુ તિલક કરી શાલ ઓઢાડી

અનુસંધાન પાના નં.૬

કેન્દ્રીય રાજયમંત્રીના અધ્યક્ષસ્થાને ફિલ્ડ રિપોર્ટર્સ પાલનપુરનો દસમો પદ ગ્રહણ સમારોહ યોજાયો

શ્રી પાલનપુર હિન્દુ સમાજ વડીલ વિશ્રાંતી ભ
સંજય જોષી

બનાસકાંઠા જિલ્લામાં પોઝિટીવ સ્ટોરીનો ફિલ્ડ રિપોર્ટસ ગૃપે ચીલો પાડ્યો છે

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં પોઝિટીવ અહેવાલો – સ્ટોરીઓનો ચીલો પાડ્યો છે. જેને હવે આંતરરાષ્ટ્રીય ચેનલો પણ અપનાવી રહી છે. તેમ પાલનપુર ખાતે રવિવારે વડીલ વિશ્રાંતિગૃહમાં યોજાયેલા ફિલ્ડ રિપોર્ટસ ગૃપના દસમા પદ શપથગ્રહણ સમારોહમાં મહાનુભાવોએ જણાવ્યું હતુ.

સમાચાર કવરેજની સાથેસાથે સામાજીક દાયિત્વ નિભાવતા પાલનપુરના ફિલ્ડ રિપોર્ટસ ગૃપનો દસમો શપથગ્રહણ સમારોહ રવિવારે સાંજે વડીલ વિશ્રાંતીગૃહમાં યોજાયો હતો. જ્યાં વડીલોના સાનિધ્યમાં કેન્દ્રના ખાણ ખનીજ અને કોલસા વિભાગના રાજય મંત્રીશ્રી હરિભાઈ ચૌધરી દ્વારા ગૃપના નવા વરાયેલા પ્રમુખશ્રી સહિત હોદ્દેદારો અને સભ્યોને ફિલ્ડ ગૃપના મેડલ આપી સપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિશેષ ઉપલબ્ધિ પામનારા ગુજરાત વેરહાઉસ નિગમના ચેરમેન મગનભાઈ માળી તેમજ યાત્રાધામ વિકાસ બોર્ડના ડિરેકટર અને ગ્લોરી એવોર્ડ વિજેતા પીઢપત્રકાર શ્રી ગણપતભાઈ જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમને શિલ્ડ આપી તેમજ બુકે અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતુ. જેમની સાથે વડીલ વિશ્રાંતિગૃહના ટ્રસ્ટીશ્રી પ્રકાશભાઈ ગાંધી અને શ્રી રમેશભાઈ શાહનું પણ ફુલોના બુકે તેમજ શાલથી સન્માન કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે કેન્દ્રિય મંત્રીશ્રી હરિભાઈ ચૌધરીએ જણાવ્યું હતુ કે, રાજકારણની સાથેસાથે જેમ હું સામાજીક કાર્યો કરી રહ્યો છું તેમ પત્રકાર મિત્રો પણ સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ, વીમા યોજનાઓ કે જે અંતરિયાળ વિસ્તારના લોકો સુધી પહોચાડી આંગળી

અનુસંધાન પાના નં.૬

પાલનપુરમાં પડતર પ્રશ્નો અંગે વીજ કર્મીઓનું વિરોધ પ્રદર્શન

પાલનપુર

અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારા પડતર પશ્નોના મુદ્દે પાલનપુર વિજ કચેરી બહાર સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેના તાબાની છ કપનીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓના સુધારણા કરેલ એરિયર્સનું ચૂકવણુ એક હપ્તામાં કરવુ, ફિક્સ પગાર મેળવતા વિદ્યુત સહાયકોના પગારમાં વધારો કરવો તેમજ સરકારના ધારા ધોરણ મુજબ કામદારોને મળતા હકો આપવાના મુદ્દે અખિલ ગુજરાત વિદ્યુતકામદાર સંઘ દ્વારા સરકાર સામે બાયો ચડાવવામાં આવી છે. જેમાં બનાસકાંઠાના પાલનપુર વિજ કચેરી ખાતે મંગળવારે સંઘના કર્મચારીઓ દ્વારા કર્મચારીઓની માંગ પૂરી કરોના સૂત્રોચ્ચાર કરી વિરોધ દર્શાવવામાં આવ્યો હતો.જેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ જોડાયા હતા.

આજે બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકાઓમાં કિસાન કલ્યાણ મહોત્સવ યોજાશે

થરાદ ખાતે કેન્દ્રીય મંત્રીના અધ્યક્ષસ્થાને કિસાન કલ્યાણ મહોત્સવ યોજાશે

પાલનપુર

ભારત સરકાર દ્વારા તા.૧૪ એપ્રિલ-૨૦૧૮ ર્ડા.બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિથી તા. ૫ મે-૨૦૧૮ સુધી ગ્રામ સ્વરાજય અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે તા. ૨ મેના રોજ સવારે-૯.૩૦ કલાકે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા વિભાગના રાજયમંત્રી હરિભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને થરાદ માર્કેટયાર્ડ ખાતે જિલ્લા કક્ષાના કૃષિ કલ્યાણ દિવસની ઉજવણી કરવામાં આવશે.

બનાસકાંઠા જિલ્લાના ખેડુતોની આવક ૨૦૨૨ સુધીમાં ડબલ કરવા માટે જાગૃતિ લાવવા અને ખેડુત ભાઈઓ-બહેનોને કૃષિ સંલગ્ન ક્ષેત્રે આધુનિક કૃષિ તાંત્રિકતા અને સજીવ ખેતી અંગે માર્ગદર્શન મળી રહે તે હેતુથી તા.૨-૫-૨૦૧૮ના રોજ કૃષિ વિભાગ દ્વારા કિસાન કલ્યાણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અનુસાર ડીસા, ધાનેરા, લાખણી, થરાદ, વાવ, દાંતીવાડા, કાંકરેજ, ભાભર, દાંતા, અમીરગઢ, વડગામ, પાલનપુર તાલુકામાં એ.પી.એમ.સી. (માર્કેટયાર્ડ) ખાતે તથા દિયોદર મોડેલ સ્કુલ અને સૂઈગામમાં પ્રાંત ઓફિસની બાજુમાં આજે કિસાન કલ્યાણ મહત્સવ યોજાશે. જેમાં ખેડુતોને ઉપસ્થિત રહેવા તથા તજજ્ઞો દ્વારા અપાનાર માર્ગદર્શનનો લાભ લેવા આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી અને નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ) ખેડુત તાલીમ કેન્દ્ર ડીસા દ્વારા જણાવાયું છે.

રાજયમાં વસતા અનુસુચિત જાતિના પ્રશ્નો અને સમસ્યાઓ નિવારવા રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ સમક્ષ લેખિત રજૂઆત

ડીસા

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દ્વારા તા. ૨૬/૪/૨૦૧૮ ના રોજ ગાંધીનગર મુકામે ગુજરાત તથા કેન્દ્ર શાસિત પ્રદેશો દમણ, દીવ, દાદરા અને નગર હવેલીના અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ બાબતે જાહેર સુનાવણી રાખવામાં આવેલ. જેમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની ટીમને ગુજરાતના અનુસુચિત જાતિના પ્રશ્નો અને સમસ્યાઓ બાબતે ડીસાના દલીત સમાજના યુવા એડવોકેટ એન્ડ નોટરી વિજયભાઈ ગાંધી દ્વારા લેખિત રજુઆત કરી જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લામાં દલિતોની ફરિયાદ સ્થાનિક પોલીસ મથકે લેવાતી નથી અને પોલીસ અશોભનીય વર્તન કરે છે. તેમજ દલિત અત્યાચારોના કેસમાં પોલીસ મળતીયાઓની તૈયાર પંચનામામાં સહીઓ લઈ લે છે. જેથી કેસ ચાલતા આ તમામ પંચો હોસ્ટાઈલ (ફરી જાય છે) થઈ જાય છે જેથી આરોપીઓ છૂટી જાય છે. સરકારી વકીલો પણ આવા કેસોમાં પક્ષપાત દાખવે છે. ગામડાઓમાં આજે પણ જાહેર મંદિરોમાં દલિતોને પ્રવેશવા દેવાતા નથી. જેને લઈ વાદ- વિવાદ થાય છે. પણ સ્થાનિક અધિકારીઓ આંખ આડા કાન કરે છે. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓએ સેસન્સ કોર્ટમાં ચાલતા એટ્રોસીટીના કેસોનું મોનીટરીંગ કરવું જોઈએ અને સરકારી વકીલોનું ધ્યાન દોરી કેસો ઝડપી ચલાવી પરિણામ મેળવવું જોઈએ.

દલિત અત્યાચાર નિવારણના કેસો અને ત્યાં સુધી દલિત સરકારી વકીલોને ચલાવવા આપવા જોઈએ જેથી પરિણામની આશા રહી શકે. ગામડાઓમાં હજુ પણ અસ્પૃશ્યતા અકબંધ છે તે મુદ્દે કાયદાનું કડકાઈથી પાલન થવું જરૂરી છે. આ રજૂઆતો મુદ્દે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે તેમને તમામ પ્રશ્નોના ઉકેલની લેખિતમાં ખાત્રી આપી છે.

પાલનપુર ખાતે બુધ્ધપૂર્ણિમાની ઉજવણી કરાઇ

પાલનપુર

પારપડા રોડ પર આવેલ પાલનપુરની શ્યામ વિહાર ઉપવન સોસાયટીમાં ગઈકાલે સાંજે તથાગત ભગવાન બુધ્ધની યાદમાં બૌધ્ધવંદના તથા બુધ્ધપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. બૌધ્ધપૂર્ણિમાની ઉજાણવી પ્રસંગે તથાગત ભગવાન બૌધ્ધના ફોટાને ફુલહાર અર્પણ કરી, કેક કાપી બુધ્ધિષ્ટિ આગેવાનોએ તથાગત ભગવાન બૌધ્ધ વિશે મનનીય પ્રવચન કર્યા હતા.

શ્યામ વિહાર ઉપવન સોસાયટીના બુધ્ધિષ્ટ ઉત્પલભાઈ કુલકર્ણી દ્વારા ભગવાન બુધ્ધના ત્યાગ અને કરુણાના સિધ્ધાંતોની લોકો સુધી જાણકારી પહોંચાડવા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરમાંથી સારી સંખ્યામાં બુધ્ધિષ્ટો ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

બુધ્ધપૂર્ણિમાની ઉજવણી પ્રસંગે અગ્રણી મોહનભાઈ પરમાર, સોસાયટીના અગ્રણીઓ સર્વ જગદીશકુમાર મોદી, ર્ડા.બાજુભાઈ ચૌહાણ, મનનભાઈ પટેલ, હિતેષભાઈ ગલસર, સુરેશભાઈ પરમાર, આર.એસ.ચૌહાણ સહિત અગ્રણીઓ, માતા-બહેનો, બાળકો, વડીલો અને યુવાનો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ધાનેરાના પ્રાંત અધિકારીની બઢતી સાથે બદલી થતાં વિદાય સમારંભ યોજાયો

એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે પ્રાંત અધિકારી એસ.બી. પટેલની ગાંધીનગર ખાતે ડેપ્યુટી કમિશ્નર તરીકે બઢતી સાથે બદલી થતાં તેમનો વિદાય સમારંભ રાખેલ. સાથે સાથે કચેરીઓના સ્ટાફની પણ બદલીઓ થતાં તેમનો પણ વિદાય સમારંભ રાખવામાં આવેલ હતો.

જેમાં પ્રાંત અધિકારીએ ધાનેરા ખાતે ટુંકાગાળામાં ત્રણ ત્રણ ચૂંટણીઓમાં કર્મચારીઓનો રાજકીય વ્યક્તિઓનો તથા મીડીયાના કર્મચારીઓનો હકારાત્મક અભિગમ રહેલ જેની પ્રશંસા કરી હતી. મોડસીંગ દરબારે નાયબ મામલતદાર પુરવઠા તરીકે તથા રેશનકાર્ડની તથા પુરવઠાની કામગીરી સારી કરી તેમના તાબાના કર્મચારીઓને બે વર્ષમાં લોકોનું કામ કેવી રીતે કરવું તે વિશે તૈયાર કરી. સારી નામના મેળવી હતી. જેમને મામલતદાર બી.એસ. ખરાડીએ બિરદાવ્યા હતા. મોડસીંગ દરબારની બદલી પ્રાંત કચેરી ધાનેરામાં સીરસ્તેદાર તરીકે તથા નાયબ મામલતદાર ગઢવીની બદલી ભાભર ખાતે વીરમાભાઈની પ્રાંત કચેરીથી નાયબ મામલતદાર પુરવઠામાં કરી હતી. તથા ધીરૂભાઈ પંચાલને ઈધરામાંથી સર્કલ ઓફિસર ધાનેરા ખાતે મુકેલ મહીવાલભાઈ ના.મા. પ્રાંત કચેરીમાંથી ઈધરામાં ધાનેરામાં મામલતદાર કચેરીમાં તથા કાનજીભાઈ દેસાઈને મામલતદાર કચેરી ધાનેરામાંથી પ્રાંત કચેરી ધાનેરામાં બદલી કરવામાં આવી હતી. તથા નિગમભાઈ ધાનેરા પ્રાંત કચેરીમાંથી દાંતીવાડા મામલતદાર કચેરી પુરવઠા શાખામાં મુકેલ મામલતદાર કચેરી પુરવઠા શાખામાં મુકેલ છે. જેઓની વિદાય રાખવામાં આવી હતી.

મીઠી - પાલડીથી ગુલાબપુરાને જોડતા ડામર રોડની કામગીરી પૂર્ણ

નવિન દોશી

સ્થાનિકોમાં ખૂશીનો માહોલ

પ્રતિ. મીઠી - પાલડી

દિયોદર તાલુકાના મીઠી - પાલડી ગામથી ગુલાબપુરા સુધીનો અંદાજે ત્રણ કિલોમીટર જેટલો ડામર રોડની કામગીરી સંપૂર્ણ પણે પરિપૂર્ણ થતાં સ્થાનિકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. તેમજ ભુતકાળમાં પડતી દરેક સમસ્યા, મુશ્કેલીઓનો અંત આવ્યો છે.

ઉપરોક્ત સમસ્યાની વર્ષોથી રજૂઆતો સ્થાનિકો દ્વારા થવા પામી હતી જેના અનુસંધાને ગુજરાત રાજયના પૂર્વ મંત્રી કેશાજી ચૌહાણના આદેશથી જોબ નંબરથી મંજુરી આપવામાં આવી હતી તે કામ ગતરોજ પરિપૂર્ણ થતાં ગામ લોકોએ પૂર્વ મંત્રીનો આભાર માન્યો હતો. ઉપરોક્ત પ્રસંગે પાલડી ગ્રામ પંચાયત સરપંચ વતી રમેશભાઈ મોદી, પૂર્વ ડે.સરપંચ જી.કે.વાઘેલા, તલાટી ક.મ. મંત્રી ટીનાબેન રાવલ, પૂર્વ તા.પં. પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલા, મુક્તિલાલ દોશી તેમજ મોટી માત્રામાં ગ્રામજનોએ સાથે રહી ખુશીઓ વ્યક્ત કરી હતી.

તંત્રી સ્થાનેથી ...

રાજપુરોહિતોને રાજાના કરેલા પાપના ફળ ભોગવવા પડે છે.

દેશમાં શિક્ષિત બેકારોનો પ્રશ્ન નિવારી શકાયો નથી

ત્રિપુરામાં ડાબેરી શાસનનો વિદાય કરીને સત્તામાં આવેલા મુખ્યમંત્રી વિપ્લવકુમાર દેવ રોજેરોજ મનોરંજક નિવેદનો આપી વર્તમાન સંજોગોમાં ચર્ચાનો વિષય બન્યા છે. તેમનું કહેવું છે કે યુવાનોએ સરકારી નોકરી પાછળ ભાગવાના બદલે નાનામાં નાનો કોઈ પણ વ્યવસાય ખોલવો જોઈએ. કંઈ નહિં તો છેવટે પાનની દુકાન ખોલવી જોઈએ. આ તો ઠીક છે. જો યુવાનો ગાય પાળી દૂધનો વ્યવસાય કરે તો સારી એવી કમાણી પ્રાપ્ત થઈ શકે.

જો કે સરકારી નોકરીઓ મેળવવા સ્થાનિક અધિકારીઓ દ્વારા વ્હાલા- દવલાની નીતિ અપનાવાતી હોવાનું આજકાલ ચર્ચાસ્પદ બન્યું છે! અધિકારીઓ નજીકના સંબંધીના પુત્રને કે પુત્રીને ખાતાકીય અરજી કરાવીને નોકરીની લહાણી કરી દેતા હોય છે, આ રીતની નીતિથી સારા અને હોંશિયાર યુવાનો સરકારી કચેરીઓમાં આવ- જા કરીને ત્રાસી ઉઠતા હોય છે. સમય અને નાણાં બંને બરબાદ થાય છે. જો કે યુવાનો સંદર્ભે ત્રિપુરાના નવા મુખ્યમંત્રીનું નિવેદન એક મજાકનો વિષય બની ચુક્યો છે અને આ મુદ્દો રાષ્ટ્રભરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

યુવાનોને સરકારી નોકરીઓ ઉપલબ્ધ ન થઈ શકે તો તેઓને બેંકેબલ મદદ કરીને કોઈપણ કુટિર ઉદ્યોગો ખોલવામાં આવે તો બીજા યુવાનોને પણ રોજગારી પ્રાપ્ત થઈ શકે.

ગામડાઓમાં ધાર્યો વિકાસ ન થઈ શકતા ત્યાં રહેતા શિક્ષણવિદ્ યુવાનો શહેરો ભણી દોટ લગાવી રહ્યા છે, જો કે શિક્ષિત બેકારોનો પ્રશ્ન યથાવત રહ્યો છે.

ત્યારે ઉપરા ઉપરી વિવાદાસ્પદ નિવેદનો કરનારા ત્રિપુરાના ભાજપના નવા મુખ્યમંત્રી વિપ્લવકુમાર દેવને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખુલાસા માટે રાજધાની ખાતે રૂબરૂ બોલાવ્યા હોવાનું બહાર આવ્યું છે. ગમે તેવા નિવેદનો આપવા એ એક મુખ્યમંત્રી તરીકે યોગ્ય તો ન જ કહેવાય!

વિપ્લવકુમાર દેવ વડાપ્રધાન મોદી ઉપરાંત ભાજપના અધ્યક્ષ અમિત શાહ સાથે પણ અમુક ચર્ચા વિચારણા કરનાર છે.

જો કે ગત રવિવારે વિપ્લવ કુમારે એવો ખુલાસો કર્યો હતો કે મિકેનિકલ એન્જીનિયર્સે સિવિલ સર્વિસીઝમાં ન જવું જોઈએ તેવું તેમણે કહ્યું જ નથી.. પણ એટલું જ કહ્યું હતું કે સિવિલ એન્જિનિયરને વહીવટનો વધારે અનુભવ હોય છે. એટલે તેઓએ તેમાં જવું જોઈએ.

સરકાર ભલે નોકરીઓ માટે ગમે તેવો દાવો કરે પરંતુ હકીકતમાં શિક્ષિત બેકારોની સંખ્યામાં વધારો થતો જોવા મળે છે. બેકાર યુવાનોને થાળે પાડવા માટે સરકારે ખરેખર એક સ્પષ્ટ નીતિ અખત્યાર કરવી જોઈએ. જેમ કાગળો પર કરોડોની યોજનાઓને 'ઓ.કે.' કરી દેવામાં આવતી હોય છે.એવું યુવાનોને નોકરીઓ આપવાના પ્રશ્ને માત્ર કાગળો પરનું ચિતરામણ ચાલી શકે નહિં. ભાજપ સરકાર દ્વારા છેલ્લા ચાર વર્ષમાં કેટલા યુવાનોને સરકારી નોકરીઓ ઉપલબ્ધ કરાવી? તે બાબતને સ્પષ્ટ અને સત્ય અહેવાલ દેશજનો સમક્ષ રજુ કરવો જોઈએ.

થોડા દિવસો અગાઉ એક રાજ્યમાં સરકારના એક વિભાગમાં પટાવાળાની જગ્યા ભરવાની હતી. તેમાં સી.એ. એન્જિનિયર, બી.કોમ., એલ.એલ.બી. કરેલા યુવાનોએ નોકરી માટે અરજી કરી હતી. દેશમાં શિક્ષિત બેકારો પટાવાળાની નોકરી લેવા માટે પણ તૈયારી રાખી રહ્યા છે ત્યારે ઘણા બધા સરકારી ખાતાઓમાં વર્ષોથી ખાલી પડેલી જગ્યાઓ પર શિક્ષિત બેકારોને સ્થાન મળે તો તેમનું જીવન ધોરણ પાટે ચઢી શકે!!

કથાસાગર- સત્યની ઓળખ

એક ગામમાં એક વ્યક્તિ રહેતો હતો. તેની પત્ની મરી ચૂકી હતી અને તેનો એક જ દીકરો હતો. એક દિવસ જ્યારે તે વેપાર માટે બહારગામ ગયો હતો ત્યારે ત્યાં ડાકુઓએ હુમલો કરી દીધો. ડાકુઓએ ત્યાં અનેક લોકોની હત્યા કરી નાખી અને અનેક લોકોના મકાનોને આગ ચાંપી દીધી. પરત ફરતી વખતે ડાકુ એ વ્યક્તિના પુત્રને પણ પોતાની સાથે લઈ ગયા. જ્યારે એ વ્યક્તિ ગામમાં પરત ફર્યો ત્યારે ત્યાં તબાહીની સ્થિતિ જોઈ તેના હોશ ઉડી ગયા. તે રડી રડીને આખા ગામમાં પોતાના એકમાત્ર સંતાનને શોધવા લાગ્યો.

ઘરમાં રાખ થયેલા મકાનો અને લાશો વચ્ચે તેને એક બાળકની બળી ગયેલી લાશ મળી. તેની કદ-કાઠી તેને પોતાના બાળક જેવી લાગી. આ જોઈ તે છાતીફાટ રૂદન કરવા લાગ્યો. તેણે માની લીધું કે તેનો દીકરો મરી ગયો છે. બાદમાં તેણે એ બાળકના અંતિમ સંસ્કાર કરી નાખ્યા. અનેક મહિના થઈ ગયા પરંતુ તે વ્યક્તિ પોતાના દીકરાની વિદાયના શોકમાં ગળાડૂબ જ રહેતો હતો. એક દિવસ એ વ્યક્તિના પુત્ર ડાકુઓના ચુંગલમાંથી ફરાર થઈ ગયો. તે જેમ તેમ કરીને પોતાના ગામ સુધી આવ્યો અને સીધો પોતાના ઘર તરફ જવા લાગ્યો. તે વખતે ત્યાં રાત પડી ચૂકી હતી.

જ્યારે તેને ઘરનું બારણુ ખખડાવ્યું ત્યારે દીકરાના શોકમાં ડૂબેલા પિતાએ અંદરથી જ પૂછ્યું કે કોણ છે? દીકરાએ જવાબ આપ્યો હું તમારો દીકરો. દુઃખી પિતાને લાગ્યું કે કોઈ તોફાની છોકરો તેની મજાક કરી રહ્યો છે. આ કારણે તેને મોટેથી કહ્યું, મારો કોઈ દીકરો નથી. તુ અહીંથી જતો રહે. એમ કહી તે રડવા લાગ્યો. બાળક થોડી વાર ઉભા રહ્યો અને ત્યાંથી જતો રહ્યો. ત્યારબાદ પિતા અને પુત્ર જીવનમાં ક્યારેય ન મળ્યા.

કથાનો સાર એ છે કે જીવનમાં ક્યારેય-ક્યારેક લોકો કોઈ ખોટી વાતને સાચી માની તેની સાથે જોડાઈ જાય છે અને તેના પરિણામસ્વરૂપ એવું પણ બનતું હોય છે કે સત્ય સામે પ્રગટ રહે છે અને ખોટા તાદાત્મ્યને કારણે તેની ઓળખ થઈ શકતી નથી અને તે દ્વારેથી પરત ફરે છે.સત્ય પ્રતિ લગાવ થવાની સાથે એ પણ જરૂરી છે કે આપણે આપણા દ્વારા સાચા માની લેવામાં આવેલા તથ્યોના પરીક્ષણ પ્રતિ પણ સજાગ રહે. આમ ન થતાં સત્ય અંધવિશ્વાસ બની જાય છે જે અત્યંત દુઃખદાયક હોય છે.

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

આપણે પૃથ્વીના ભાગ પાડ્યા. તોડી- ફોડી કટકા કર્યા. સાધનોની ન્યાયી વહેંચણી ના કરી એટલે રશિયામાં લોહીયાળ ક્રાંતિ થઈ...

ગતાંકથી ચાલુ

(રવિશંકર મહારાજ બનાસકાંઠા જિલ્લામાં ભૂમિદાન મેળવવા માટે ફર્યા હતા. તેઓ ભાભર ગામમાં આવ્યા હતા. ત્યાં તેમણે સભા ભરીને મહારાજે પ્રવચન કર્યુ. મહારાજ મોટે ભાગે પ્રશ્નોત્તરી કરતા હતા. તેમણે એક પ્રશ્ન પૂછ્યો. હવે આગળ વાંચો).

રવિશંકર મહારાજે કહ્યું, 'હું જમીન માગવા કેમ આવ્યો છું ખબર છે?' ગામના આગેવાન મોહનલાલ શિવરામ ઠક્કરે કહ્યું, 'એ વાત કરો મહારાજ?' પછી મહારાજે કહ્યું, 'જુઓ ભગવાને હવા બનાવી તો એની માલિકી કોની?' દયાળજીભાઈ પૂજારાએ કહ્યું. 'બધાની.' પછી મહારાજે પૂછ્યું. 'પાણીની માલિકી કોની?' ચિમનલાલ માધુએ કહ્યું- 'બધાની.'

મહારાજઃ- 'પૃથ્વીની માલિકી કોની?'

એક ઠાકોરે કહ્યું, 'એ તો બાપજી, જેની પાસે હોય એની.' મહારાજે જરા હસીને કહ્યું, 'આપણે પૃથ્વીના ભાગ પાડ્યા. પૃથ્વીને તોડી કટકા કર્યા. પણ ભગવાને તો બધાને સરખું આપ્યું છે. આપણે સાધનોની ન્યાયી વહેંચણી કરી નહીં. આપણે સમાજ વ્યવસ્થા જ એવી ઊભી કરી કે કેટલાકને મહેલો મળ્યા; તો કેટલાકને ઝૂંપડાં! કેટલાકને છપ્પન પકવાન મળે અને કેટલાક ભૂખ્યા રહે. ખાવાનું પણ ના હોય. એ સમાજ વ્યવસ્થા વિરૂધ્ધ કેટલાક ચિંતકોએ અવાજ ઊઠાવ્યો. કાર્લમાર્કસ નામના એક જર્મન ચિંતકે 'દા' કેપીટલ' નામના પુસ્તકમાં જણાવ્યું કે આર્થિક રીતે જગતમાં બધા સમાન હોવા જોઈએ. આ વિચારને લઈને રશિયામાં લેનિન નામના એક ક્રાંતિકારીએ રશિયાના રાજા ઝાર વિરૂધ્ધ લડત શરૂ કરી. રાજાશાહીને નાબૂદ કરીને મજૂરોનું રાજ્ય આવ્યું. મજૂરોએ શ્રીમંતોને મારીને બધું લૂંટી લીધું. કોઈ પૈસાદાર નહીં કોઈ ગરીબ નહીં. બધા સરખા. એવી સમાજ વ્યવસ્થા સ્થાપી. પણ બધાને સરખા કરવા જતાં કરોડો લોકોની કતલ થઈ. લોહીની નદીઓ વહી. આ અહિંસા જોઈને ગાંધીબાપુનું દિલ કકળી ઊઠ્યું. તેમણે સામ્યવાદ અને સમાજવાદને બદલે સર્વોદયવાદની વાત કરી. જેમાં બધાનો ઉદય છે. શ્રીમંતો ધનના ટ્રસ્ટી છે. તેમણે પોતાના ગરીબ ભાઈઓને પોતાની પાસે છે તે આપવાનું છે. આર્થિક સમાનતા સમજથી સ્થપાવી જોઈએ. જેની પાસે વધારે જમીન છે તે પોતાની પાસેથી ગરીબોને થોડી જમીન આપે. આપણે ત્યાં જાગીરદારો છે તેમને ત્યાં ઘણા ખેતમજુરો કામ કરે છે. એવા ખેતમજૂરોને આપણે ખેડુત બનાવીએ. વિનોબાજીએ સર્વોદયના વિચારને અમલમાં મૂકવા માટે ભૂદાન યોજના શરૂ કરી. રશિયામાં જે કામ બંદૂકથી થયું. વિનોબાજીએ કામ કરુણાથી કરી રહ્યા છે. હું વિનોબાજીનો ખેપિયો છું તમારી પાસે જમીન માગવા આવ્યો છું.' કહીને મહારાજે પ્રવચન પુરુ કર્યું. ભાભરમાં પહેલાં હજારેક રૂપિયાનું સાધનદાન અને પચીસેક વીઘા જમીન મળી હતી. વધારે દાન મળવાની કોઈ કલ્પના ન હતી પણ એક સજ્જન ઊભા થયા અને એક પછી એક ખેતર લખાવવા લાગ્યા. તેમણે ૮૫ વીઘાં જમીન નોંધાવી. પછી મહારાજને કહ્યું, મારે ત્યાં આ ખેતરો ગીરો હતાં. તે હું ભૂદાનમાં આપું છું. આ જમીન જે ખેડુતોને મળે એવી મારી ઈચ્છા છે એ ખેડુતો પાસે બળદ નથી. એમને માટે બળદની ગોઠવણ કરશો તો મારો આત્મા રાજી થાશે. એમને બળદ માટે મદદ કરવા હું રૂા. ૫૧ મંડાવું છું. આટલું બોલી તે બેસી ગયા. સભામાં હાજર રહેલા એ ખેડુતોએ આ વાત જાણી. એમનાં હૈયાં આનંદથી નાચી ઊઠ્યાં. સવારે વિતરણ પ્રસંગે એ ખેડુતોને રૂા. ૭૧૦/- બળદ માટે પોતે અપાવશે. એવું મહારાજે જાહેર કર્યું.

સભાનું કામ પૂરું થવા આવ્યું હતું. ત્યાં સૌના આશ્ચર્ય વચ્ચે એક મોટા ફાળિયાવાળો માણસ ધીમે પણ મક્કમ ડગલે સભાને ચીરતો આગળ વધી રહ્યો હતો. પાંત્રીસેક વર્ષની ઉંમર નામ માનસંગ ઠાકોર. નામીઓ અને માથાભારે માણસ. ખૂની પણ ગણાતો. દારૂ પણ માટલે- માટલાં ઢીંચવા જોઈએ. એવી એની ખ્યાતિ. આવો માણસ તે મહારાજ પાસે શું કરવા જતો હશે? એ જાણવા સૌ એકચિત્ત થયા હતા.

એટલામાં તો માનસંગ ઠાકોરે ફાળિયું ઉતારી મહારાજના ચરણોમાં ઢળી પડ્યો અને કહેવા લાગ્યો.'દાદા, આશિષ આપો? આજથી હું દારૂ છોડું છું.'

મહારાજઃ 'શું? દારૂ છોડો છો?'

માનસંગ ઠાકોરઃ હા, દાદા.

મહારાજઃ- પણ એમ એ છૂટશે? એ તો જબરો શત્રુ છે.

ઠાકોરઃ છૂટશે.. છૂટશે.. બાપજી! આશિષ આપો?

મહારાજઃ સાંભળો! દારૂ જેટલો બળવાન છે તેટલો બીકણ અને બાયલો પણ છે. જરા ઢીલા પડ્યા તો ઉપર ચઢી બેસશે. પણ, હું નહીં કે તું નહીં એવી મર્દાનગીથી સામે થશો તો તમારાથી દૂર ને દૂર જ ભાગતો રહેશે. બોલો, તમારે બીકણ થવું છે કે બળવાન?

ઠાકોરઃ મારે બળવાન થવું છે.

મહારાજઃ (હસીને) પણ આંખ કાઢશે ત્યારે?

ઠાકોરઃ ભલે ને કાઢે? હવે તો વશ ના થાઉં, જીવ નીકળી જાય તો ભલે. પણ દારૂ તો નહીં જ પીઉં. અમે ઠાકોર છીએ. બોલ માટે માથું આપી દઈએ.

મહારાજઃ વાહ...!વાહ..! બહુ સારું...! પ્રતિજ્ઞા પાળશો તો સુખી થશો. ભગવાન તમારું ભલું કરે.

ઠાકોરઃ મહારાજના ચરણોમાં વંદન કરી સભા સામે ફરીને બોલે છે. સભાને પણ રામરામ કરું છું. ફાળિયું ઉતારું છું. તમે પણ મને આશિષ આપો.

આખી સભાએ તાળીઓના ગડગડાટથી માનસંગજી ઠાકોરને વધાવી લીધા. રવિશંકર મહારાજની આવી ઘણી વાતો છે.

(પ્રેરકઃ- ડૉ.દિનેશભાઈ ચૌધરી

પ્રિન્સિપાલશ્રી બી.એડ્. કોલેજ મહેસાણા)

- કનુ આચાર્ય

દેશમાં ઉદ્યોગસાહસિકો માટે અગાઉ કરતાં પરિસ્થિતિ ઘણી સુધરી છેઃ ઝફર સરેશવાલા

ગાંધીનગર

તાલિમ-ઓ તરબિયત અને ટાઈ, અમદાવાદના સહયોગથી ગાંધીનગરમાં આઈઆઈટી ખાતે યોજાયેલ ' એજ્યુકેશન ટુ આંત્રપ્રિન્યોરશિપ' વર્કશોપમાં બિઝનેસના આઈડીયાનું વાસ્તવિકતામાં રૂપાંતર કરવાના ઉદેશથી મૌલાના આઝાદ ઉર્દૂ યુનિવર્સિટીના ચાન્સેલર શ્રી ઝફર સરેશવાલાના અધ્યક્ષપદે આઈઆઈટી ગાંધીનગર ખાતે એકત્ર થયેલ જંગી યુવા સમુદાયને નેશનલ સ્ટોક એક્સચેન્જ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ટાઈ તથા ઉદ્યોગ સાહસિકતાની દુનિયાના તેમજ રાજકિય અગ્રણીઓએ સંબોધન કર્યું હતું અને પોતાનુ એકમ સ્થાપવામાં તથા તેને સફળ થવાની પ્રેરણા આપી સફળતા માટેનાં વિવિધ પરિબળોની વિગતે ચર્ચા કરી હતી.

સમારંભનુ સ્વાગત પ્રચન આપતાં શ્રી સરેશવાલાએ કહ્યું કે " પ્રગતિ માટે બે બાબતો મહત્વની છે. એક તે તમારે જે કાંઈ કરવાનુ છે તે તેમેન નિષ્ઠાથી કરો અને બીજુ અન્ય એ જે કરવાનું છે તે (ધિરાણ મંજૂરીઓ વગેરે) કરાવવા માટે ઝઝૂમતા રહો.

લારા દત્તાએ તેનું ભાગ્ય ખૂલી ગયું તે કોલ વિશે વાતો કરી

૨૦૦૦થી વધુ ગીતોની કોરિયોગ્રાફી કરવા માટે ઓળખાતાં સરોજ ખાન ઉર્ફે માસ્ટરજીએ દરેક બોલીવૂડ સ્ટારને પોતાને તાલે ઝુમાવ્યા છે. દર્શકોના મનમાં વિશેષ સ્થાન ધરાવતા હાઈ ફીવરપ ડાન્સ કા નયા તેવરના મંચ પર ડાન્સિંગ લીજન્ડની સુંદર હાજરી જોવા મળી હતી. ડાન્સ માટે તેની બારીકાઈભરી નજર, તેની હાજરીએ દરેક ડાન્સિંગ આત્માને તેની પાસેથી પરફેક્ટ સ્કોર મળે તેવી આશા સેવી હતી.

જજ લારા દત્તા, અહમદ ખાન અને ડેના એલેક્સા આ ગુરુ સાથે પેનલ શેર કરવા મળ્યું તે બદલ ભારે રોમાંચિત હતાં. ભારતનાં અત્યંત પ્રતિષ્ઠિત ડાન્સરમાંથી એક સરોજ ખાન ખરા અર્થમાં બોલીવૂડના ડાન્સિંગનો ઓપ આપવાની પરફેક્ટ રેસિપી ધરાવે છે. માસ્ટરજી સાથે દરેક કલાકારને કામ કરવાનું સપનું હોય છે તે વિશે બોલતાં લારા દત્તાએ પોતાની અને સરોજ ખાનની સુંદર સ્મૃતિ તાજી કરી હતી. આ સ્મૃતિ દર્શકોને લારા દત્તાની પ્રથમ ફિલ્મ રિલીઝ થવાની હતી અને તેણે પ્રિયંકા ચોપરા સાથે પ્રથમ સ્ટેજ શો કર્યો તે સમયની છે.

અંતર્દષ્ટિ-આગે બઢો

જો લ-ય સ્પષ્ટ હોય, તેને મેળવવાની તીવ્ર ઉત્કંઠા અને અદમ્ય ઉત્સાહ હોય તો એકલો વ્યક્તિ પણ ઘણું બધું કરી શકે છે. વિશ્વકવિ રવિન્દ્રનાથ ટાગોરનું એ કથન કેટલું સચોટ છે કે અસ્ત થતાં પહેલાં સૂર્યએ પૂછ્યું કે મારા અસ્ત થઈ ગયા બાદ દુનિયાને પ્રકાશિત કરવાનું કામ કોણ કરશે. ત્યારે એક નાનકડો દીવો સામે આવ્યો અને કહ્યું, પ્રભુ, જેટલું મારાથી થઈ શકશે, તેટલો પ્રકાશ ફેલાવવાનું કામ હું કરીશ. આખરી ટીપા સુધી દીપક પોતાનો પ્રકાશ ફેલાવતો રહે છે. જેટલું આપણે કરી શકીએ છીએ, એટલું કરતા જાવ. આગળનો માર્ગ એમ જ બનતો જશે. કોઈએ કેટલું સુંદર કહ્યું છે કે જેટલું તમે કરી શકો છો એટલું કરો, પછી જે તમે નહિ કરી શકો, તેને પરમાત્મા પૂરું કરશે. જે વ્યક્તિ આપત્તિ-વિપત્તિથી ગભરાતો નથી, પ્રતિકૂળતા સામે ઝૂકતો નથી અને દુઃખને પણ પ્રગતિની સીડી બનાવી લે છે, તેની સફળતા નિશ્ચિત છે. એવા ધીર પુરુષના સાહસને જોઈને અસફળતા ઘૂંટણિયે પડી જાય છે. તેથી જ તો કહેવાયું છે કે - 'ચરૈવેતિ ચરૈવેતિ' એટલે કે ચાલતા રહો, ચાલતા રહો, નિરંતર શ્રમશીલ રહો. કોઈ મહાપુરુષે કેટલું સુંદર કહ્યું છે - અંધકારની નિંદા કરવા કરતાં એક નાની મીણબત્તી, એક નાનો દીવો જલાવવો ક્યાંય વધુ સારું હોય છે.

સ્વાસ્થ્ય અને નિરોગીપણા માટે અત્યંત લાભકારી પ્રાકૃતિક પિવત્ર તુલસીનો રસ તુલસી અર્કની સૈકા જૂની બૈધનાથ આયુર્વેદ દ્વારા રજુઆત

આયુર્વેદની દુનિયામાં એક સદી જૂની ઝાંસીની બૈધનાથ ખુબ વિશ્વાસપાત્ર અને ૭૦૦ શ્રેણીઓમાં ઉત્પાદનો ધરાવતી સૌથી મોટી ઉત્પાદક કંપની છે. ગ્રાહકોની પસંદગીમાં આવેલા બદલાવ અને પ્રાકૃતિક, જૈવિક અને આયુર્વેદીક ઉત્પાદનો અને યુવાઓના વધી રહેલા રસને જોતા બૈધનાથે સ્વાસ્થય અને ઔષધીય ઉપચાર માટે લાભકારી પવિત્ર તુલસીનો રસ તુલસી અર્કની રજુઆત કરી છે.

બૈધનાથ આયુર્વેદના કાર્યકારી નિદેશક શ્રી અનુરાગ શર્માએ જણાવ્યું હતું કે બૈધનાથને હંમેશા આયુર્વેદ અને પ્રાકૃતિક જડીબુટીઓના ગુણો પર જ વિશ્વાસ રહ્યો છે. બૈધનાથ એવા ઉત્પાદનો બનાવવાની દિશામાં કામ કરી રહી છે, જે આયુર્વેદના ફાયદાની સાથે વિશ્વસનીયતા અને સચોટતા ચકાસેલી હોય છે, પરંતુ આધુનિક જમાના પ્રમાણે તેને સુવિધાજનક પેકિંગમાં છે. પવિત્ર તુલસીનો રસ અથવા તુલસીનો અર્ક ઉતારવાનું તે જ પ્રક્રિયાનો એક હિસ્સો છે. તુલસી ભારતીય ઉપમહાદ્વિપમાં સૌથી મહત્વપૂર્ણ જડીબૂટી છે. તુલસી સન્માનીત પણ છે અને ફાયદાઓના હિસાબથી ગુણકારી પણ છે.

ઘર ખરીદનાર ૭૪ ટકા ગ્રાહકો નથી જાણતાં કે કોઈ પ્રોજેક્ટના રેરા સ્ટેટસની તપાસ કેવી રીતે કરેઃ મૈજિકબ્રિક્સ કન્ઝ્યૂમર ચોઈસ પોલમાં આ તથ્ય સામે આવ્યું

Step-by-step process to find a project on RERA website
1
2
3
4
5

ભારતની નંબર ૧ પ્રોપર્ટી સાઈટ મૈજિકબ્રિક્સ દ્વારા કરવામાં આવેલ સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ૭૪ ટકા લોકો નથી જાણતાં કે તેમણે ઘર ખરીદતાં પહેલાં સુનિશ્ચિત કરી લેવું જોઈએ કે પ્રોજેક્ટને રાજ્યની રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી એટલે કે રેરાની સાથે રજિસ્ટર્ડ કરવામાં આવ્યું છે. ગ્રાહકોને એ વાતની જાણકારી નથી કે રેરાની વેબસાઈટ પર તેઓ કેવી રીતે આ વાતની તપાસ કરી શકે છે. રેરા લાગૂપડ્યાના એક વર્ષ બાદ પણ રેરા અધિનિયમ ૨૦૧૬ હજી સુધી ગ્રાહકો સાથે જોડાઈ શક્યું નથી કારણકે ૭૪ ટકા ગ્રાહકો આજે પણ નથી જાણતાં કે તેમણે ઘર ખરીદતાં સમયે પ્રોજેક્ટના રેરા રજિસ્ટરની તપાસ કેવી રીતે કરવી જોઈએ. મૈજિકબ્રિક્સ કન્ઝયૂમર ચોઈસ પોલમાં આ તથ્ય સામે આવ્યું છે.

વાસ્તવમાં અધિનિયમ લાગૂ થવાના ૧૨ મહિના વીતી ગયા પછી પણ ૧૫ રાજ્યોએ અત્યાર સુધી ઓનલાઈન સાઈટ્સ નથી બનાવી, જેનાં પર ડેવલોપર્સ પોતાનાં પ્રોજેક્ટ્સને સૂચીબદ્ધ કરી શકે અને ગ્રાહકો પ્રોજેક્ટ વિશે દરેક પ્રાસંગિક જાણકારી પ્રાપ્ત કરી શકે.

સ્વિટ્ઝરલેન્ડ ટૂરિઝમે રણવીર ઓન ટૂર ગોલ્ડન પાસ લાઈન ટ્રેન દોડાવી

Ranveer Singh
On Tour

રણવીર સિંહના ઈઈનલવવિથસ્વિટ્ઝરલેન્ડ વિશે સહુ કોઈ જાણે છે પરંતુ આ દેશે તેના સ્વિટ્ઝરલેન્ડ પ્રત્યેના પ્રેમને ખાસ સન્માન આપ્યું હતું અને તેના માટે રણવીર ઓન ટૂર ગોલ્ડન પાસ ટ્રેન નામની ખાસ ટ્રેન દોડાવી હતી. ભારતીય લોકો સ્વિટ્ઝરલેન્ડની મુલાકાત લેતાં વધ્યાં છે અને તેમાં રણવીર સિંહનું ખાસ યોગદાન રહેલું છે તેને બિરદાવવા માટે સ્વિટ્ઝરલેન્ડ ટૂરિઝમ દ્વારા આ ખાસ ટ્રેન દોડાવવામાં આવી રહી છે.

આ ટ્રેનને સ્વિટ્ઝરલેન્ડ ટૂરિઝમના ઓફિસિયલ બ્રાન્ડ એમ્બેસેડર રણવીર સિંહ દ્વારા લીલી ઝંડી આપવામાં આવી હતી. આ પ્રસંગે સ્વિટ્ઝરલેન્ડ ટૂરિઝમના સીઈઓ માર્ટિન નાયડેજર અને સ્વિસ ટ્રાવેલ સિસ્ટમના સીઈઓ મૌરસ લાઉબેર પણ ખાસ હાજર રહ્યા હતા. આ ટ્રેન લેક ઓફ જિનિવા રિજનનાં કુદરતી વાતાવરણમાંથી પસાર થઈ હતી અને તેમાં મોન્ટ્રેક્સમાંથી મુસાફરો બેઠા હતાં. ટ્રેનમાં આ દેખાવડા સ્ટારના ફોટા લગાવવામાં આવ્યા હતા.

સાઈલન્ટ ફેન્સ પ્રીમિયમ સેગમેન્ટમાં ઓરિયન્ટ ઈલેક્ટ્રિકને નં. ૧ સ્થાને લઈ જાય છે



ડાઈવર્સિફાઈડ યુએસડી ૧.૮ અબજ સીકે બિરલા ગ્રુપનો હિસ્સો ઓરિયન્ટ ઈલેક્ટ્રિક લિમિટેડે એક વર્ષમાં ૧૯ ટકાથી ૩૫ ટકા સુધી પ્રીમિયમ ફેન્સ સેગમેન્ટમાં બજાર હિસ્સામાં મજબૂત વધારો નોંધાવ્યો છે. કંપનીએ વિશ્વ કક્ષાની ટેકનોલોજીની વિશિષ્ટતા સાથેની તેની પ્રીમિયમ એરો સિરીઝ ફેન્સ રેન્જમાં નવા પ્રકાર લોન્ચ કર્યા પછી સેગમેન્ટમાં ૧૫૦ ટકાની વૃદ્ધિ નોંધાવી છે. પ્રીમિયમ સેગમેન્ટમાં ફેન્સની કિંમત રૂ. ૪૦૦૦ જેટલી છે. ઓરિયન્ટ ઈલેક્ટ્રિક લિ.ના ફેન્સના સિ. વીપી અને બિઝનેસ હેડ શ્રી અતુલ જૈન જણાવ્યું હતું કે પ્રીમિયમ સેગમેન્ટમાં ફેન્સની અમારી એરો સિરીઝને અદભુત સફળતા મળી છે અને વૃદ્ધિના આંકડા આકાંક્ષાત્મક લાઈફ સ્ટાઈલ માટે ભારતીય ગ્રાહકોમાં વધતી ભૂખનો સંકેત આપે છે. સાઈલન્સની ઓળખ, ઉચ્ચ એર ડિલિવરી અને પ્રીમિયમ ફિનિશ સાથે ગ્રાહકોની મજબૂત જરૂરતોને આધારે અમારા ડિઝાઈન એન્જિનિયરોએ એરો સિરીઝ ફેન્સની આ અદભુત પ્રોડક્ટ લાઈન-અપ વિકસાવવા માટે એરોનોટિકલ સંકલ્પનાનો ઉપયોગ કર્યો છે.

આઈડિયાએ ૬ મુખ્ય બજારમાં ગ્રાહકો માટે વોલ્ટે સેવાઓ શરૂ કરી

દેશમાં અવ્વલ ટેલિકોમ ઓપરેટરમાંથી એક આઈડિયા સેલ્યુલરે આજે છ મુખ્ય શહેર મહારાષ્ટ્ર અને ગોવા, ગુજરાત, કેરળ, તામિલનાડુ, આંધ્ર પ્રદેશ, તેલંગણ અને મધ્ય પ્રદેશમાં ગ્રાહકો માટે તેની વોલ્ટે (ઈન્ઈ- વોઈસ ઓવર એલટીઈ) સેવા રજૂ કરવાની જાહેરાત કરી છે. આ બજારોમાં આઈડિયાના ગ્રાહકો ૨ મે, ૨૦૧૮થી આરંભ કરતાં રિવોલ્યુશનરી વોલ્ટે ટેકનોલોજી ઉપલબ્ધ કરી શકે છે.

Idea VoLTE

આ કમર્શિયલ લોન્ચ વિશે બોલતાં આઈડિયા સેલ્યુલરના ચીફ માર્કેટિંગ ઓફિસર શ્રી શશી શંકરે જણાવ્યું હતું કે આઈડિયા વોલ્ટેનું લોન્ચ એ ડિજિટલી કનેક્ટેડ ગ્રાહકો પ્રત્યે અમારી વચનબદ્ધતા છે અને આઈડિયાના મોબિલિટી પ્રવાસમાં મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે. ચઅમારું લક્ષ્ય આ રિવોલ્યુશનરી નવી ટેકનોલોજી થકી અમારા ગ્રાહકોને બહેતર અને ઉત્તમ કોલ ગુણવત્તાનો અનુભવ પૂરો પાડવાનું છે.

પાલવના પડછાયા
નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...

પૌષ્ટિક અને ચટપટી મસૂર દાળ

આરોગ્યપ્રદ રહેવા માટે સારુ ખાનપાન હોવુ ખૂબ જરૂરી છે. મસૂર દાળમાં અનેક પૌષ્ટિક તત્વો જોવા મળે છે. જે આરોગ્ય માટે લાભકારી હોય છે. આજે અમે તમને મસૂર દાળ બનાવવાની રેસીપી બતાવવા જઈ રહ્યા છીએ. જેને ભાત સાથે ખાવ.

સામગ્રી - ૧ લીટર પાણી ૨૨૦ ગ્રામ મસૂર દાળ

- ૧ ટી સ્પૂન મીઠુ - ૧ ટી સ્પૂન હળદર, ૨ ટીસ્પૂન સૂકો આમચૂર પાવડર, ૩ ટેબલસ્પૂન ઘી, ૧ ટીસ્પૂન જીરુ, ૧ ટીસ્પૂન જીરુ, ૨ સૂકા લાલ મરચાં, ૧૦૦ ગ્રામ ડુંગળી, ૧/૪ ટીસ્પૂન હીંગ, ૧૧૦ ગ્રામ ટામેટા, ૧ ટી સ્પૂન લાલ મરચું

બનાવવાની રીત - સૌ પહેલા દાળને સારી રીતે ધોઈ લો. એક કડાહીમાં પાણી નાખો અને પછી તેમા દાળ મીઠુ અને હળદર નાખી સારી રીતે મિક્સ કરી બાફી લો. આ દાળ તમે કુકરમાં પણ બાફી શકો છો. હવે તેમા સૂકો આમચૂર પાવડર નાખીને મિક્સ કરો. એક પેનમાં ઘી નાખીને ગરમ કરો. હવે તેમા જીરુ, સૂકા લાલ મરચા, ડુંગળી, હિંગ અને લીલા મરચા નાખીને સાધારણ સોનેરી થતા સુધી સેકો. પછી તેમા ટામેટા અને લાલ મરચા નાખીને બફાવા દો. હવે તાપ પરથી હટાવીને બાઉલમાં કાઢી લો. મસૂર દાળ તૈયાર છે. તેને ધાણાથી સજાવીને સર્વ કરો.

મુગ્ધાવસ્થાનો પ્રેમ સંયુક્ત પરિવારોમાં ભંગાણ

નારી ચેતના

પૂર્વગ્રહ કે અભિપ્રાય બાંધ્યા વિના શાંતિથી તમારા બાળકની વાત સાંભળો. આજના સમયમાં બાળકોના જીવનમાં ઘણા પડકારો છે. સંતાન મનની વાત કરે તે ખૂબ મહત્વની બાબત છે તેથી તેને બોલવા દો

મુગ્ધાવસ્થામાં (પ્રિ-ટીનેજ) જે બાળકો પાર્કમાં રમતા હતા. નાની-નાની રમતોમાં રસ લેતાં હતા, ચાદરો બાંધીને ઘર અથવા ટેન્ટ બનાવતા હતા તે બાળકો ટીનેજમાં પ્રવેશે ત્યારે તેઓની દુનિયા તરફની દૃષ્ટિ સંપૂર્ણપણે બદલાઈ જાય છે. તેઓ દર્પણ સામે વધારે સમય ગાળે છે. દેખાવને મઠારતા રહે છે. હેરસ્ટાઈલ બદલે છે. પોતાના શરીર અંગે સભાન બને છે અને ગમા-અણગમાનો અનુભવ કરે છે. માધ્યમિક શાળામાં પ્રવેશેલા આ ટીનેજર્સ પોતાના સિનિયર્સ તરફ અહોભાવ અનુભવવા માંડે છે. જે રીતે સિનિયર્સ પોતાના યુનિફોર્મને સ્ટાઈલ સાથે પહેરે છે. તે તેઓને આકર્ષે છે. તેઓની બોલ-ચાલની રીત બદલાઈ જાય છે. તેઓની ફેશન અંગેની સમજ સુધરે છે. તેઓને ટુચકા, સંગીત વગેરેમાં વધુ રસ પડવા માંડે છે.

આ બધાની સાથે ટીનેજર્સમાં બીજું પણ ઘણું પરિવર્તન આવે છે. બોય-બેન્ડ્રસ, ઈન્સ્ટાગામ ટમલર પર ફોટોઝ, યુ-ટ્યૂબ વીડિયોઝ વગેરેમાં તેઓને ખૂબ રસ પડવા માંડે છે. સૌથી મોટું પરિવર્તન હોય છે. રોમેન્ટિક લવ તરફનું આકર્ષણ, બોય-બેન્ડ્રસ તરફનું તેઓનું આકર્ષણ તેઓના માતા પિતાને પણ સામાન્ય લાગે છે અને તે માટે તેઓને કોઈ વાંધો હોતો નથી. પરંતુ આ આકર્ષણ જયારે શાળાના કોઈ છોકરા તરફ વળે છે ત્યારે પરિસ્થિતિ બદલાઈ જાય છે. સામાન્ય પ્રકારનું આકર્ષણ ખાસ જોખમકારક હોતું નથી. પરંતુ અદમ્ય તીવ્ર આકર્ષણ માતાપિતામાં ચિંતા જગાડે છે. આ સ્થિતિમાં ટીનેજર સતત મોબાઈલ-ફોનમાં વ્યસ્ત રહેતો જોવા મળે છે. દેખાવની બાબતમાં વધારે ચીવટ રાખતો થઈ જાય છે. તેની લાગણીઓ બેકાર હોય છે. ઉપરાંત, ટીનેજમાં બાળકો નવા અનુભવો લેવા તરફ પણ આકર્ષણ અનુભવતા હોય છે. તેથી મા-બાપની ચિંતા અનેક ગણી વધી જાય છે. અત્યારે પ્રિ-ટીનેજર્સ જ એટલાં સભાન થઈ ગયા છે કે તેઓ પોતાના પ્રેમ (પપી-લવ) અંગે મા-બાપ સાથે વાત કરતા ખચકાતા નથી. ટીનેજમાં પ્રવેશેલા બાળકો તો વધારે આત્મવિશ્વાસવાળા હોય છે. માબાપે આ સ્થિતિમાં શું કરવું જોઈએ તે અંગે એક નિષ્ણાત નીચે મુજબ સલાહ આપે છે.પૂર્વગ્રહ કે અભિપ્રાય બાંધ્યા વિના શાંતિથી તમારા બાળકની વાત સાંભળો આજના સમયમાં બાળકોના જીવનમાં પણ ઘણાં પડકારો છે. આજનો સમય પ્રસિદ્ધિ પ્રદર્શન, સ્પર્ધાત્મકતા વગેરેનો છે. તમને બાળકની ઘણી વાતો નહીં ગમે પરંતુ તમારો અણગમો દર્શાવવાનું ટાળો. સંતાન મનની વાત કરે તે ખૂબ મહત્ત્વની બાબત છે તેથી તેને બોલવા દો. જો બાળક પૂરી વાત ના કરે, કંઈક છૂપાવતું હોય એમ લાગે તો તેને કહો કે તમે તેની સાથે છો અને તે ઈચ્છે ત્યારે ફરી વાર વાત કરી શકે છે.સંતાન પ્રેમની વાત કરે ત્યારે ઘણાં મા-બાપ લગ્નના નિર્ણયની કલ્પના કરીને ડરી જાય છે. પરંતુ એવું ના માનશો કે તેનું આકર્ષણ તેના જીવનને ખોટાં રસ્તે લઈ જશે. કેટલાંક મા-બાપ સંતાનની આવી વાત પર ખુશ થઈ જાય છે અને વહેલી તકે તેના પ્રિય-પાત્રને મળવા આતુર બની જાય છે. આ બંને પ્રકારના વલણ બરાબર નથી.

આ બાબત સંતાનના ઉછેર અને વિકાસનો એક ભાગ હોય છે અને તે રીતે જ તેને જુઓ.તમારા પ્રિ-ટીનેજ સંતાનને વિજાતીય મિત્રો સાથે સ્વસ્થ સંબંધો વિકસાવવાની સલાહ આપો. તેઓને બર્થ-ડે પાર્ટીઝમાં બોલાવો સાથે મળીને પ્રોજેક્ટ્સ તૈયાર કરા પ્રેરો, બધાં સાથે મળીને બહાર જાય તેવું આયોજન કરો. એકમેકમાં રસ અને જિજ્ઞાાસાવૃત્તિ હોય તે સ્વાભાવિક બાબત છે. તેઓ વચ્ચે મેળ થાય તે નવાઈની વાત નથી.જો તમે સતત તમારા સંતાનોના સંપર્કમાં રહેશો, તેઓને વિકાસનું યોગ્ય વાતાવરણ પૂરું પાડતા રહેશો તો તમારા સંતાનોના જીવનનો આ સમય સારી રીતે પસાર થઈ જશે અને તમારે કોઈ ચિંતા કરવાની જરૂર નહી પડે.

વિચારવિમર્શ

આજે પરિસ્થિતિવશ કે વ્યક્તિગત સ્વતંત્રતા માટે લોકો અલગ-અલગ રહેવાનું જ પસંદ કરે છે, પરંતુ ખૂભ ઓછા પરિવારમાં ભાળકોને એકલાપણું ગમતું હોય છે. હવે પરિવારોમાં વિખવાદ પેદા થઇ રહ્યાં છે અને જે સંયુક્ત પરિવાર ભારતીય સંસ્કૃતિની ઓળખ હતી તે હવે તૂટી રહ્યાં છે

છેલ્લા કેટલાક સમયથી પાશ્ચાત સંસ્કૃતિનો એવો પવન ફૂંકાયો છે કે તે કારણે હવે પરિવારોમાં વિખવાદ પેદા થઇ રહ્યાં છે અને તેટલું જ નહી જે સંયુક્ત પરિવાર ભારતીય સંસ્કૃતિની ઓળખ હતી તે હવે તૂટી રહ્યાં છે. પશ્ચિમમાં વિભક્ત કુંટુબની પ્રથા છે તે રીતે અહીં પણ પારિવારીક અંતર વધતાં હવે વિભકત કુટુંબનું અસ્તિત્વ વધ્યું છે તેથી આવા વિભકત કુટુંબમાં જો કોઈ મહેમાન જઇ ચડે અથવા દાદા, દાદી આવે તો બાળકોના ચહેરા પર ખુશીનો પાર નથી હોતો. જયાં પહેલા સંયુકત પરિવારમાં દાદી-દાદી, કાકા-કાકી, માતા-પિતા સૌ સાથે રહેતા ત્યારે દરરોજ કાંઇ ને કાંઇ તહેવાર જ લાગતો. દરરોજ સાથે ખાવું-પીવું એક બીજાના સુખ, દુઃખમાં ભાગીદાર થવું અને સાથે સાથે મેળો કે પ્રદર્શન જોવા જવું આ સૌ એક તહેવારથી કમ ન હતું. અંદરો અંદર મતભેદ પણ થતાં થોડા સમય માટે ઝઘડા પણ તે સામા એકલતાની નિરસતા ન હતી, એક સહકારની ભાવના પેદા થતી હતી આનાથી વિપરીત આજે નાનો પરિવાર સુખી પરિવાર તો છે પણ કયાં ને કયાં તેમાં સંબંધોની ગરમીની ગેરહાજરી દેખાય આવતી હોય છે. આજે પરિસ્થિતિ વશ કે વ્યકિત ગત સ્વતંત્રતા માટે લોકો અલગ અલગ રહેવાનું જ પસંદ કરે છે. પરંતુ ખૂબ ઓછા પરિવારમાં બાળકોને આ એકલાપણું ગમતું હોય છે. કાંઇક તહેવાર કે કાંઇક બાળકના જન્મ દિવસ પર તેનું એકલતાપણું તેને ખૂબ ઉદાસ બનાવી મૂકે છે. સંયુકત પરિવારમાં બાળકો વિશેષ દિવસ હોવાથી જાતે જ સવારે વહેલા ઉઠી જતાં હોય છે. આજે મારો જન્મ દિવસ છે, કે આજે રક્ષાબંધન છે, આજે ફોઇ આવશે, વગેરે જેવી કાલી કાલી વાતો કરીને બાળકો તહેવારોનો આનંદ લેતા હોય છે. વેકેશન પડતાં જ બાળકો દાદા-દાદી પાસે જવું વધું પસંદ કરતાં હોય છે. અને વડીલો પણ બાળકો આવવાથી ખૂબ પ્રસન્ન થઇ જતાં હોય છે. આ જીવતા જાગતાં રમકડાં વૃદ્ધાવસ્થામાં તેમને અસીમ આનંદ આપે છે. તેઓને મળીને આ વડીલો જાણે કે તેઓમાં પોતાનું બાળપણ શોધતા હોય છે. પોતાના પાત્રો-પૌત્રીઓની હરકતો જોઇ તેઓ તેમના પુત્રોને કહેતા હોય છે. કે તું નાનો હતો ત્યારે આવો જ તોફાની હતો, આવી યાદોને વાગોળતા વાગોળતા કયારેક વડીલો કાલી કાલી ભાષામાં બાળકો સાથે વાતો કરશે તો કયારેક ઘોડો બની બાળકો સાથે ઘોડો ઘોડો રમશે.આ રીતે વડીલો બાળકો સાથે અત્યંત પ્રસન્ન થઇ જતાં હોય છે. ખાવામાં કયારેક જયારે બાળકો કયારેક કોઇક વસ્તુ લાવી આપવા જીદ કરે તો તેને લાવી આપવા પ્રયત્ન કરતાં હોય છે જો શકય ન બને તો બીજી બધી બાબતોમાં તેમનું ધ્યાન દોરી પેલી જીદ ભૂલાડી દેતા હોય છે. મીઠી મીઠી બાબતોથી બાળકો પણ કયારેક એવી રીતે માની જાય છે કે તેઓ સમજદાર થઇ ગયા હોય. આર્થિક સ્થિતિ સારી હોવા છતાં વિભકત કુટુંબમાં બાળકોને આવો પ્રેમ કયારેય મળતો નથી. તમે તમારી આસપાસ નજર કરશો તો એવા ઘણા બાળકો દેખાશે કે જેઓ પાસે મોંઘામાં મોંઘુ રમકડું હોય મોંઘી કાર હોય પણ તેમ છતાં તેઓ પ્રેમનાં ભૂખ્યા હોય. મારી એક મિત્રનો એક દીકરો છે જે જલદી ઉઠતો નથી સ્કૂલ જવાનું થાય

અનુસંધાન પાના નં.૬ ઉપર

રસથાળ

પૌઆ કટલેટ

જો સવારે સવારે કંઈક હળવું ખાવાનું મૂડ હોય છે તો અમે પૌઆને લઈએ છે . કારણકે એ હળવા પણ હોય છે તો આજે અમે તમને જણાવી રહ્યા છે પૌઆ કટલેટ એ ખૂબ સરળ પણ છે.

સામગ્રી : પૌઆ- ૨ કપ, બટાટા- ૧/૨ કપ બાફેલા, વટાણા- ૧/૨ કપ, કાળી મરી પાવડર-૧/૨ ચમચી, લીલા મરચા- ૧/૨ કપ, આદું - ૧ ચમચી, લાલ મરી પાવડર, હળદર, ગરમ મસાલા - ૧/૨ ચમચી, ધાણા પાવડર, કોથમીર, મીઠું સ્વાદપ્રમાણે

બનાવવાની રીત- સૌથી પહેલા પૌઆને વાસણમાં લઈને સારી રીતે ધોઈ લો . હવે એમાં બાફેલા બટાટા નાખી સારી રીતે મેશ કરી લો. વટાણાને પણ બાફી લો? હવે આધું અને મરચાની બારીક પેસ્ટ બનાવી લો. હવે એક વાસણમાં મેશ કરેલા બટાટા આદુ-મરચાના પેસ્ટ પલળાયેલા પૌઆ અને વટાણા મિક્સ કરો . હવે એમાં દહીં, હળદર પાવડર, લાલ મરચા પાવડર, ગરમ મસાલા, કાળી મરી પાવડર , મીઠું નાખી મિક્સ કરો. કોથમીર નખો. હવે પૌઆ પેટીસ માટે ગોળ-ગોળ ટીક્કી ના શેપ આપી બનાવો .

એક કડાહીમાં તેલ ગર્મ કરો. તેલ ગરમ થયા પછી પેટીસને ધીરે-ધીરે તેલમાં નાખો . હળવા સોનેરી થાય ત્યાં સુધી તળો. પેટીસને પેપર નેપકિન પર કાઢો જેથી વધારે પડતું તેલ નિકળી જાય . હવે એને ગરમ-ગરમ લીલી ચટણી કે ટોમેટો કેચઅપ સાથે સર્વ કરો.

કાકડીના થેપલા

સામગ્રી - પલાળેલા સાબુદાણા, એકવાડકી, ૧/૨ વાડકી સીંગદાણાનો ચૂરો, ૧ વાડકી કાકડીનુ છીણ(પાણી નિતારેલુ). લીલા મરચા ૨, ખાંડ, મીઠુ અને જીરુ અંદાજે, ચપટી વરિયાળી,૧ ચમચી ઘી. સમારેલા ધાણા

બનાવવાની રીત - પલાળેલા સાબુદાણામાં ઘી નાખી બધી સામગ્રી નાખી દો. જરૂર મુજબ પાણી નાખો, હાથમાં ઘી લગાવી થાપો. મધ્યમ તાપ પર થેપલા સેકો અને ઉપરથી ઘી છોડો. ગરમા ગરમ ફરાળી થેપલા ધાણા-મરચાની ચટણી અથવા દહી સાથે સર્વ કરો

એકડો સંધાયો જે તુટયો હતો

આગ ભીતર ભીતરની

રેણુ વિષ્ણુકુમાર બારોટ

છોકરાંઓને વેકેશન પડી ગયું હતું ને એ બધા મામાના ઘેર જવાની લઈ જવાની હઠ કરતા હતા. મને અવારનવાર કહેતા હતા મા અમારી શાળાના.. અમારા વર્ગના સાથે ભણતા છોકરાઓ વેકેશનમાં એમના મામાના.. કયાંક કાકાના ઘેર જાય છે.. અમને પણ લઈ જાવ.. અરે એ તો દિવાળીની રજાઓમાં પણ જાય છે. જયારે હું તો કયાંય લઈ જ જતી નથી. કંટાળો આવે છે ને તું પણ કેવી મા છે.. પોતાના સંતાનોને મામાનું ઘર બતાવતી પણ નથી.. મારા છોકરાં કહેતા હતા.. હું સાંભળી રહેતી.. પછી કહેતી આ વખતે તો ચોક્કસ એટલે ચોક્કસ અને વેકેશન પડતું ત્યારે વાત ટાળતી.. છોકરાં પુછે તો મોં કટાણું કરી નાખતી .મને ખબર હતી કે કયા સંજોગોમાં ઘરથી ભાગીને લગ્ન કર્યા હતા. મારા ગયા પછી હું જાણવા પણ ગઈ ન હતી કે પાછળ શું થયું છે ? બધાય એ રાતે ઉકળાટમાં મારા મિસ્ટરનો સાથ સજ્જડ હતો. નહીં તો જો એમણે મને ઠુકરાવી હોત તો.. મારી દશા શું થાત ? કલ્પના બહારની... પણ એ એક વાસ્તવિક સ્થિતિ હતી. જેની મને મારા છોકરાં કરતાં પાકી ખબર હતી. બાકી છોકરાં એટલે છોકરાં વેકેશન આવતું હોય કે આવી ગયું હોય ત્યારે એ જ રટણ ચાલુ થઈ જતુ.

મારે આજકાલ કરતાં ત્રણ છોકરાં થયાં હતા. બે છોકરા અને એક છોકરી. હું જેની સાથે ભાગી હતી એ કુંજબીહારીના પેટનું પ્રથમ સંતાન તો નવ મહીનામાં થઈ ગયું હતું. મારા કુંજબિહારી સાથે લગ્ન થાય એ પહેલાં શારીરિક એ સંબંધો હતા. મેં કુંજબિહારીને હું ગર્ભવતી થઈ હોવાનું જણાવ્યું અને સાથે સાથે લગ્ન માટે કહેલું ત્યારે અન્ય કિસ્સામાં બને છે એવું મારી સાથે બન્યું ન હતું. કુંજબિહારી મારા મિસ્ટરે જણાવેલું તું સહેજ પણ ચિંતા કરીશ નહીં, ડરીશ નહીં, હું પછી રીતે તને વળગી રહીશ.. પ્રેમ કર્યો છે અને તારા શરીર સાથે સંબંધ બાંધ્યો છે એને ગમે તે ભોગે પાળીશ બસ..

એ શબ્દો હતા..પહેલી છોકરીનો જન્મ થયો એ પુર્વે હું અને કુંજબિહારી એક રાત્રે ભાગ્યા હતા. લોકલ ગાડી અને ઠીચુક ગતીમાં મેં કુંજબિહારીનો હાથ પકડતાં કહેલું, આપણે કયાં જઈશું ?

મારા દેશમાં.. દેશમાં ?

હા મારી માસીના ઘેર જેણે મને ઉછેરીને મોટો કર્યો હતો. છતાંય હું એને એક છેદ છેદ કરતો આઘાત આપીને તારી સાથે બંધાઈ ગયો. એ માસીના ઘેર તું જોજે મને અને તને જોતાં જ માસી કેવીક થઈ જાય છે..

કયાંક આપણને ધક્કો તો નહીં આપેને ? મેં એક ભય વ્યકત કર્યો હતો.

ના.. બિલકુલ તું એકવાર તારો પગ તો મુકી જો.. કદાચ તારા ઘરવાળાઓ કરતાં આ માસી કંઈક ચડીયાતી છે..નાનકડા સ્ટેશને ઉતર્યા ત્યારે ધોધમાર એવો વરસાદ હતો . જો કે વરસાદે એની સીઝનની પ્રથમ ધમાકેદાર એન્ટ્રી મારી હતી. આખાય ભીનખાં થઈ ગયા હતા. માસીનું ઘર બંધ હતું, સાંકળ ખખડાવીને સાદ દીધો હતો.. માસી...

પહેલી સાંકળે જ અવાજ તો થયો હતો. ઠર્યો હતો પણ વરસાદ જ એટલો બધો હતો કે સાંકળનો અવાજ માસી શબ્દનો સુર દબાઈ ગયો હતો. બીજી વાર સાંકળ ખખડાવતા.. શરીર સંકોરીને માસી એ દરવાજો ખોલ્યો હતો. સામે જોતાં જ એમણે કહેલું.. કુંજબિહારી

માસી કુંજબિહારીને કુંજ કહેતા હતા, ઓળખી ગયા હતા. આવ આવ અંદર આવતો રહે, નાહક પલળે છે તને કયાંક શરદી થશે..

માસી ગુજરાતથી ઘણે આઘે રહેતા હતા પણ એમની બોલીમાં ગુજરાતી જેમની તેમ હતી. ગુજરાતી ભાષાની, ગુજરાતી બહારની સ્થિતિ જેમની તેમ રાખી હતી.

આ છોકરી કોણ છે, અને તું વળી એને તારી સાથે કેમ લઈને આવ્યો છે.અહીં આ વરસાદમાં ? માસીએ સ્વાભાવિક સવાલ કર્યો હતો.

માસી એ મારી...'

મારા કુંજબિહારીને શરમ આવી ગઈ હતી.. પણ અનુભવી માસી સમજી ગયાં હતા. જોકે માસીએ આગળ સવાલ કર્યો ન હતો કે પરણીને લાવ્યો છેકે ભગાડીને ?

વરસાદ બરાબરનો ઉતરી આવ્યો હતો. માસીએ વધુમાં કહેલું આમ તો કન્યાનાં શુભ પગલાં થયાં છે. ઘરમાં કંઈક મીઠું રાંધવું જોઈએ પણ વરસાદની સાંજે મજા નહીં આવે.. હું અત્યારે તો પરોઠા અને લીલી ડુંગળી પડી છે.. એ બનાવી દઉં છું.. તમોને ભાવશે..

મેં માસીને કહ્યું તમો બેસો

અનુસંધાન પાના નં.૬ ઉપર

લઘુકથા સ્વરૂપ અને સર્જનમાં રસ ધરાવતાં અભ્યાસીઓ અને સાહિત્યિક વાચકોને વિશાળ વસ્તુ ફલક પર વિસ્તરતી આ લઘુકથાઓ ગમી જાય તેવી છે

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ગુજરાતી સાહિત્યમાં અનેક પ્રકારોમાં વિપુલ પ્રમાણ સાહિત્ય સર્જન થતું રહ્યું છે. તેના વિવેચનો પણ થતાં રહ્યાં છે. મહાકાવ્યથી લઈને હાઈકુ, નવલકથાથી લઘુ નવલ, લાંબી વાર્તા, ટૂંકી વાર્તા, નવલિકા આ બધાં પ્રકારોમાં લઘુકથા જેવો એક સાહિત્ય પ્રકાર આવ્યો. જેમાં બહુ ઓછા સર્જકો એ રસ દાખવ્યો છે. વળી લઘુકથાના સ્વરૂપ અને તેમાં ચોક્કસ ઘાટ આપી વાત મુકવાની ક્ષમતા જોતાં ઘણી વખત લઘુકથાને બદલે કંઈક ભળતું જ આવી જતું હોય તેવું પણ બન્યું છે. ત્યારે તાજેતરમાં જ ગાંધીનગર ખાતે જેનું વિમોચન થયું છે. તેવું જાણીતા વિવેચક ઉત્પલ પટેલ સંપાદિત પ્રેમજી પટેલની શ્રેષ્ઠ લઘુકથાઓનું પુસ્તક પ્રાપ્ત થયું છે.

'પ્રેમજી પટેલની શ્રેષ્ઠ લઘુકથાઓ' પુસ્તક માંથી પસાર થતાં વાચકના મનમાં એક ચોક્કસ આધારભૂત રીતે લઘુકથાનું સ્વરૂપ કેવું હોઈ જોઈએ તે અંગેની ધારણા સ્પષ્ટ થાય તે માટે ઉત્પલ પટેલે શરૂઆતમાં જ લઘુકથા : સ્વરૂપ વિચાર નીચે એક દીર્ઘ લેખ આપ્યો છે જેમાં લઘુકથાની સ્વરૂપગંત લાક્ષણિકતાઓ, જે લેખકોએ આ સ્વરૂપમાં ખેડાણ કર્યું છે. તેમાં મહત્વપૂર્ણ એવા જાણીતા નામોના ઉલ્લેખ સાથે એ વાતને ખેદ પણ વ્યક્ત કર્યો છે કે ઊંચા ગજાના સાહિત્યકારો અને વિવેચકો આ સાહિત્ય પ્રકાર પ્રત્યે સાવ ઉદાસીન રહ્યાં છે. તેમ છતાં આરંભકાળથી જ બર્ફીલા વાતાવરણમાં ફૂટેલા અંકુર (રૂઢ) ની જેમ ટકી રહીને ગુજરાતી લઘુકથાઓ પ્રતિકુળ સંજોગોમાં સંઘર્ષ વેઠીને વિકાસ સાધ્યો છે. અને એક સ્વતંત્ર સાહિત્ય સ્વરૂપ તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. એના પર કોઈ અન્ય ભાષી લઘુકથાની રચના રીતિનો પ્રભાવ નથી, તેમજ એ કોઈ અન્ય ભાષાની લઘુકથાનું અનુકરણ કરતી નથી. કારણ કે અન્ય ભાષાઓમાં લઘુકથાનો ઉદય થતો ત્યારે ગુજરાતી લઘુકથા પોતાની આવી વિભાવનાઓ સાથે સ્થિર થઈ ચુકી હતી. તેમ છતાં એક ચર્ચા કાયમ થયા કરે છે. લઘુકથા બધિમા, હાર્મોનિકા અને ટૂચકો વિગેરે વચ્ચે ખુબ જ પાતળી ભેદ રેખા છે. ત્યારે ગુજરાત લઘુકથા ક્ષેત્રે જેમનું મહત્વપૂર્ણ પ્રદાન છે. એવા સર્જક મોહનલાલ પટેલ આ સંદર્ભે પોતાનું મતંવ્ય આપે છે તે ધ્યાન પાત્ર છે. 'લઘુકથા ટૂંકી

અનુસંધાન પાના નં.૬ઉપર

મહિલાઓની કેટલીક આદતો પુરૂષો વધુ પસંદ કરે છે

નારી

પુરૂષોને મહિલાઓની ઘણી બધી બાબતો પસંદ આવે છે, પણ એ બધામાં કેટલીક ખાસ આદતો પણ હોય છે, જે એમને મહિલાઓ પ્રતિ આકર્ષિત કરે છે. આવો જાણીએ એ વિશે...

જે મહિલાઓ વાતચીત કરતી વખતે આઈ કોન્ટેક્ટ રાખીને કોન્ફિડન્સ સાથે શરમાયા વગર વાત કરે છે. આ પ્રકારના સ્વભાવવાળી મહિલાઓ પુરુષોને બેહદ પસંદ આવે છે.જે મહિલાઓને મજેદાર, ચટપટી અને કેટલીક હદ સુધી સેક્સ્યુઅલ વાતો કરવાની આદત હોય છે, તેનાથી પણ પુરુષ પ્રભાવિત થયા વગર રહેતો નથી. એમ પણ એવા બહુ ઓછા પુરુષ હશે, જે કોઈ આવી મહિલા વિશે ઉત્સુકતા ન રાખતો હોય, જે સેક્સ બાબતે પોતાના વિચાર ખુલ્લા મને કહી શકતી હોય. જે તેના બુનિયાદી સ્વભાવમાં સામેલ થાય છે.દુનિયામાં કેટલાક એવા લોકો પણ હોય છે જે બચકાને સ્વભાવવાળી મહિલાઓને પસંદ કરે છે. એમને કેટલીક હદ સુધી કમઅક્કલ પણ માની શકો છો, પરંતુ પુરુષ એના એ સ્વભાવનો પ્રશંસક હોય છે, કેમ કે એમના દૃષ્ટિકોણથી આવી મહિલાઓ ખુશમિજાજ અને મજાકિયા સ્વભાવની હોય છે. જે એવી મહિલાઓનું પ્રતિનિધિત્વ કરે છે, જે નીરસ કે તનાવગ્રસ્ત જીવનમાં ખુશી વિખેરી શકે છે.

આમ તો દરેક સ્ત્રીમાં મમત્વ હોય છે, પરંતુ એવી મહિલાઓ જે મા જેવો પ્યાર-લાડ કરે છે, એ પુરુષોના દિલને સ્પર્શે છે. એનું સૌથી મોટું કારણ એ પણ હોય છે કે કેટલાંક પુરુષ જેમનો બહુ જ લાડ-પ્યારથી બાળપણમાં ઉછેર થયો હોય છે, તેઓ તનથી ભલે મોટા થઈ ગયા હોય, પણ એ મન-મગજથી એ રીતે બાળક રહેવાનું પસંદ કરે છે અને એ ઈચ્છે છે કે, તેના જીવનમાં આવનારી સ્ત્રી પણ પોતાની એ રીતે દેખભાળ કરે.એ માનવા જેવી બાબત છે કે પુરુષોને ભાવુક, સમજદાર, આત્મવિશ્વાસુ અને બુદ્ધિમાન પ્રકારની સ્ત્રીઓ સારી લાગે છે, પરંતુ આ બધાં ઉપરાંત પુરુષોને એવી મહિલાઓ કે જેમનો નેચર બોલ્ડ અને ઓપન હોય છે, જે તેમને દુનિયાભરની વાતો ઉપરાંત ડર્ટી ટોક કરતાં પણ અચકાતી નથી, બેહદ સારી લાગે છે.એથલિટ નેચરવાળી મહિલાઓ પણ પુરુષોને આકર્ષિત કરે છે. તેમનું સાહસ, એનર્જી, સ્ટેમિના, એક્શન અને ચેલેન્જને સ્વીકાર કરવાની લાગણી પુરુષોને બેહદ

અનુસંધાન પાના નં.૬ ઉપર

તડકામાં સ્કિન પ્રોબ્લેમ્સ

રૂપના રખોપા

ઉનાળામાં સખત તડકાને લીધે ત્વચાની ચમક નાશ પામે છે. એટલે જરૂરી છે કેટલીક ખાસ સંભાળ રાખવાની..

સખત તડકાની સૌથી વધારે અસર આપણા શરીર પર પડે છે. સખત તડકો અને ગરમીના કારણે શરીરની સ્વેદ ગ્રંથિઓ બંધ થઈ જાય છે. પરિણામે ત્વચામાં બહુ વધારે ખંજવાળ આવે છે. ઘણી વખત આમાં મુશ્કેલી એ થાય કે પરૂવાળી ફોલ્લીઓ થઈ જાય છે અને બેક્ટેરિયલ ઈન્ફેક્શન પણ થઈ જાય છે. એટલે જરૂરી છે ખાસ તેની સંભાળ રાખવાની.

બટફલાય એરિયા : ઘણીવાર અલ્ટ્રાવાયોલેટ કિરણોના કારણે ચહેરા પર બટરફલાય એરિયા પર લાલાશ અને બળતરા ઉત્પન્ન થાય છે, પરસેવો પણ ખૂંચવા લાગે છે. આનાથી બચવા માટે તડકાથી જ દૂર રહેવું એ સૌથી સારો ઉપાય છે.

એસપીએફ સનસ્કીન : જયારે પણ તમે તડકામાં નીકળો ત્યારે આખું શરીર ઢંકાય તેવાં વસ્ત્રો પહેરો અને તડકામાં બહાર નીકળો તો હંમેશાં છત્રીનો ઉપયોગ કરો.ડૉક્ટરની સલાહ લઈને જ એસપીએફ સનસ્કીન લોશન લગાડવું જોઈએ.

જાંઘ પર ઈન્ફેકશન : ઉનાળામાં ગરમી અને પારસોવાના કારણે જાંઘ પર ફંગાલ ઈન્ફેકશન, ખંજવાળ અને લાલાશ આવી જાય છે. ઘણીવાર તો લાલશની જગ્યા કાળાશમાં ફેરવાઈ જાય છે.

સ્કિન પ્રોબ્લેમ : ત્વચાની હઠીલી તકલીફો તડકામાં અને ઉનાળાની મોસમમાં વધી જાય છે. ઉનાળો અને સખત તડકો હોવાના કારણે પણ બીમારી વધી જાય છે. ખૂજલી વધારે થાય છે. પરિણામે ત્યાંની ત્વચા પર સોજો આવી જાય છે અને રંગ પણ બદલાઈ જાય છે

ફોલ્લીઓ : ઉનાળાની મોસમમાં ફોલ્લી અને એકને રોજેશીઝ બંને વધી જાય છે. એમાં જાતે તેની સારવાર કરવી નુકસાનકારક થઈ જાય છે. સિસ્ટેમેટિક ઈરેપ્શનમાં સાંધામાં દુખાવો થાય છે, તાવ આવીને મોં પર લાલ ચકામા થઈ જાય છે. આ રોગ ઓટોઈમ્યૂન ડીસઓર્ડર છે, એ તડકાના લીધે

અનુસંધાન પાના નં.૬ ઉપર

બનાસ ...
પાના નં.૧ ચાલુ

જ બેવડાઈ ગયો છે અને આ ભગીરથ કાર્યમાં શંકરભાઈ ચૌધરી અને તેમના સહયોગીઓની ટીમના પ્રયાસોને સાંપડેલી આ સફળતાએ બનાસકાંઠા માટે વિકાસના નવા દ્વાર પણ ખોલી દીધા છે.પાલનપુરની બનાસ મેડિકલ કોલેજને ૧૫૦ બેઠકોની મંજૂરી મળી જતા આગામી સત્રથી જ બનાસ મેડિકલ કોલેજમાં તબીબી શિક્ષણનો પ્રારંભ કરી દેવાના ચક્રો પણ ગતિમાન થઈ ગયા છે. દરમ્યાન, એમસીઆઈ દ્વારા ગુજરાતની મેડિકલ કોલેજો માટે ફાળવાયેલી નવી બેઠકોની વિસ્તૃત વિગતો આપતા રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના તેજસ્વી વિદ્યાર્થીઓને ગુજરાતમાં જ મેડીકલ શિક્ષણની સુવિધા મળે તે માટે રાજ્ય સરકારે સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે. જેના પરિણામે તબીબી શિક્ષણ ક્ષેત્રે એમ.બી.બી. એસ.ની નવી ૩૭૦ બેઠકોને મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ મંજૂરી આપી છે. આ સાથે હવે રાજ્યમાં એમ.બી.બી. એસ.ની ૪૨૦૦ બેઠકો ઉપલબ્ધ થશે. રાજ્યમાં ઉપલબ્ધ થનાર આ તબીબી શિક્ષણની સુવિધા વિશે વધુ માહિતી આપતા નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં વધુને વધુ મેડીકલ કોલેજો સ્થપાય તે માટે તેમજ તબીબી સેવાઓનો વ્યાપ વધુ ઝડપથી વિકસે અને નાગરિકોને-દર્દીઓને ઉચ્ચકક્ષાની તબીબી સારવાર મળી રહે તે માટે લાંબા ગાળાનું આયોજન હાથ ધરાયું છે. જે અંતર્ગત રાજ્ય સરકાર હસ્તકની વડોદરા, સુરત અને જામનગર ખાતેની સરકારી મેડીકલ કોલેજો અને આરોગ્ય નીતિ-૨૦૧૬ અંતર્ગત બનાસકાંઠાના પાલનપુર ખાતેની સિવિલ હોસ્પિટલમાં સ્થપાનાર નવી સ્વ-નિર્ભર મેડીકલ કોલેજ માટે એમ.બી.બી.એસ.ની આ નવી બેઠકો મંજૂર કરાઇ છે. જેમાં રાજ્ય સરકાર હસ્તકની જામનગર મેડીકલ કોલેજ ખાતે ૫૦, સુરત ખાતે ૧૦૦, વડોદરા ખાતે ૭૦ અને પાલનપુરની બનાસ મેડીકલ કોલેજ ખાતે ૧૫૦ બેઠકો મળી કુલ ૩૭૦ બેઠકો ઉપલબ્ધ થશે. આ તમામ કોલેજોમાં એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમનું પ્રથમ સત્ર શરૂ કરવા માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ હોઇ શૈક્ષણિક કામગીરી શરૂ કરવા મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ મંજૂરી આપી દીધી છે અને આગામી સત્રથી આ બેઠકો ઉપર પ્રવેશ પણ અપાશે. રાજ્યમાં હાલ કુલ ૨૪ મેડીકલ કોલેજોમાં એમ.બી.બી. એસ. અને પી.જી.મેડીકલ અભ્યાસક્રમોની શૈક્ષણિક કામગીરી ચાલુ છે અને મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે આરોગ્ય અને તબીબી સેવાઓ પૂરી પાડે છે. રાજ્યમાં અત્યાર સુધી એમ.બી.બી. એસ.ની ૩૮૩૦ બેઠકો પ્રાપ્ત હતી જેમાં આ નવી ૩૭૦ બેઠકો ઉમેરાતા કુલ ૪૨૦૦ બેઠકો ઉપલબ્ધ થશે.રાજ્યમાં તબીબી શિક્ષણક્ષેત્રે એમ.બી.બી.એસ.ની બેઠકોમાં ઉત્તરોત્તર વધારો થયો છે. ગુજરાતમાં વર્ષ-૨૦૦૫-૦૬ દરમિયાન એમ.બી.બી.એસ.ની ૧૫૨૫ બેઠકો હતી જેમાં છેલ્લા ૧૨ વર્ષમાં માતબર વધારો થયો છે અને ૪૨૦૦ બેઠકો થઇ છે તે તબીબી શિક્ષણમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ ભેટ બની રહેશે. મેડીકલ કોલેજ સાથે સંકળાયેલ હોસ્પિટલોમાં હજારો દર્દીઓને પણ ઉચ્ચકક્ષાની તબીબી સેવાઓ ઉપલબ્ધ બનશે તેમ તેમણે ઉમેર્યું હતું.

ડીસા રઘુવંશી...
અનુસંધાન ૨ નુ ચાલુ..

જેને પણ બહાલી આપવામાં આવી હતી. સમાજ અગ્રણીઓ ભગવાનભાઈ બંધુ, જયંતિભાઈ ઓઢાવાળા અને હરિભાઈ બી. ઠક્કરે પોતપોતાના મંતવ્યો રજૂ કરી સમાજની પ્રગતિ, સંગઠન અને સહકાર માટે સૌનો આભાર માન્યો હતો. સમાજના પૂર્વપ્રમુખો રમેશભાઈ યુ.અખાણી, રમેશભાઈ એમ. ઠક્કર(આર.ટી.ઓ.), જમનાભાઈ વી.ઠક્કર તેમજ લોહાણા પ્રગતિ યુવક મંડળના તમામ પૂર્વ પ્રમુખો અને તેમની ટીમનું પણ સ્મરણ કરી સૌ પ્રત્યે ઋણ સ્વીકારની લાગણી વ્યક્ત કરાઈ હતી. સમાજ માટે સમર્પિત ભાવથી કામ કરનાર સમાજના પ્રભુતુલ્ય વડીલ પૂજ્ય ઉમિયાશંકર હરગોવનદાસ અખાણીબાપાનું પણ આદરપૂર્વક સ્મરણ કરાયું હતું.

સમાજના નવા હોદેદારોની ચર્ચા થતાં રઘુવંશી દેશી લોહાણા-મહાજનના પ્રમુખ તરીકે ખૂબ જ કર્મઠ અને ઉત્સાહી એવા રજનીભાઈ કુવરવાળા, ઉપપ્રમુખ બાબુભાઈ પ્રાઈમવાળા, મંત્રી દિનેશભાઈ દીપવાળા અને ખજાનચી તરીકે દેવચંદભાઈ એન. ઠક્કરની સર્વાનુમતે વરણી કરાઈ હતી. લોહાણા પ્રગતિ યુવક મંડળના પ્રમુખ તરીકે રજનીભાઈ માંડવીવાળા, મંત્રી પ્રકાશભાઈ જયંતિલાલ ઓઢાવાળા, ઉપપ્રમુખ વિનોદભાઈ શેઠ(ગોકલાણી), ખજાનચી અમીતભાઈ ધરવડીવાળા અને સહમંત્રી તરીકે ધવલભાઈ ડી.ઠક્કરની સર્વાનુમતે વરણી કરાઈ હતી. વિદાય લેતા સમાજના પ્રમુખ ભગવાનભાઈ બંધુની સમાજ પ્રત્યેની લાંબી સેવાને યાદ કરી તેમને રામચંદ્રજી ભગવાનનો ફોટો, ફુલહાર અને સાલ અર્પણ કરાઈ હતી અને દબદબાપૂર્વક સન્માન કરાયું હતું. સમાજના ઉપપ્રમુખ જયંતિભાઈ ઓઢાવાળા, મંત્રી હરિભાઈ બી.ઠક્કર અને ખજાનચી અમૃતભાઈ એન.ઠક્કરનું પણ લોહાણા પ્રગતિ યુવક મંડળના પ્રમુખ અતુલભાઈ એસ.ઠક્કર અને તેમની ટીમ દ્વારા ફુલહાર અને સાલથી સન્માન કરાયું હતું. નવા હોદેદારોની વરણી થયા બાદ અધ્યક્ષ વજાબાપાએ આશીર્વાદ આપ્યા હતા. જ્યારે ભગવાનભાઈ બંધુ, જયંતિભાઈ ઓઢાવાળા, દિલીપભાઈ વકીલ, હરિભાઈ બી.ઠક્કર, નિલેષભાઈ એચ. ઠક્કર, જયેશભાઈ આચાર્ય, સુરેશભાઈ દેવવાળા, હિંમતલાલ ગોકલાણી સહિત સૌ કોઈએ શાબ્દિક અભિનંદન આપી નવી ટીમને શુભકામનાઓ પાઠવી હતી. તમામ પ્રકારની સમાજ વિકાસની ચર્ચામાં ઉપસ્થિત સૌ કોઈએ આનંદ, ઉત્સાહ અને ગૌરવથી ભાગ લીધો હતો. નવા ત્રણ વર્ષ માટે સર્વાનુમતે વરણી પામેલા સમાજ પ્રમુખ રજનીભાઈ કુવરવાળા અને લોહાણા પ્રગતિ યુવક મંડળના પ્રમુખ રજનીભાઈ માંડવીવાળાએ સમગ્ર સમાજના સહકારની અપેક્ષા તેમજ સહયોગ માટે અપીલ કરી પોતપોતાનો પ્રતિભાવ આપ્યો હતો. સમાજની નાણાંકીય વ્યવસ્થામાં જેમની ખૂબ જ મહત્વની ભૂમિકા છે. એવા નવા વરાયેલા ખૂબ જ ધીર ગંભીર, ઉત્સાહી અને દીર્ઘદ્રષ્ટા મંત્રી દિનેશભાઈ વી.મજેઠીયા (દીપવાળા)ની સર્વોત્તમ કામગીરીની પણ નોંધ લેવાઈ હતી. સંસ્થાના સેવકો પરષોત્તમભાઈ ઠક્કર, લાલાભાઈ ઠક્કર, ભૂરાભાઈ, નરપતભાઈ અને પૂર્વ સેવકો લખીરામભાઈ ઠક્કર, અમૃત મામા, પ્રધાનજી ઠાકોર સહિત સૌની કામગીરીની પણ ગર્વભેર નોંધ લેવાઈ હતી. નવા વરાયેલા હોદેદારોને ઉપસ્થિત રહેલા સૌ કોઈએ હૃદયપૂર્વક અભિનંદન આપ્યા હતા અને ચા- નાસ્તો કર્યા બાદ મીટીંગ પૂર્ણ જાહેર કરાઈ હતી. મીટીંગમાં ઉપસ્થિત ના રહી શકેલ અનેક મિત્રોએ ટેલિફોનિકલી કે મેસેજ દ્વારા શુભકામનાઓ પાઠવી હતી.

કેન્દ્રીય રાજ્યમંત્રીના...
અનુસંધાન ૩ નુ ચાલુ..

ચિંધ્યાનું પૂણ્ય કમાઈ શકે છે. ફિલ્ડ રિપોર્ટસ ગૃપના દસમાંથી છ શપથગ્રહણ સમારંભમાં હાજર રાખવા બદલ ગૃપનો આભાર માનુ છુ. આ પ્રસંગે શ્રી મગનભાઈ માળી અને શ્રી ગણપતભાઈ જોષીએ ફિલ્ડ રિપોર્ટસ દ્વારા શરૂ કરવામાં આવેલા પોઝીટીવ એપ્રોચને હવે આંતરરાષ્ટ્રીય ચેનલો પણ સ્વિકારી રહી હોવાનું જણાવી સમાજ, સરકારમાં રહેલી ઉજળી બાજુઓ ઉજાગર કરવા સાથે લોકોપયોગી કામોને કલમ થકી મહત્વ આપવા જણાવ્યું હતુ. કાર્યક્રમના પ્રારંભે મહામંત્રીશ્રી અંકિત વ્યાસ દ્વારા મહેમાનોને શાબ્દિક આવકાર આપવામાં આવ્યો હતો. ગૃપના આધસ્થાપકશ્રી સંજયભાઇ જોષીએ મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. પ્રમુખશ્રી નરેશભાઇ ચૌહાણે પોતાને સોંપવામાં આવેલી જવાબદારી સુપેરે નિભાવી ગૃપને નવા આયામો સર કરાવવા જણાવ્યું હતુ. આ પ્રસંગે શ્રી રાજેન્દ્ર ધારીવાલના સંનિષ્ઠ પ્રયત્નોથી સમગ્ર ગૃપના સભ્યોને વીમા પોલીસી અર્પણ કરવામાં આવી હતી. ફિલ્ડ રિપોર્ટસ ગૃપના ઉપપ્રમુખશ્રી વિનોદભાઇ સુંદેશા, મંત્રીશ્રી શૈલેષભાઇ પવાર, સહકાર્યાલય મંત્રીશ્રી રતનભાઇ સાંગીયા, ખજાનચીશ્રી દિપકભાઇ રાવલ, આંતરિક ઓડિટરશ્રી અખ્તરભાઇ ચૌહાણ સલાહકાર સમિતિના શ્રી સિતાબભાઇ કાદરી, શ્રી પ્રકાશભાઇ વ્યાસ, શ્રી મોઘજીભાઇ ચૌધરી, શ્રી રણજીતસિંહ હડિયોલ દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમનું સંચાલન શ્રી મયુરભાઇ જોષીએ કર્યુ હતુ. અંતમાં આભાર વિધિ સિતાબભાઇ કાદરીએ કરી હતી. ગૃપના સભ્યોશ્રી મુકેશભાઇ ઠાકોર, શ્રી અલ્કેશકુમાર રાવ, શ્રી હરેશ જોષી સહિત પત્રકારશ્રીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

થરાદમાં મધરાતે...
પાના નં.૮ ચાલુ

જાગૃત નાગરીકોમાં રોડના કામમાં વપરાતા મટેરિયલનું રાતે બારોબારીયું થતું હોવાના ગણગણાટ વચ્ચે નવગુજરાત સમય દ્વારા સોમવારની રાત્રે તપાસ કરાતાં મધરાતે એક વાગ્યે નગરની તમામ પ્રકારની ચહલ પહલ શાંત થઇ ગયા બાદ કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે સાઇડ પર માત્ર મજુરો સિવાય કોઇ પણ જવાબદાર કર્મચારી કે અધિકારી જોવા મળ્યો ન હતો. આથી ચીફઓફીસરના સિવીલ એન્જીનીયરને અચાનક ફરજમુક્ત કરવાના નિર્ણયને પણ લોકો શંકાની નજરે જોઇ રહ્યા છે.

બીજી બાજુ આગળ ચાર દિવસ પહેલાં બનેલા રોડમાં કાંકરીઓ બહાર દેખાતાં તેની ગુણવત્તા ન જળવાઈ હોવાની ચાડી ખાઇ રહ્યો છે. ત્યારે નગરનો આ માર્ગ પ્રજાજનોની જાહેર સુખાકારી માટે મહત્વપુર્ણ હોઇ અને કોઇ પણ કામો નિયમ પ્રમાણે રાત્રે ન કરી શકાય તેમ છતાં પણ પાલિકા દ્વારા આંખ આડા કાન કરાતાં કોન્ટ્રાક્ટરની મિલી ભગતથી કામોમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપ પણ ઉઠવા પામ્યા છે. નગરના જાગૃત નાગરીકોમાં આવી કામગીરી સત્વરે અટકાવી તેની તટસ્થ તપાસ કરાવી,પગલાં લઇ કામગીરી દિવસે જ કરાવી આ જગ્યાએ સિવિલ એન્જીનીયરની નવી ભરતી ન થાય ત્યાં સુધી સિવિલ કામગીરીનો ચાર્જ આર એન્ડ બી સ્ટેટના એસ.ઓ કે એન્જીનીયરને આપવામાં આવે તો વધુ સારી કામગીરી થશે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

પાલનપુરમાંથી બે ..
પાના નં.૮ ચાલુ

નરેશભાઈ દલપતભાઈ પંચાલ (હાલ રહે. દેવર્ષી બંગ્લોઝ પાલનપુર પાણીના ટાંકા પાસે મૂળ રહે. ગરામડી તા.વાવ) તથા અભયસિંહ રણજીતસિંહ રાજપુત (રહે.નવાગંજ ડેરી રોડ શ્રીનગર સોસાયટી પાલનપુર) તેમની સંયુક્ત કબજામાંથી હીરોહોન્ડા સ્પ્લેન્ડર પ્લસ-૩, હીરો સ્પ્લેન્ડર પ્લસ-૧, હીરોહોન્ડા સ્પ્લેન્ડર પ્રો.૧ તથા હીરોહોન્ડા સી.ડી.ડી.લક્ષ-૧ મળી કુલ મોટર સાયકલ નંગ-૬ (કી.રૂ.૧,૨૦,૦૦૦) ના મુદામાલ સાથે પકડી પાડી સઘન પુછપરછ કરતાં આ મોટર સાયકલો છેલ્લા અઢી માસના સમયગાળામાં પાલનપુરથી-૩, ડીસાથી-૨, સિધ્ધપુરથી-૧ ચોરેલાનું કબુલાત કરતા બંન્ને આરોપીઓ પાસેથી છ (૬) મોટર સાયકલો (કી.રૂ.૧,૨૦,૦૦૦/-) સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબજે લઈ બંન્ને આરોપીઓને સી.આર.પી.સી કલમ ૪૧ (૧) ડી મુજબ પાલનપુર મુકામે અટક કરી બંન્ને વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છ મોટર સાયકલ ચોરીઓના ભેદ ઉકેલી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં ..
પાના નં.૮ ચાલુ

કહ્યું કે ભૂતકાળમાં ગુજરાતમાં વાળુના ટાળે વીજળીના ફાંફા હતા. આ સરકારે ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજ પુરવઠો પુરો પાડી અંધારા ઉલેચવાનું કામ કર્યુ છે. તેમણે કહ્યું કે યુરીયા ખાતરની કાયમી તંગી નિવારવા ખાતરને નીમકોટેડ કરવામાં આવ્યું છે. જેથી હવે ખેડુતોને પુરતા પ્રમાણમાં ખાતર મળી રહે છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં દેશ ઝડપથી બદલાઇ રહ્યો છે.

કેન્દ્રીય મંત્રીહરીભાઈ ચૌધરીએ જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લાના ખેડુતોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વાત માની ડ્રીપ ઈરીગેશન પધ્ધતિથી ખેતી કરવાનું શરૂ કરતા તેના ખુબ સારા પરિણામ મળ્યા છે. ડ્રીપ ઈરીગેશન પધ્ધતિથી ખેતી કરવામાં બનાસકાંઠા જિલ્લો સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છે. તેમણે કહ્યું કે ભૂતકાળમાં બનાસકાંઠા જિલ્લામાં એરંડા, રાયડો, ઘઉં વગેરેની ચીલાચાલુ ખેતી થતી હતી પરંતુ કૃષિ મહોત્સવના લીધે ખેતીમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. આ જિલ્લાના ખેડુતો આજે દાડમ, પપૈયા, શક્કરટેટી અને ખજુરના પાક લઇ નિકાસ કરતા થયા છે. તેમણે ઉમેર્યુ કે બનાસકાંઠા જિલ્લાના દિવ્યાંગ ખેડુતશ્રી ગેનાજી પટેલને કૃષિક્ષેત્રે પદ્મશ્રી એવોર્ડ મળ્યો છે. તેમણે જણાવ્યું કે દૂધ ઉત્પાદનમાં પણ બનાસ ડેરી સમગ્ર એશિયામાં નંબર વન છે. મંત્રીશ્રીએ કહ્યું કે છેલ્લા દાયકામાં બનાસકાંઠા જિલ્લાનો શૈક્ષણિક ક્ષેત્રે સરસ વિકાસ થયો છે.

આ પ્રસંગે ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ ગુજરાતના ૫૮મા સ્થાપના દિવસે શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે આજથી તળાવો ઉંડા કરવા, ચેકડેમ બનાવવા અને નદીની રેતીને ડીસીલ્ટીંગ કરવાનું કામ સમગ્ર રાજ્યમાં શરૂ થયું છે. તેમણે કહ્યું કે ઝેરડા ખાતે ૧૧ હેકટર વિસ્તારમાં ફેલાયેલ ગુલાબસાગર તળાવને ઉંડુ કરવાથી ઝેરડા અને આજુબાજુના ગામોની પાણીની સમસ્યા કાયમ માટે દૂર થશે. તેમણે કહ્યું કે લોકોને સુવિધા મળે તે માટે રાજ્ય સરકારે વિશાળપાયે પાણીના કામો શરૂ કર્યા છે.

પ્રારંભમાં સ્વાગત પ્રવચન કરતાં કલેકટરસંદીપ સાગલેએ જણાવ્યું કે તા.૧ લી મે થી તા. ૩૧ મે સુધી બનાસકાંઠા જિલ્લાકમાં ૧૯૩ તળાવો અને ૮૫ ચેકડેમો ઉંડા કરાશે. તથા દાંતીવાડા, સીપુ અને મુક્તેશ્વર ડેમમાંથી પુરાણ થયેલ માટી બહાર કાઢી ડીસિલ્ટી ગનાં કામ કરવામાં આવશે. તેમણે કહ્યું કે ધાનેરા રેલ નદીનું ડીસિલ્ટીસગનું કામ ૨૦૦ મીટર લંબાઇમાં કરવામાં આવશે. સિંચાઇ વિભાગ પંચાયત દ્વારા ૪૪ તળાવોના કામ કરવામાં આવશે. કલેકટરશ્રીએ કહ્યું કે નર્મદા નિગમ દ્વારા બ્રાન્ચા, ડિસ્ટ્રી બ્યુકટર અને માઇનોર કેનાલોમાં સફાઇની કામગીરી કરવામાં આવશે. નદીઓને ડીસિલ્ટીંગ કરી પુનઃજીવીત કરવાનું કામ કરવામાં આવશે.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ બોર્ડના ચેરમેન મગનલાલ માળી, ગુજરાત એસ.ટી. નિગમના ડિરેકટર દિનેશભાઇ અનાવાડીયા, બનાસ ઠંા જિલ્લાના પ્રભારી સચિવ અરૂણકુમાર સોલંકી, ડીસા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઇ માળી, ડીસા તાલુકા પંચાયત પ્રમુખ ઉકાજી ઠાકોર, અગ્રણીઓ સર્વ અમરતભાઇ દવે, મહેશભાઇ દવે, લેબજીભાઇ ઠાકોર, બળવંતસિંહ વાઘેલા, સરદારભાઇ રાઠોડ, ડીસા પ્રાંત અધિકારી હિરેન પટેલ, સિંચાઇના કાર્યપાલક ઇજનેર આર.એન.નિનામા સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ધાનેરાની નેનાવા...
પાના નં.૮ ચાલુ

તાડપત્રી દુર કરતા તેની નીચેથી વિદેશી દારૂ પાસ પરમીટ વગરની પેટી નંગ. ૨૨૮ બોટલ ટીન ૨૯૨૮ કિંમત રૂા.૧૦,૫૬,૦૦૦ તથા ૨૫૦૦ રૂા. ના બે મોબાઈલ તથા ૧૫ લાખની ગાડી મળી કુલ ૨૫, ૫૮, ૫૦૦ ના મુદામાલ સાથે આરોપી ગાડીના ચાલક બજરંગસીગ નારાણસીંગ રાજપુત રહે બોડસર તા. લાડ, જિ.નાગોર (રાજસ્થાન) તથા કલીનર દેવેન્દ્ર મોહનરામ જાટ રહે.બોડસર તા.લાડ, જિ.નાગોરવાળાને અટક કરી વધુ તપાસ ધાનેરા પોલીસ ચલાવી રહી છે.

આત્મ વિલોપનની...
પાના નં.૮ ચાલુ

ચીમકી આપનાર રાધનપુર ડેપોના આ કર્મચારીની રજૂઆત સાંભળવા આજે તેને પાલનપુર ખાતેની વિભાગીય એસ.ટી.કચેરીમાં બોલાવ્યો હતો.જોકે વિભાગીય નિયામક સાથેની ચર્ચા દરમ્યાન આ કર્મચારી બેભાન થઈ જતા તેને તાબડતોબ પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હોવાનું જાણવા મળ્યું છે.બીજી બાજુ આ ઘટનાથી એસ.ટી.ના કામદાર અગ્રણીઓમાં રોષ ભભૂકી ઉઠ્યો છે અને નિગમના પાલનપુર વિભાગમાં કામદારો ઉપર ચલાવાતી જોહુકમી સામે આક્રમક બનવાની ચીમકી પણ કામદાર અગ્રણીઓએ ઉચ્ચારી છે.

પવનની દિશા...
પાના નં.૮ ચાલુ

વર્તમાન ગરમીએ રીતસર તોબા પોકરાવી રહી છે. આકાશમાંથી અગનવર્ષા થઈ રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આકાસમાંથી વરસી રહેલી અગનવર્ષાના લીધે જનજીવન પ્રભાવિત થયુ છે. ઉષ્ણ લહેરના પગલે પડી રહેલી અંગ દઝાડતી ગરમીના કારણે બનાસકાંઠા અગનભઠ્ઠીની કગાર પર પહોંચી ગયું છે. સામાન્ય રીતે ઉનાળાના સમયગાળા દરમિયાન જ્યારે દરિયા પરથી પવન ફુંકાય ત્યારે તાપમાન વધૂ ઉંચકાઈ શકતુ નથી. પરંતુ ગ્લોબલ વોર્મિંગ સહિતના કારણે વિન્ડ પેટર્ન ચેન્જ થતા હાલે બળબળતા પવનો બનાસકાંઠામાં ફૂંકાઈ રહ્યા છે. જિલ્લાના તાપમાનના ઉંચકાઈ રહેલા પારાને પગલે આગામી દિવસોમાં ગરમી બનાસવાસીઓની રીતસરની અગ્ની પરિક્ષા લે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે. તેમાં પણ જિલ્લાના ડીસા પરનો સુર્યદેવ વક્રદષ્ટિ કરી હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. માર્ગો પર પણ ચહલ - પહલમાં રીતસરનો ઘટાડો જોવા મળી રહ્યો છે. ડીસા હવામાન વિભાગના કર્મચારીઓના જણાવ્યા અનુસાર વાતવરણમાં ભેજનું પ્રમાણ ખુબ જ ઘટી ગયું છે અને અત્યંત સુકો પવન ફુંકાઈ રહ્યો છે. ઉપરાંત લઘુતમ અને મહત્તમ તાપમાનમાં ઉતરોત્તર વધારો થઈ રહ્યો હોઈ સર્વત્ર ગરમીનું મોજું ફરી વળ્યું છે. ડીસામાં તાપમાન ગઈકાલે ૪૨.૯ ડીગ્રી નોંધાયું હતું.

વડગામના મજાદર...
પાના નં.૮ ચાલુ

આંગણે પાસપોર્ટ કઢાવવાની સગવડઆપવા પાલનપુર ખાતે પાસપોર્ટ ઓફીસ શરૂ કરી દિવસના ૧૫૦ પાસપોર્ટ કાઢવાનું કામ થયું છે. સુજલામ - સુફલામ યોજના અન્વયે મૂક્તેશ્વર - સીપુ - દાંતીવાડાના જળશાયો - તળાવો, ચેકડેમોની મરામત કરી વધુ પાણી સંગ્રહ કરવાની યોજના તા.૩૧/૫/૧૮ સુધી અમલમાં મુકી છે. વિધાનસભા ઉપદંડક ભરતસિંહ ડાભીએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં થયેલ વિકાસ કામોની ચર્ચા કરી હતી. કાર્યપાલક ઈજનેર આર.એન.નિનામાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. પ્રાંત ઓફીસર એ.ડી.જોષી, મામલતદાર આર.એમ. ચાવડા, તા.વિ. અધિકારી એ.એમ.પરમાર, મદદનિશ ટીડીઓ ઉષાબેન જોષી, સરપંચ પ્રકાશસિંહ સોલંકી, પૂર્વ સરપંચ ફલજીભાઈ ઉપલાણા, યુવા સામાજીક કાર્યકર અશોકભાઈ ભટોળ, સુરેશકુમાર કે.ઉપલાણા, કાળુભાઈ પ્રજાપતિ, વિરાભાઈ પ્રજાપતિએ કેન્દ્રમંત્રી હરીભાઈ ચૌધરી, વિધાનસભા દંડક ભરતસિંહ ડાભી, મગરવાડા તિર્થના ગાદીપતિ પતિ વર્યશ્રી વિજયસોમજી મ.સા. વિજય ભાઈ ચક્રવર્તી, હિતેશભાઈ ચૌધરી, કે.પી.ચૌધરી, ફલજીભાઈ પટેલ, તા.ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણા, અશ્વિન ભાઈ સકસેના પૂર્વ પ્રમુખ પ્રેમજીભાઈ ભુતડીયા, ગીતાબેન પ્રજાપતિ, તા.ડેલિગેટ રાજેન્દ્રસિંહ રાજપુત વગેરેનું વિશિષ્ટ સન્માન કર્યું હતું. મગરવાડા તિર્થસ્થાન તરફથી યતિશ્રી વિજય સોમજી મ.સા.એ બંને મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું.

આગ ભીતર ભીતરની...
અનુસંધાન ૫ નું ચાલુ

હું એ બનાવી દઉં છું .. મને આવડે છે...

આવડતું જ હોય ને..

એ પ્રથમ ચરણ હતા. હું માસીની પાસે સુઈ ગયેલી. મારા મિસ્ટર કુંજબિહારી મેડા પર.. જોકે મોડે સુધી જાત જાતની વાતો થયેલી મેં સાંભળેલી.. મને થયેલું પહેલી રાત છે. કદાચ મારી પર પ્રભાવ.. પાડવાને માટે માસી આવી મીઠી મીઠી વાતો કરતી હોય પણ પાછળથી આકરી કડવી સાસુ બનીને ભૂમિકા ભજવશે. એ મારો ખ્યાલ, માન્યતા હતી.. સવારે વરસાદ થંભી ગયેલો, ચારેકોર પાણી ભરાયા હતા. એક જ વાતાવરણ ભેજવાળું થયું હતું. જોકે બપોર બાદ બફારો વધી ગયો હતો. મારા ઘરમાં મારા માટે એ વખતે લગ્નની જાત જાતની વાતો ચાલતી હતી. ને હું એનો સતત વિરોધ કરતી હતી.. ‘મારે પરણવું નથી..’ તો બાવણ થવું છે ?

મારા મોટા બાપાની જીભ કડવી નહીં અતી કડવી હતી. અને સ્વભાવ તો ન જાણે કેવો ય ખરાબ હતો. મારા પિતાનું કે માતાનું બે ભાઈઓનું એમની પાછળ કશું ઉપજાતું નહીં. મોટા બાપ જો આંખ કાઢીને ચુપ કહે તો કીડી ચપોચપ થઈ જતી.. મારા ઘરમાં એમની ધાક દાબ હતી.

એક રાતે હું એમના લપેટામાં આવી ગઈ હતી. લગ્ન અંગેની સતત મારી ના ના લીધે તેઓ અકળાયા હતા. જોકે કુંજબિહારી સાથેની કયાંક છાની છપની વાતો એમની આગળ પહોંચી ગઈ હશે.

તું લગ્નની ના પાડે છે એની મને ને ગંધ આવી ગઈ છે.. તું ધારે છે એવું હું નહીં થવા દઉં.. આખરે મારી ઈજ્જત છે, આ ઘર આખી જ્ઞાતિમાં ઉંચુ છે ઉંચા ઘરની છોકરી ગમે તેવા છોકરાં સામે ફજેતા કરે એ ચાલશે નહીં.. રાઘવ.. મણી... મારા પિતાનું નામ રાઘવ હતું અને માતાનું નામ મણિ હતું.

દસ પંદર દિવસમાં આ છોડીના લગ્ન ગોઠવી દો.. એનું ખોટું પગલું ભરવાની ઈચ્છા પાર પાડવા દેશો નહીં.. એમણે કહ્યું.

એ રાતે હું હચમચી ગઈ હતી. આખી રાત ઉંઘી ન હતી. કુંજબિહારીને દિલ ખોલી પ્રેમ કર્યો છે. લગ્નનાં એકબીજાએ વચન આપ્યાં છે. .ત્યાં શું બીજાની સાથે સાત ફેરા ફરવા પડશે..

સાત ફેરા બીજાની સાથે ? ના..ના.. ના.. હું કોઈક એવું પગલું ભરીશ કે.. મેં નક્કી કરેલું.. ભાગી જવાનું..

બીજા દિવસે બપોરે મને કુંજબિહારી સાથે મોટા બાપા જોઈ ગયા હતા. જો કે એ દિવસે કુંજબિહારી સાથે ભાગી જવાની આખીય વાત નક્કી થઈ ગઈ હતી. કુંજબિહારીએ મને કહેલું, તું તારે ઘરેથી માત્ર હાથ પગ અને મક્કમ મજબુત હૈયું લઈને આવજે.બાકીનું હું ફોડી દઈશ.. એ દિવસ સોમવાર.. ગુરૂવારે સાંજે ઘરમાંથી બધું છોડી મારે નીકળી જવાનું હતું.. પણ એ સાંજે મોટા બાપાએ મારી સાથે મારઝુડ કરી હતી. ત્યારે મારી મા.. મારા પિતા.. ભાઈએ બધાંય ખામોશ રહ્યા હતા.. ત્યારે પણ એમણે એ જ કહેલું, આ છોકરી આપણા સૌનું નાક કપાવે એ પુર્વે જ દસ દિવસમાં ઉકેલી નાખો..

હું માર ખાઈને ખુણામાં બેસી રહી હતી. એ તબક્કે મારા ઘરવાળાને કાયર સમજતી હતી. કે જેઓ મોટા બાપાને કશું કહી શકતા નથી.

જીંદગી હતી બધું યાદ હતું આંખોમાં ડુબી ગયેલી સ્મૃતિઓ સમ હતું. ગુરૂવારે ઘર છોડવાનું હતું પણ કુંજબિહારીને મળેલી સંડાસ જવાને બહાને.. દસ દિવસમાં લગ્ન અંગેનું જણાવી દીધું હતું.

આમ તો ગુરૂવારે ભાગવાનું હતું પણ બુધવારે બપોરે જ કુંજબિહારીએ કહેલું.. ચાલ આજે સાંજે નીકળીએ છીએ.. હું તૈયાર હતી.

એ દિવસ મારો ભાઈ બપોરની બેની એસટીસમાં પાસે રહેતા દોલતભાઈને વાત માટે બોલાવા ગયો હતો. દોલતભાઈનો દિકરો મનુ કુંવારો હતો. કોર્ટમાં નોકરી કરતો હતો પણ મને પસંદ ન હતો.

ધોધમાર વરસાદના એ દિવસે અમે માસીના ઘેર ઉતર્યા.. આખીય વાત જણાવી પછી હું રોઈ પડી. માસીએ પોતાનો હાથ મારા માથે મુકતાં કહ્યું તારે કોઈ વાતે ગભરાવાનું નથી. ભલે હું સ્ત્રી છું પણ વાઘ જેવી છું. .એથી વધુ મારા કુંજબિહારીની તું પત્ની છે તારો વાળ વાંકો નહીં થવા દઉં.. તું તારે સુખેથી રહે.. માસીની હિંમતે ઘરનો આધાર મળ્યો, જીંદગી આગળ વધી કુંજબિહારીના પ્રેમે એ શાંતી આપી.

આજકાલ કરતાં છોકરાના કહેવા પર મામાના ઘેર વેકેશનમાં જવાનું નક્કી તો કર્યું પણ મને એક બીક હતી. મારૂં તો અપમાન થશે સાથે સાથે મારા પતિ કુંજબિહારીનું અને એના લીધે જ હું મારા ઘેર જવા માગતી ન હતી. વાત ટાળતી હતી પરંતુ છોકરાં જીદ કરતા હતા.

છોકરાને બીજે ફરવા લઈ જવા હું તૈયાર થઈ પણ મામાના ઘેર નહી.મને મારા એ ઘરમાં મોટા બાપાની ખુબ જ બીક લાગતી હતી.એમનો શો ભરોસો ? એક તો એમને, એમનો મારા માટેનો છુપો.. હૈયે ક્રોધ અને એમાં બધાંને લઈને એ ઘેર.. એ આંગણે જાઉં તો.. મારા તેથી પગ પાછા પડતા હતા.

આખરે માસીએ એ વાત જાણી લીધી. ।આ કારણથી હું કે મારા સંતાનો કુંજબિહારીની સાથે જતી ન હતી. સામે છેડે મેં પણ એકવાર એ તરફ લમણા ના કર્યા તો ના કર્યા. ના કશું જણાવ્યું હતુ કે હું અહીં છું.. ઘર, પરિવાર સાથે સુખી છું ત્યાં તો માસી સાથે આવવા તૈયાર થઈ. મેં ઘણી ના પાડી.. જાતજાતની વિગતો રજુ કરી.. માસી રોકાઈ જાય.. પણ..માસી ના માની તે ના માની.. ચાર પાંચ દિવસ પછી પહોંચ્યા.. મારૂં ઘર ખંડેર થઈ ગયું હતું. બા.. મેંમારા ઘરના બારણે જઈ મારી બા.. મારો સાદ સાંભળી હરખઘેલી થઈને બારણું ખોલ્યું.. સામે મા.. બા.. હતી. એ રડી પડી મને ભેટી પડી.. તું કયાં ચાલી ગઈ હતી? માસીની હિંમતે પગ મુકયા.. મારા પિતાજી.. મોટા બાપા ગુજરી ગયા હતા.. માસી અને બાએ મારી માએ પેટ ભરીને વાતો કરી..

-રેણુ વિષ્ણુકુમાર બારોટ (અમદાવાદ)

નારી...
અનુસંધાન ૫ નું ચાલુ

પ્રભાવિત કરે છે. આજકાલ આટલી સાહસી મહિલાઓ મળવી થોડું મુશ્કેલ બની ગયું છે, પણ આવા સ્વભાવની મહિલાઓ પુરુષોને સારી લાગે છે.કેટલીક મહિલાઓની આદત હોય છે કે તેઓ પોતાની ઘણી બધી વાતો સિક્રેટ રાખે છે. તેમનું વ્યક્તિત્વ રહસ્યમયી હોય છે અને આ પ્રકારની મહિલાઓને પુરુષ પસંદ કરે છે. મોટા ભાગના પુરુષો ઈચ્છે છે કે, મહિલાઓ એક હદ સુધી રહસ્યમયી આવરણમાં રહે. એમ પણ સ્ત્રીઓ પોતાના જીવનનો થોડો ઘણો હિસ્સો રહસ્યમયી બનાવી રાખે, તો એનાથી સંબંધ રોચક અને ચટપટા બની રહે છે.એક આદમીની આંખોમાં એ મહિલાથી વધુ ખૂબસૂરત બીજું કોઈ નથી હોઈ શકતું, જે પોતાની ખૂબીઓને સારી રીતે જાણતી-ઓળખતી હોય અને તેની આદતોમાં બદલાવ પણ લાવતી હોય અને સાફસફાઈનો ખ્યાલ પણ રાખતી હોય.આમ તો સ્ત્રીઓ ખૂબસૂરત દેખાવા અને ઈમ્પ્રેસ કરવા માટે ખૂબ સાજ-શણગાર કરે છે, પણ હકીકતમાં પુરુષોને સ્વભાવ અને શૃંગારમાં પણ સાદગી પસંદ મહિલાઓ અધિક લોભાવે છે. મોટે ભાગે હેવી મેકઅપ, ડ્રેસઅપ વગેરેમાં રહેવાને બદલે જો તમે કેજ્યુઅલ પણ રહેશો તો પુરુષોને અધિક ઈમ્પ્રેસ કરી શકો છો, કેમ કે જે મહિલાઓ સાદગીમાં રહે છે, પુરુષ તેમની સાથે સરળતા અનુભવે છે.આપની હેરસ્ટાઈલ પણ પુરુષોને પોતાના ભણી ખેંચે છે. મહિલાઓની ખૂબસૂરત હેરસ્ટાઈલ તેમને વારંવાર તેમના ભણી જોવા માટે મજબૂર કરી દે છે.મહિલાઓની ડ્રેસિંગ સેન્સ પણ પુરુષોને પોતાના તરફ આકર્ષિત કરે છે. જો તમે વિચારતા હોવ કે ડિપ નેકલાઈનનો ડ્રેસ કે શોર્ટ ડ્રેસ પુરુષોને પસંદ છે, તો એવું નથી. મોટા ભાગના પુરુષો મહિલાઓને સાદા કપડાં જ પસંદ કરે છે.કેટલાંક પુરુષ એવી મહિલાઓને પણ પસંદ કરે છે, જે બગડેલી દેખાય છે કે પછી ખુદને બગાડવાની મજા લેવા ઈચ્છતી હોય. જેવી કે ઘણું બધું શોપિંગ કરવું, બિનજરૂરી ચીજો ખરીદવી.એવી મહિલાઓ, જે બહુ સારું ગાય છે, તેને પણ પુરુષ પસંદ કરે છે. તેમને એ સેક્સી પણ લાગે છે.મોટા ભાગની મહિલાઓ વિચારે છે કે, પુરુષોને ઝીરો ફિગર કે ફ્લેટ ફિગરવાળી સ્ત્રીઓ અધિક પસંદ આવે છે, પણ એવું નથી.

રૂપના રખોપા...
અનુસંધાન ૫ નું ચાલુ

વધી જાય છે. આવી રીતે ધ્યાન રાખો : ચઢતા તડકામાં નીકળવાથી દૂર રહો. અળાઈઓ પર પાઉડર લગાડવાથી ઠંડક થાય છે, પરંતુ તેને કાયમી ઉપચાર ન સમજો. અળાઈઓ ઓછી ન થતી હોય તો તરત જ ડૉક્ટરને દેખાડો. આછા રંગના સુતરાઉ વસ્ત્રો પહેરો. પ્રયત્નો એવા કરવા કે તડકામાં બહાર નીકળો તે વખતે શરીર ઢંકાય તેવાં જ વસ્ત્રો પહેરો જેમ કે ખમીસ અથવા કુરતી વગેરે. વધારે પરસેવો ન થાય, એટલે અંડરગાર્મેન્ટ્સ તથા જિન્સ વગેરે ટાઈટ ન પહેરવાં જોઈએ. ત્વચાને કરડે તેવા સિન્થેટિક અને ટાઈટ થતાં વસ્ત્રો પહેરવાથી દૂર રહો, કારણ કે ટાઈટ હોવાના કારણે તેમાંથી બગલ અને જાંઘ ઘસવાથી ત્વચામાં લાલાશ અને સોજો પણ આવી શકે છે. એની બળતરા અને પીડા નુકશાનકારક છે.

વિચારવિમર્શ...
અનુસંધાન ૫ નું ચાલુ

ત્યારે કાયમ રડતો અડધો કલાક તેને ઊંચકીને રમાડવો પડતો અને દાદા-દાદીની વાત કરવી પડતી બીજે દિવસ કોઇ તહેવાર હોય તો તે કહેતી કે કાલે તો બધા આવવાના દાદી-દાદી, કાકા-કાકી ત્યારે અચાનક તેમાં સ્ફૂર્તિ આવી જતી, સ્કૂલથી પાછો આવ્યા બાદ પણ તેની આ ખુશી જળવાઇ રહેશે. એકાંન્ત ઘરોમાં રહેતા આવા બાળકોમાં કયારેક પોતાના સામાન પ્રત્યે પણ અધિકાર ભાવના જાગ્રત થઇ જતી હોય છે. તે ખાવા પીવાની વસ્તુઓ પણ વહેંચીને ખાઇ શકતો નથી.

જયારે સંયુકત પરિવારમાં ઘરના વડીલ બધા બાળકોને બોલાવે છે અને સૌને તે વસ્તુ વહેંચી આપે છે ગમે તેટલા સભ્યો હોય કોઇ પોતાની મનમાની ન કરી શકે વડીલથી સૌ બીએ છે તેવી તેમની વાત સર્વમાન્ય બનતી હોય છે. અહીં કાકા-કાકાના પુત્રો કે પુત્રીમાં સગા ભાઇઓ કે સગી ભાઇ-બહેન જેવો પ્રેમ જોવા મળે છે. સૌ એક સાથે ભેગા મળીને રહે છે. બાળકોની એક સારી કંપની હોય છે જયારે એકલા બાળક કોઇને કોઇ ને શોધ્યા કરતું હોય છે. ભૂલ કરવા પર પણ તે કોઇની વાત નહીં માને આ રીતે તેનામાં અહંકાર પેદા થાય છે જે કોઇ છું તે હું જ છુ.`! હું જ સાચો છું. આવી નાની નાની બાબતો બાળકના વિકાસમાં મોટા અવરોધ રૂપ બનતી હોય છે. તે કોઇક જગ્યાએ પોતાને અસુરક્ષિત મહેસૂસ કરે છે. મમ્મી કે તેના પપ્પા સાથે હોય ત્યારે તે બેફિકર બની કહેતો રહેશે અન્યથા નહી બોલે બાળક સ્કૂલથી ઘરે આવે અને ઘરે કોઇ ન હોય તો તે રહ્યા જ કરશે તે આજુ બાજુ પણ નહી જાય.આ રીતેની પરિસ્થિતિ કે સમસ્યાનો સામનો કરવા બાળકને કયારેક દાદા-દાદી કે ફોઇ મામાને ત્યાં રહેવા મોકલવા જોઇએ. પડોશી સાથે સંબંધ સારા રાખવા જોઇએ અને કયારેક તેઓના ઘરે પણ મૂકવા જોઇએ. તેઓના પુત્રો સાથે પોતાના પુત્રના રમકડાં સાથે રમે તેવી ગોઠવણ કરવી જોઇએ. તેઓ સામે વહેંચીને ખાવ તેવી ગોઠવણ પણ કરવી જોઇએ. સાથે સાથે મોટાઓને પ્રણામ કરવું માનવી સૌને બોલાવવા વગેરે જેવા શિષ્ટાચાર પણ શીખવવા જોઇએ. સંયુક્ત પરિવારમાં બાળકો આવી બાબતો પોતાના મોટાઓને જોઇએ શીખી જાય છે. મા-બાપ તેમના બાળકને શૈક્ષણિક શિક્ષાની સાથે સાથે પરિવારના બીજા સગા-સંબંધીઓ સાથે પણ મેળવતા રહેવું જોઇએ. પરીક્ષા પરિણામ આપવા પર કે કોઇ ઇનામ મળે ત્યારે તેઓને વડીલોનો આશીર્વાદ લેવા ચોક્કસ મોકલવા જોઇએ. આત્મીય જનોનો પ્રેમ જોઇ અને આશિર્વાદ પામી બાળકોનો વિશ્વાસ અને ઉત્સાહ વધતો હોય છે. મેલ મિલાપથી આદર-પ્રેમ અને શ્રદ્ધા જેવા ભાવ સ્વંય આવી જાય છે. બાળકો મોટાઓ અને વડીલોને માન આપે તથા એક બીજાની નજીક આવે સાથે સાથે તેઓમાં યોગ્ય સંસ્કાર આવે તેથી આ પ્રકારની પારિવારીક નિકટતા જરૂરી છે.

શબ્દ સમીપે...
અનુસંધાન ૫ નું ચાલુ

વાર્તા નથી તેમ એ ટૂચકો પણ નથી. લઘુકથા એ કલાકૃતિ છે. જીવનની સંવેદનાના અર્કનું એક બિન્દુ છે. એને ભાવક પોતાના જ અનુભવના જળમાં મેળવીને એનો આસ્વાદ ફરી ફરી માણી શકે છે.’

લઘુકથામાં ઘટના અને સિચ્યુએશન એ એના ઉદ્ભવ પાછળ રહેલા મહત્વપૂર્ણ ઘટક તત્વો છે. લઘુકથાની સર્જન પ્રક્રિયાની નિમિત રૂપ ઘટના આકસ્મિક અને ક્ષુદ્ર હોવી જોઈએ. કારણ કે ઘટનાનું આકસ્મિક પણું અને ક્ષુદ્રત્વ જીવનના કોઈ એક સંદર્ભને સ્પર્શતા હોઈએ લઘુકતાના ખુદગ્ત અને ક્લેવરને ચુસ્તીભર્યા ઘાટ આપનારા નિવડે છે. લઘુકથામાં બાધવ છે તે આ બે લક્ષણોના આધારે નિષ્પન્ન થયેલું હોય છે. લઘુકથા એ સંવેદન કેન્દ્રી કથા સ્વરૂપ છે. લઘુકથામાં સર્જનની સંવેદનાની કળાત્મક અભિવ્યક્તિ અપેક્ષિત છે. કેમ કે તેમાં સંવેદન અને લાગણીનું પ્રાધાન્ય હોય છે. સાહિત્યના આ સ્વરૂપને સંવેદના કથા કે ઉર્જા કાવ્યની જેમ ઊર્મિકથા તરીકે ઓળખી શકાય.

લઘુકથા અને ટૂંકી વાર્તાના કથા સ્વરૂપોની સમાનતા - વિભિન્નતાની વાત સુંદર ઉદાહરણઓ આપીને ઉત્પલભાઈએ મુકી આપી છે. જેના કારણે લઘુકથાના સ્વરૂપની સાચી સમજ આપવાનો તેમનો પ્રયાસ પ્રસંસનીય લાગ્યા વિના રહેતો નથી. લઘુકથામાં પાત્ર નિરૂપણની વાત પણ તેઓ ખુબ વિગતે કરે છે.વળી લઘુકથામાં વસ્તુનું મહત્વ. લઘુકથાનો સમગ્ર પ્રભાવની વાત ઉદાહરણો સાથે મુકી આપી લઘુકથાના નવલેખકો માટે પ્રેરક પુરવાર થાય તેમ છે. કારણ કે લઘુકથા એ મત્સ્યવેધની કલા છે. આ સંદર્ભ લેખ માટે જે જુદા જુદા ગ્રંથોનો સંપાદકે ઉપયોગ કર્યો છે. તેની વિગતો પણ ટૂંકમાં આપવામાં આવી છે. ભાવક ઉત્તમ લઘુકથામાંથી પસાર થાય કે તરત એના હૃદયને લોખંડ જેમ પારસ સ્પર્શે સુવર્ણ બને તેવી રીતે ભાવકનું હૃદય ઉત્તમ લઘુકથાના સ્પર્શે આનંદરૂપી સુવર્ણથી સમૃધ્ધ બની જાય તે જ તેની કે કોઈ પણ સાચી કલાકૃતિની ઓળખ છે.

પ્રેમજી પટેલની લઘુકથાઓ વિવિધ દષ્ટિકોણથી અને વૈવિધ ભર્યા મિજાજે લખાઈ છે એવું એમની લઘુકથાઓમાં પસાર થતાં આપણને લાગ્યા વિના રહેતું નથી. આ પુસ્તકમાં પ્રેમજી પટેલની પણ જેટલી લઘુકથાઓનું ઉત્પલભાઈએ સંપાદન કર્યું છે. તે સાથે તે લઘુકથાઓની વિશિષ્ટતાઓ લાક્ષણિકતાઓ અને લઘુકથા સ્વરૂપે કઈ રીતે શ્રેષ્ઠ છે તેનું વિશ્લેષણ તેમનાં દીર્ઘ લેખમાં કર્યું છે.

‘માઈક્રોમોશન’ લઘુકથામાં બોસલની અણઘટતી ચેષ્ટાની નાયિકા આંચકો અને આઘાત બંને અનુભવે છે. તો ‘વમળ’ માં લેખકે નાયકની ફરજ ચુકની હકીકતને વહેલા ઘેર જતા રહેતા ખેડૂત અને પિરિચજ છોડીને વહેલી આવેલી રે પુત્રીની વાતનું સંમિશ્રણ કરીને ઉપસાવી આપી છે. આવી જ રચના પ્રયુક્તિ કર્તાએ ‘બચ્ચા’ લઘુકથામાં પ્રયોજલી છે. ‘શ્રવણ કથા’ માં પણ આવો જ કટુ અનુભવ કથા સાંભળીને ઘરે આવ્યા પછી વહુ પાસે પાણી માગવાના પ્રસંગે ડોશીને થાય છે. ‘મખમલી મોતી’ માં યૌવનનાં આરંભે પ્રથમવાર રજસ્વલા બનેલી યુવતી લુઘડું શોધી પહોળું કરે અને લાખ મોતી જેવા ડાઘ ઉપરથી કુંવારી સંવેદનનો મખમલી રોમાંચ મખમલી મોતીનાં પ્રતિકમાં સંકેતાયો છે. તો ‘કિટ્ટા’ લઘુકથામાં શીર્ષક દ્વારા અબોલાની મનોવેદના સૂચક રીતે સૂચવાઈ છે. આ ઉપરાંત સાઈડર જેવી લઘુકરથાઓ વાચકને સંતર્પક નિવડે છે. તેથી જ ઉત્પલ પટેલ કહે છે કે પ્રેમજી પટેલની લઘુકથાઓ ઈયત્તા અને ગુણવત્તા, ઉભય દષ્ટિએ નોંધપાત્ર છે. લઘુકથામાં કૃમિ પ્રયોજનની દષ્ટિએ આવશ્યક હોય તેટલાં જ પાત્રો - પ્રસંગો પસંદ કરવાની સર્જકતાની સમાનતા અને પરિસ્થિતિ પારખવાની સુઝ પ્રશસ્ય છે. આ લઘુકથાઓમાં લાઘવ મહદંશે સિધ્ધ થઈ શક્યું છે. તેમની અભિવ્યક્તિ સભાનતા અને સજ્જતાને આભારી છે તેથી લઘુકથા સ્વરૂપ અને સર્જનમાં રસ ધરાવતા અભ્યાસીઓ અને સાહિત્યિક વાચકોને વિશાળ વસ્તુ ફ્લક પર વિસ્તરતી આ લઘુકથાઓ ગમી જાય તેવી છે.

‘પ્રેમજી પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ’ ના લેખક પ્રેમજી પટેલનો જન્મ તા.૧૨/૨/૧૯૫૫ ના સાબરકાંઠા જિલ્લાના ખેરોલ ગામે થયેલ છે. તલોદની શેઠ એચ.પી.આર્ટ્સ કોલેજમાં અધ્યાપક તરીકે સેવાઓ સાથે સાથે ત્રેપનમી બારી (લઘુકથા સંગ્રહ) અમૃત વર્ષા (લોક સાહિત્ય) અને સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી જીવન કથા, વિવેચનનાં પુસ્તકો તેમણે આપ્યા છે.

આ પુસ્તકના સંપાદક ઉત્પલ પટેલનું વિવેચન અને સંપાદન ક્ષેત્રે મહત્વપૂર્ણ પ્રદાન રહ્યું છે. ગુજરાતી વાર્તાસૃષ્ટિ, દિગીશ મહેતાની શબ્દ સૃષ્ટિ (વિવેચન) અને દિગીશ મહેતાના શ્રેષ્ઠ નિબંધોનું સંપાદન પણ તેમને કરેલું છે. જાણીતા સજાગ સર્જક પ્રાગજીભાઈ ભામ્ભીને અર્પણ કરાયેલા આ પુસ્તક લઘુકથાને સમજવા અને માણવા માટે ખુબ જ સરસ રીતે રજૂ કરવામાં આવી છે. તે બદલ લેખક, સંપાદક અને પુસ્તક પ્રગટ કરનાર ડિવાઈન પબ્લિકેશન્સ અભિનંદનના અધિકારી છે.

પ્રેમજી પટેલની શ્રેષ્ઠ લઘુકથાઓ
સંપાદક : ઉત્પલ પટેલ
પ્રકાશક : ડિવાઈન પબ્લિકેશન્સ
૩૦, બીજે માળ, કૃષ્ણ કોમ્પલેક્ષ, જૂનું મોડેલ સિનેમાં, ગાંધી રોડ, અમદાવાદ

દીઓદર ખાતે...
અનુસંધાન ૩ નુ ચાલુ..

સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે ડૉ.પ્રશાંતભાઈ પાટીલ, ગુજરાત ગૌશાળા પાંજરાપોળના મહામંત્રી છત્રસિંહ ખેર, કરૂણા ફાઉન્ડેશનના મિત્તલભાઈ આદિએ પ્રાસંગીક પ્રવચન આપી ગૌશાળા પાંજરાપોળની કામગીરી સંભાળતા સૌ મહાનુભાવો ને ધન્યવાદ આપેલ. તેમજ તેમને પડતી મુશ્કેલીઓનું માર્ગ દર્શન આપેલ.ઉપસ્થિત સંચાલકો દ્વારા ગૌશાળા પાંજરાપોળમાં પીવાના પાણી, ઘાસાસચારો, જમીન, શેડ, છાંયા માટેની જરૂરીયાતોની રજુઆતો કરેલ. અને જાણાવેલ કે પુર અને ઘાસચારાના અભાવે ગૌશાળા પાંજરાપોળોમાં વિકટ સ્થિતિ છે. ઘાસચારાના ભાવો ડબલ થયા છે. ગ્રામીણ વિસ્તારોમાં નંદીઓ બિન વારસી હાલતમાં ફરે છે.તેની સરકાર દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે જેવી રજુઆતો કરવામાં આવેલ.

સમસ્ત મહાજનના ગીરીશભાઈ શાહે આ પ્રસંગે જણાવેલ કે મુખ્ય પાણી અને છાંયડાની સમસ્યા છે. પાણી માટે સરકારની તાજેતરમાં તળાવો ઉંડા કરવાની યોજના છે. તેમાં સરકાર દ્વારા ૫૦ ટકા યોગદાન અપાય છે. તેમાં જેતે ગૌશાળા પાંજરાપોળએ દાતાઓ ઉભા કરી ૨૫ ટકા યોગદાન અપાશે તો બાકીના ૨૫ ટકા સમસ્ત મહાજન દ્વારા આપવામાં આવશે. તેમણે ૧૮ ગામોમાં તળાવો ઉંડા કરવાની કામગીરી જીલ્લામાં શરૂ થશે.તેમ જણાવેલ. જૈનો દ્વારા લગ્ન પ્રસંગો તેમજ અન્ય સામાજિક પ્રસંગોમાં જીવદયા ગોઠ માટે જમે પૈસાનું મેળવવાનું આયોજન થાય છે તેમ સૌને કરવા જણાવેલ. આ સેવાકીય અભિગમને વિસ્તૃત કરવા જણાવેલ.

આ પ્રસંગે બનાસકાંઠા જીલ્લા ગૌશાળા પાંજરાપોળ ફેડરેશનના પ્રમુખ ચીનુભાઈ પાંચાણી (થરા), નિશ્ચલદાસબાપુ, બાલકૃષ્ણ શાસ્ત્રી, શશીભાઈ પરીખ, રેવાપુરી બાપુ, જગદીશપુરી બાપુ(થરી), સહીત જિલ્લાભર તથા રાજ્યની અનેક ગૌશાળા પાંજરાપોળના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહેલ.કાર્યક્રમનું સંચાલન ગૌ સેવક ડાયાભાઈ માળીએ કરેલ.

રાધનપુરમાં સમુહલગ્નમાં ૧૫ બાળલગ્ન અટકાવાયા, વાલીઓ વિરૂદ્ધ કાર્યવાહી

રાધનપુર

રાધનપુરમાં ૧૫ જેટલા બાળ લગ્ન અટકાવવામાં આવ્યા છે. રાધનપુરમાં પ્રજાપતિ સમાજ દ્વારા બાળ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે ગાંધીનગર અને પાટણની બાળ સુરક્ષા વિભાગની ટીમે સંયુક્ત કામગીરી હાથ ધરી બાળ લગ્ન અટકાવ્યા હતા. બાળ સુરક્ષા વિભાગે સમુહ લગ્નના આયોજક અને બાળકોના વાલીઓ વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કરી છે.

પાટણ અને સાગોડીયામાંથી બાઈકની ચોરી

પાટણ

પાટણમાં વાહન ચોરીના બનાવો જારી રહેવા પામ્યા છે. ત્યારે પાટણ-સિધ્ધપુર ચાર રસ્તા નજીક મોહિતભાઈ પિયુષભાઈ પ્રજાપતિએ પોતાનું જીજે ૨૪ એસી ૦૩૫૮ નંબરનું બાઈક (કિં.રૂ.૩૦૦૦૦) કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ ગયા હતા. જ્યારે ઠાકોર પ્રહલાદજી (રહે.મુડાણા તા.સિધ્ધપુર) એ સાગોડીયા ખાતે પોતાનું બાઈક જીજે ૧૮ એ.કે. ૫૭૦૫ (કિંમત રૂ.૩૦૦૦૦) મુક્યુ હતું જે કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. આ અગાઉ પાટણના સીટી પોઈન્ટ ના ભોંયરામાંથી એક બાઈકની ઉઠાંતરી થઈ હતી. આમ વાહન ચોરીના બનાવોને રોકી શકાયા નથી.

પાટણમાં વનાગવાડા નજીક રીક્ષા અને ઉંટલારી અથડાતાં ૩ ને ઈજા

પાટણ

પાટણમાં વનાગવાડાથી જુનાગંજ તરફ જવાનાં માર્ગ પર રીક્ષા અને ઉંટલારી અથડાતાં એક મહિલા સહિત ત્રણ જણાને ઈજા થઈ હતી. જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં રાજકાવાડાના રીક્ષા ચાલક રાજુભાઈ ઠાકોર પોતાની રીક્ષા લઈને વનાગવાડાથી જુનાગંજ બજારમાં જતા હતા ત્યારે સામેથી બેફામ રીતે સંખારીના લક્ષ્મણજી ઠાકોર ઉંટલારી હંકારીને આવતા હતા ત્યારે ઉંટલારી રીક્ષાને અથડાઈ પડતાં ઉંટલારીમાં બેસેલાઓમાંથી એક મહિલા અને બે ઈસમો નીચે રોડ પર પટકાતાં સમાન્ય ઈજાઓ થઈ હતી.અત્રે નોંધવું ઘટે કે વનાગવાડાથી જુનાગંજના વળાંકવાળા માર્ગ પર આંતરે દિવસે અકસ્માતનો બનાવ બને છે. ગત અઠવાડીયે પણ બે રીક્ષા અથડાતાં ત્રણ જણાને ઈજા પહોંચી હતી.

સાંતલપુરના વૌવા ગામે મહિલા પર હુમલો કરાતાં ફરિયાદ

પાટણ

સાંતલપુરના તાલુકાના વૌવા ગામે રહેતા શાનુબેન પાતાભાઈ આયર તેમના સહયોગી સાથે ઘર આગળ ઉભા હતા તે દરમ્યાન ગામના વિરમભાઈ આયર ત્યાંથી પસાર થયા અને શાનુબેન આયરને જોઈને કહેવા લાગેલ કે અગાઉ તમારા ઉપર અમોએ ફરિયાદ આપેલી છે અને ફરીથી અમો ફરિયાદ-આપીશું તેમ કહી ઉશ્કેરાઈ જઈને અપશબ્દો બોલી લાકડી લઈ આવી મહિલા તથા તેણીના સહયોગીઓ પર હુમલો કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા શાનુબેન આયરે સાંતલપુર પોલીસ મથકે વિરમભાઈ જહાભાઈ આયર તથા રામાભાઈ જહાભાઈ આયર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

વિવિધ બજાર ભાવ

	ડીસા	બાજરી	૨૩૯-૨૬૦
એરંડા	૭૬૦-૭૭૦	સુવા	૮૨૦-૮૫૫
રાયડો	૬૫૦-૭૦૫		**સિધ્ધપુર**
ઘઉં	૩૧૧-૪૩૨	જીરૂ	૨૫૫૦-૨૬૮૫
બારી	૨૫૫-૨૮૦	વરીયાળી	૯૦૦-૧૩૨૦
રાજગરો	૯૦૧-૯૮૦	ઈસ.	૯૯૪-૧૨૨૧
જીરૂ	૨૪૫૦-૨૭૨૦	રાયડો	૬૨૫-૭૫૫
વરીયાળી	૧૧૦૦	એરંડા	૭૩૧-૭૭૫
ઈસ.	૧૨૦૦-૧૨૧૬	ગવાર	૭૧૦-૭૧૫
સુવા	૭૭૦-૮૧૫	ઘઉં	૨૮૫-૪૫૫
તમાકુ	૯૫૧-૧૪૫૧	બાજરી	૨૦૨-૨૬૮
	લાખણી	જુવાર	૨૮૫
એરંડા	૭૫૫-૭૭૨	સવા	૬૪૦-૮૯૦
રાયડો	૬૭૦-૭૦૨	કપાસ	૭૦૦-૧૦૪૧
વરીયાળી	૧૦૧૧-૧૩૬૬		**પાટણ**
ઈસ.	૧૧૦૦-૧૩૦૦	જીરૂ	૨૪૦૦-૨૮૯૬
સુવા	૮૩૭	વરીયાળી	૯૧૦-૧૪૪૦
રજ.બા.	૪૦૦	મેથી	૪૫૨-૬૬૦
અજમો	૧૧૦૦-૧૪૫૦	સુવા	૬૫૦-૯૦૧
રાજગરો	૮૧૫	રાયડો	૬૫૦-૭૨૭
ચીકુડી	૧૨૨૧	એરંડા	૭૩૦-૭૬૯
	પાલનપુર	ઈસ.	૧૦૯૨-૧૩૯૬
ઘઉં	૨૯૧-૪૪૯	અજમો	૭૧૧-૧૨૫૬
બાજરી	૨૨૫-૨૫૫	ઘઉં	૩૦૦-૪૦૦
ચણા	૬૩૫ -૬૪૬	જુવાર	૫૫૫-૫૬૧
એરંડા	૭૬૦-૭૭૫	બાજરી	૨૨૫-૨૬૫
રાયડો	૬૮૩-૬૯૮	બંટી	૩૫૭
વરીયાળી	૯૦૦-૨૪૧૦	ગવાર	૬૮૯-૬૯૪
રાજગરો	૮૦૦-૧૦૧૨	કપાસ	૬૫૦-૧૧૨૫
	ધાનેરા		**પાંથાવાડા**
ઘઉં	૨૯૫-૩૪૦	ઘઉં	૨૮૧- ૩૮૪
બાજરી	૨૪૯-૨૮૫	બાજરી	૨૫૧- ૨૫૧
ગવાર	૭૦૮-૭૩૪	રાજગરો	૯૧૫- ૯૬૫
રાયડો	૬૬૦-૭૧૦	ઈ.ગુલ	૧૦૬૪-૧૨૫૦
એરંડા	૭૬૦-૭૭૧	જીરુ	૨૭૫૭-૨૮૧૧
ઈસ.	૧૦૧૧-૧૪૩૧	એરંડા	૭૫૨- ૭૬૨
જીરૂ	૨૬૭૦-૨૮૨૫	રાયડો	૬૯૦-૭૧૧
સુવા	૭૯૧-૮૮૯		**થરાદ**
વરીયાળી	૧૦૦૧-૧૨૧૩	રાયડો	૬૯૦-૭૧૫
રાજગરો	૮૮૧-૯૫૧	જીરુ	૨૩૦૦-૩૦૧૦
અન્ય	૧૪૧૫-૧૪૮૦	સોવા	૭૦૦-૮૬૦
	ભીલડી	ચિકુડી	૧૩૦૦-૧૫૦૦
એરંડા	૭૫૫-૭૬૬	એરંડા	૭૫૫-૭૭૦
રાયડો	૬૫૦-૬૯૧	ગવાર	૬૮૦-૭૨૦
રાજગરો	૮૮૧-૯૭૦	ઈસબગુલ	૧૨૫૦-૧૬૦૦
બાજરી	૨૪૬-૨૫૫	વરીયાળી	૧૦૭૨-૧૨૬૧
ઘઉં	૨૮૯-૩૪૨	અજમો	૧૨૦૦-૨૦૦૦
ઈસ.	૧૦૧૧	મેથી	૫૦૦-૧૪૬૬
જીરૂ	૨૩૯૪-૨૬૦૦		**રાહ**
તમાકુ	૯૦૦-૧૩૩૦	રાયડો	૬૮૫-૭૦૦
	થરા		
જીરૂ	૨૪૮૦-૩૧૦૦	એરંડા	૭૬૦-૭૭૦
એરંડા	૭૫૮-૭૮૨	ચીકુડી	૧૧૫૦-૧૩૬૦
રાયડો	૬૮૦-૭૦૦	સોવા	૮૦૦-૮૪૦
ઘઉં	૩૨૭-૪૦૫		

ફતેપુરા ગામે ઠાકોર સમાજના ૧૨ નવદંપતીએ પ્રભુતાનાં પગલા પાડ્યાં

પાટણ

પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકાના ફતેપુરા ગામે વઢિયાર ક્ષત્રિય ઠાકોર સમાજ ૪૩ ગોળનો ૧૫ મો સમૂલગ્ન મહોત્સવમાં ૧૨ નવ દંપતીઓને શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આર્શીવાદ આપ્યા હતા.

શંખેશ્વર તાલુકાના ફતેપુરા ગામે ઠાકોર સમાજ દ્વારા ૧૨ નવદંપતીઓને એકજ માંડવે સમૂહલગ્ન પ્રસંગ યોજવામાં આવ્યો હતો અને પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.

મંત્રીએ જણાવ્યું હતુ કે, વર્ષોથી પાટણ જિલ્લામાં ઠાકોર સમાજના સમુહ લગ્નની પરંપરા જારી રહી છે. સમાજના ગરીબ લોકો માટે સમુહલગ્નો આર્શીવાદ સમાન છે. ખોટા ખર્ચ અટકે છે. સમાજને નવી દિશા મળે છે. સમાજ એક સંગઠીત બની વધુમાં વધુ લોકો સમુહ લગ્નો યોજે તે સમયની માંગ છે. વિવિધ સરકારી યોજનાઓ લાભ લેવા મંત્રીએ જણાવ્યું હતું.

કડી કેનાલમાં કાર ધોવા ગયેલા યુવાનનો પગ લપસી જતાં મોત

મહેસાણા

કડી કેનાલમાં પાંચ જંકશન પાસે કાર ધોવા ગયેલા યુવાનનો પગ લપસી જતાં કેનાલમાં ગરકાવ થવા લાગ્યો હતો અને આખરે પાણીમાં ડૂબી જવાથી તેનું મોત થયું હતું. આ ઘટનાને પગલે લોકો દોડી આવ્યા હતા. કડીના કરણનગર પાસે નર્મદા કેનાલના પાંચ જંકશન પાસે કેનાલના બે ફાટા પડે છે. એક સૌરાષ્ટ્ર અને બીજો કચ્છ રાજસ્થાન તરફ જતી કેનાલ પર પાંચ જંકશનથી થોડે દૂર કેનાલમાં કોઈ કામ અર્થે પહોળો રોડ બનાવેલ છે, તે રોડ પર કડીના જગત-દર્શન સોસાયટીમાં રહેતા સિધ્ધરાજ સોમાભાઈ રબારી (ઉ.વ.૨૨) ગત બુધવારે સાંજે ગાડી ધોવા માટે ગયો હતો, તે ગાડીને ધોઈ ને હાથ પગ ધોવા માટે ગયેલ અને પગ લપસી જતાં તે કેનાલમાં ડૂબી ગયો હતો બાદમાં આસપાસના લોકોને જાણ થતાં લોકો દોડી આવ્યા હતા. બાદમાં સ્થાનિક તરવૈયાઓની મદદથી તેની લાશ બહાર કાઢવામાં આવી હતી. યુવાનના પરિવારના સભ્યો પણ દોડી આવ્યા હતા બાદમાં પોલીસે જરૂરી કાગળો કરી લાશને પીએમ માટે મોકલી આપી. આ ઘટનાથી પરિવારમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

સુજનીપુરમાં ઠાકોર સમાજના સમૂહલગ્નમાં ૧૪૪ નવયુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા

પાટણ

પાટણ નજીક શિહોરી હાઈવે પર આવેલ સદારામ જીનિંગ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ સુજનીપુર ખાતે ઠાકોર સમાજના સમુહ લગ્ન પ્રસંગે સિદ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોરના પુત્ર સહિત ૧૪૪ નવદંપતીઓએ દાંપત્ય જીવનમાં પગરણ કર્યા હતા. આ પ્રસંગે ટોટાણા નિવાસી ધર્મગુરુ સંત સદારામ બાપાએ નવદંપતિઓને આશીર્વાદ પાઠવ્યાં હતા. ૧૨મા સમૂહ લગ્નનું આયોજન સમાજના પ્રમુખ અને સિદ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોર અને તેમની ટીમ દ્વારા કરાયું હતું.

આ પ્રસંગે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજના પ્રમુખ અને રાધનપુર ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે જણાવ્યું કે સમાજ ૯૦% વ્યસન મુક્ત બન્યો છે. ઠાકોર સમાજના નામે સદારામ યુનિવર્સિટી બાંધવામાં આવશે અને કન્યા છાત્રાલય જ્યાં સુધી ચાલુ નહીં થાય ત્યાં સુધી સ્ટેજ પર સાફો અને હાર નહિ પહેરીએ તેવું વચન આપ્યું હતું. સરકારે ઠાકોર સમાજ માટે ૧૦,૦૦૦ કરોડનું પેકેજ જાહેર કરવું જોઈએ. વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર જણાવ્યું કે સમાજમાં નડતા હોય તેમનું પહેલું સન્માન કરવું જોઈએ જેથી તેઓ કોઈને નડે નહીં. સમાજના પ્રમુખ તેમજ ધારાસભ્ય ચંદનજી ઠાકોરે જણાવ્યું કે ગયા વર્ષે સંત સદારામ બાપુના હસ્તે ખાતમુહૂર્ત કરેલું છે ત્યાં ૧૧મી તારીખે પાયાનું મુહૂર્ત કરીશું. આ પ્રસંગે પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર, પાટણ ધારાસભ્ય કિરીટ પટેલ, કોપોરેટર લાલેશ ઠક્કર ભરત ભાટીયા પાટણ જિલ્લા પંચાયત પ્રમુખ પસીબેન ઠાકોર, જિલ્લાના કારોબારી અધ્યક્ષ મોંઘજીજી ઠાકોર, સરસ્વતી તાલુકા પ્રમુખ વદનજી ઠાકોર, નિવૃત્ત ડીવાયએસપી ઉમેદજી ઠાકોર, મંત્રી હેમચંદજી ઠાકોર, મંત્રી વાલજી જી ઠાકોર હાજર રહ્યા હતા.ધારાસભ્ય ચંદનજી ઠાકોરે સમુહ લગ્નને સફળ બનાવવા દિવસ રાત એક કરેલ તેમણે પોતાનો એકનો એક પુત્ર સમૂહ લગ્નમાં પરણાવ્યો તેમના મતે સમુહ લગ્નથી ઓછા ખર્ચે દિકરીઓના લગ્ન થાય છે.

યાત્રાધામ બહુચરાજીમાં બુધ્ધ પૂર્ણિમા નિમિત્તે મેળો ભરાયો

ચાણસ્મા

મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બહુચરાજીમાં ગતરોજ બુધ્ધ પૂર્ણિમા નિમિત્તે મોટો મેળો ભરાયો હતો.જેમાં વહેલી સવારથી જ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ મા બહુચરના દર્શને ઉમટી પડ્યા હતા. દિવસભર માઈ મંદિર માના ભક્તોની આવન જાવન અને જય જય કારથી ગુંજતું રહ્યું હતું.

ભારત વર્ષના એકાવન શક્તિપીઠો પૈકીના એક બહુચરાજી ધામમાં આજે બુધ્ધ પૂર્ણિમાં પુનમ નિમિત્તે ઉત્તર ગુજરાત સહિત રાજ્યભરમાંથી હજારો શ્રધ્ધાળુઓ પગપાળા, વાહનોમાં ઉમટી પડ્યા હતા અને માના દર્શન કરવા લાંબી લાઈનોમાં ઉભા રહી મા બહુચરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. અનેક માઈ ભક્તોએ માના મંદિરે ધજા અર્પણ કરી હતી. સવારથી જ સાંજ સુધી ભક્તોની અવર જવર ચાલુ રહી હતી. અને માઈ મંદિર બોલ માડી બહુચર, જય જય બહુચરના જયઘોષથી ગુંજતું રહ્યું હતું. જ્યારે રાત્રે મા બહુચરની પરંપરાગત શોભાયાત્રા નીકળી હતી. શોભાયાત્રા પ્રસ્થાન થઈ ત્યારે ગાયકવાડી રાજ્યાસનથી ચાલી આવતી પરંપરા મુજબે ગાર્ડ ઓફ ઓનરની સલામી આપવામાં આવી હતી. માતાજીની શોભાયાત્રા નગરની પરિક્રમા કરી નીજ મંદિરે પરત આવી હતી.

જયરે બહુચરાજીથી ૨ કિ.મી દુર આવેલા મા બહુચરના આદ્યસ્થાનક શંખલપુર ગામે ટોડા બહુચરા માતાજીના મંદિરે પણ દર્શન માટે ભારે ભીડ જામી હતી. પૂનમ નિમિત્તે માતાજીને ફુલોનો નયનરમ્ય શણગાર કરાયો હતો. અને ટોડા માતાજી ટ્રસ્ટ દ્વારા દર્શને આવતા માઈભક્તો માટે ભોજન પ્રસાદ પિરસાયો હતો. મંદિર સંકુલમાં વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યુ હતું.

પાટણ નગરપાલિકા દ્વારા શનિ, રવિવારે પણ વેરા કામગીરી ચાલુ રહી

પાટણ

પાટણ પાલિકા દ્વારા એપ્રિલ માસમાં એડવાન્સ વેરા સ્વીકારવાની કામગીરી શનિ -રવિવારની રજાના દિવસે પણ પાલિકાની વેરા શાખા દ્વારા બપોર સુધી એડવાન્સ વેરો સ્વીકારવાની કામગીરી ચાલુ રાખેલ એડવાન્સ વેરા સ્વીકારવાની કામગીરી દરમ્યાન શનિવારે રૂપિયા ૧૪.૬૨ લાખ અને રવિવારે રૂપિયા ૮.૫૨ લાખની રકમ જમા મળી છે. સોમવારે એડવાન્સ વેરા સ્વીકારવાનો આખરી દિવસ હોઈ ત્યારબાદ વેરો ભરપાઈ કરનાર મિલ્કત ધારક પાસેથી મિલ્કત વેરામાં ૧૦ ટકા વધારો વસુલાશે. અત્યાર સુધીમાં કુલ ૨ કરોડ ઉપરની આવક પાલિકા વેરા શાખાને થઈ છે.

લગ્નમાં આવેલા પાંચ વર્ષિય બાળકના કાનમાં મણકો ઘૂસી ગયો

મહેસાણા

વાવથી મહેસાણાં લગ્નમાં આવેલા પરિવારનો ૫ વર્ષના આયુશે રમત-રમતમા કાનમાં મણકો નાખી દેતાં સિવિલમાં લઈ જવાયો હતો.કલાકોની સારવાર છતા મણકો ન નીકળતાં કાનના તબીબને બોલાવી સારવાર હાથ ધરાઈ હતી. વાવ ખાતે રહેતા વિરાભાઈ સેનમા ગુરૂવારે સવારે પરિવાર સાથે જ્ઞાતિના સમૂહ લગ્નમાં આવ્યા હતા.લગ્નના માહોલમા પરિવાર સગા-સંબધીઓ સાથે વાતોમાં હતા અને નજીકમાં અન્ય બાળ મિત્રો સાથે તેમનો ૫ વર્ષનો પુત્ર આયુશ રમી રહ્યો હતો. કેટલાક સમય બાદ એકાએક રડતો પિતા પાસે પહોંચેલા આયુશે રમત-રમતમાં હાથમા રહેલો મણકો કાનમાં નાખી દીધાનું કહેતાં જ તેને તરત સારવાર માટે મહેસાણા સિવિલમાં લઇ જવાયો હતો.અહી ડૉ સેતલવાડ અને સ્ટાફ નર્સે જમણા કાનમાં બહારની તરફ દેખાતો મણકો ચિપિયાથી કાઢવા પ્રયાસ કર્યો હતો. પરંતુ ૧૦ મિનિટની મથામણ છતા મણકો લિસ્સો હોઈ કાનમાં અંદર સરકી જતાં આયુશને ઓબ્ઝર્વેશનમાં રાખી કાનના તબીબને બોલાવી યોગ્ય સારવાર કરવા તજવીજ કરી હતી.

પાટણના કસાવાડામાં ટાવર નાખવાની કામગીરી અટકાવાતાં યુવક પર હુમલો

પાટણ

પાટણના બુકડી વિસ્તારમાં મસ્જિદની જગ્યામાં મોબાઈલ ટાવરનું કામ ટકાવવાની અદાવત રાખી ૩ શખસોએ એક યુવકને મારપીટ કરાયાની શહેર એ ડિવિઝન પોલીસ મથકે પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે. કસાવાડા નજીક મસ્જિદની જગ્યામાં મોબાઈલ ટાવર ઉભો કરવાની કામગીરી અંગે બે દિવસ અગાઉ નિવાસી કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું. તેમજ ધારાસભ્યને રજુઆત કરાઈ હતી. જેમાં

પાલિકાની બાંધકામની રજા ચિઠ્ઠી વગર શરૂ કરાયેલ કામગીરી ચીફ ઓફિસર દ્વારા અટકાવી દેવાઈ જેના પગલે મોબાઈલ ટાવર માટે જગ્યા આપનાર ચૌહાણ માજિદખાન સિકંદર ખાન સહિત બે શખસોએ નીલમ સિનેમા વિસ્તારમાં સિટીઝન ડેરી પાસે ઊભેલા કસાવાડાનાં તનવીર ઈસુંબભાઈ ભઠીયાર સાથે બોલાચાલી કરી ગાડીમાંથી બેઝ બોલનાં ધોકા અને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવને લઈ તનવીર દ્વારા મહોલ્લાની મહિલાઓ અને અન્ય લોકોને સાથે રાખી શહેર એ ડિવિઝન પોલીસ મથકે જઈ માજિદખાન તેમજ અન્ય બે શખસો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ જુનાગંજ પોલીસના હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહને સોંપવામાં આવી છે.

સુજલામ-સુફલામ જળ અભિયાનનો શુભારંભ

રૂપેણ નદીના પુનઃજીવિત કરવાના કામોનું ખાતમુહર્ત કાર્યક્રમ હાથ ધરાયો

પાટણ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ રૂા.૪૧૬ લાખના જળ સંચયના કામો હાથ ધરાશે : દિલીપકુમાર ઠાકોર

પાટણ

જીવન સમાન જળ એ પરમાત્માએ માનવજાતને આપેલો મહામુલો પ્રસાદ છે. રાજય સરકારે ૧ લી મે થી ૩૧ મે દરમ્યાન સુજલામ-સુફલામ જળ અભિયાન દ્વારા ગુજરાતના ગામે ગામ જળસંચય માટે ઝુંબેશ હાથ ધરી છે. રાજય સરકારના સુજલામ-સુફલામ જળ અભિયાન અંતર્ગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પાટણ અને જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ, પાટણ આયોજિત રૂપેણ નદી પુર્નઃજીવિત કાર્યક્રમશ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરના સાનિધ્યમાં પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકાના ફતેપુરા ગામ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં પાટણસાંસદસભ્ય લીલીધરભાઇ વાઘેલા, પ્રભારી સચિવ મનિષ ભારદ્વાજ, જિલ્લા કલેકટર આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરૂ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રભારી સચિવ મનિષ ભારદ્વાજે જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા સુજલામ-સુફલામ જળ અભિયાનમાં ભૂમિ અને ભેજ સરંક્ષણ, જળ સંગ્રહ, ગ્રાઉન્ડ વોટર રીચાર્જ, માટીપાળા, ચેકડેમ, તળાવ રીચાર્જ, બોરવેલ, ખેત તલાવડીદ્વારા પાણીના સ્તર ઊંચા લાવી શકાશે અને પાણીનો સંગ્રહ કરી શકાશે. ઉત્તર ગુજરાત માટે જળ સંચયનું ખુબજ મહત્વ રહ્યું છે. જળ સંચયની યોજનાથી નર્મદાના પાણી ઉપર આધાર રાખવો નહી પડે, આવો સાથે મળી જળ સંચયની સદઉપયોગી કામગીરીમાં સહયોગ આપીએ.

આ કાર્યક્રમનું સંચાલન રાજભાઇ દેસાઇ, સંકલન સંકેત જોષી અને દિલીપભાઇ ચૌહાણે કર્યું હતું. આ કાર્યક્રમમાં ઈનચાર્જ એસ.પી. પાર્થરાજ ગોહીલ, ભાજપના પ્રભારીશ્રી મયંકભાઇ નાયક, ભાજપ પ્રમુખ મોહનભાઇ પટેલ, શંકરભાઇ કટારીયા, ચેલાભાઇ વણકર, નંદાજી ઠાકોર, મેહરાજી ઠાકોર, દશરથજી ઠાકોર, વિનયસિંહ ઝાલા, જિલ્લા ડેલીકેટો, તાલુકા ડેલીકેટો, સરપંચશ્રી, મનરેગાના મજુરોઅને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ઉંઝામાં કરોડોનો ખર્ચે નવા બનતા રેલવે સ્ટેશનનું ૫૦ ટકા કામ બાકી

ઉંઝા

ઉંઝામાં કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થઈ રહેલા નવા રેલવે સ્ટેશનનું કામકાજ ધીમી ગતિએ આગળ ધપી રહ્યું છે. વડાપ્રધાનના વતનના ખત વિસ્તારમાં આવેલ ઉંઝા રેલવે સ્ટેશનને સંસદે મોડેલ રેલવે સ્ટેશન તરીકે ઘોષિત કર્યુ છતાં હાલ બની રહેલા આ રેલવે સ્ટેશનનું સ્ટ્રકચર જોતાં મોડેલ સ્ટેશનનું એકપણ ચિન્હ નજરે પડતું નથી. હજી ૫૦ ટકા કામકાજ બાકી હોવાનો અંદાજ છે. આજે ભારતમાં કૃષિ વેપાર ક્ષેત્રે ઉંઝા અગ્રેસર વેપારી મથક ઉપરાંત પાટીદારના કુળદેવી ઉમિયા માતાજીનું મંદિર તેમજ મુસ્લિમ સમાજની આસ્થાનું કેન્દ્ર ઉનાવાનું મીરાં દાતાર દરગાહના કારણે હજારો શ્રધ્ધાળુઓ તથા વેપારીઓની આવન-જાવન ઉંઝા ખાતે ચાલુ હોવા છતાં ઉંઝાને રેલવે સ્ટેશનથી માંડીને ટ્રેનોની સગવડતામાં ભારે અન્યાય થઈ રહ્યો છે અમદાવાદથી લઈ આબુ રોડ સુધી તમામ સ્ટેશનોને યથાવત રાખવામાં આવ્યાં છે ત્યારે એકમાત્ર ઉંઝા રેલવે સ્ટેશનને નગરથી બહાર ખસેડવામાં આવ્યું છે. આ બાબતે અનેકવાર રજુઆતો છતાં પરિણામ શૂન્ય રહ્યું છે ઉંઝા સ્ટેશને મહત્વની ટ્રેનોના સ્ટોવેજ બાબતે અનેકવાર રેલવે જનરલ મેનેજરથી માંડીને મંત્રી સુધી ધારદાર રજુઆતો કરવા છતાં ઉંઝાને અન્યાય થઈ રહ્યો છે. હાલમાં ગોકળ ગામની ગતિએ ચાલી રહેલા નવા રેલવે સ્ટેશનનું કામ જોતાં હજુ ઘણું કામ બાકી છે. બુકીંગ ઓફિસ સ્ટેશનની છેવાડે બનાવી છે હજુ ઓવરહેડ પાણીની ટાંકી બનાવી નથી.

પાટણમા ટાંકવાડા નજીક બાઈક સ્લીપ થઈ જતાં બે જણાને ઈજા

પાટણ

પાટણમાં ટાંકવાડા ત્રણ રસ્તેથી ગોલવાડ તરફ જવાનો માર્ગ ઢાળ પડતો હોવાથી આંતરે દિવસે અકસ્માતના બનાવો બને છે. સદર રોડ પુનઃ પેવર બનાવવા પાલિકામાં અનેકવાર રજુઆતો થઈ હોવા છતાં આજદિન સુધી કોઈપણ જાતની કાર્યવાહી કરી ન હતી. ત્યારે ગત રવિવારે સાંજે લાલ દરવાજા પાસે રહેતા પ્રવિણભાઈ નાયી પોતાનું બાઈક લઈને નિકળેલ ત્યારે રસ્તામાં ગાય આડી આવતાં બાઈક એક મકાનની દિવાલને અથડાઈ પડતા બાઈક ચાલક અને તેની પાછળ બેસેલા અન્ય એક યુવાનને સામાન્ય ઈજા પહોંચી હતી. અત્રે નોંધવું ઘટે કે આ વિસ્તારના કોર્પોરેટર અનેક વખત અહીંથી નીકળે છે અને રોડની મુશ્કેલીથી વાકેફ હોવા છતાં નિષ્ક્રિય હોવાનું લોકો માની રહ્યા છે.